યૌવનબાળા.

એક રસભરી અત્યુત્તમ

નૉવેલ.

રચી પ્રસીદ્ધ કર્ત્તા,

દલાલ જેઠાલાલ વાડીલાલ.

ઠે. સારંગપુર તળીઆની પોળ.

અમદાવાદ.

આ દીબાચો "ધર્મવિજય પ્રેસ" માં

ચીમનલાલ હીરાલાલે છાપ્યો.

ઠે. રીચીરોડ—અમદાવાદ.

સંવત ૧૯૭૨ — પ્રત ૧૦૦૦

કીમત રૂ. ૦–૮–૦

યવનબાળા.

ઉર્ફે

લાલબા.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

દલાલ જેઠાલાલ વાડીલાલ

બુકસેલર એન્ડ પબ્લીશર્સ.

સારંગપુર તળીયાની પોળ—અમદાવાદ.

" પ્રજાહિતાર્થ મુદ્રાલય " પ્રેસમાં

પટેલ. દલપતરામ મગનદાસે છાપ્યું.

ઠે. શાહપુર નવીપોળ અમદાવાદ.

આવૃત્તિ ૧ લી   સન ૧૯૧૧   પ્રત ૧૦૦૦

કિંમત ૦—૬—૦



પ્રસ્તાવના.

એક રાજપુત બાળાપર કર્મ સંયોગે પડેલા અનહદ દુઃખનો તાદસ્ય ચિતાર, મોગલ શહેનશાહ અકબરના સામ્રાજ્યમાં પણ હિન્દુઓને બળાત્કારે પઠાણો યવન કરતા, પ્રેમાશકત લુબ્ધ થયેલી રાજપુતબાળા યવન થયા છતાં જ્યારે પોતાના વિવાહીત પતિને સુભાગ્યે ઓળખ્યો ત્યારે અતિ જાહોજલાલી અને મૌજ ચેન છોડી અસહ્ય સંકટ વેઠી પતિ પદ મેળવવા તત્પર થઇ, મહેર ઉન્નિસા ઉરફે નુરજહાંના ૩૫ યૌવનથી શાહ શલીમ પ્રેમ ઘેલો થઇ જઇ પોતાના મુરબ્બી પિતા શાહ અકબરના સ્વર્ગવાસ પછી શીર અફ્ઘાન સુબાને મારી પોતે પરણ્યો, અને તેના પ્રેમમાં લુબ્ધ થઈ રાજ્ય લગામ તેના હસ્તમાં આપી તેની ઇચ્છાનુસાર ફરમાન ચલાવ્યા, પતિ પ્રસાદ મેળવેલી લુત્ફ ફરી શાહ જહાંગીરને મળી નહી, એ તેનો દ્દઢ નિશ્ચય કેવો જાળવી શકી, કાચા કાનનો અભય પોતાની વિવાહીત દ્વિતીય પત્ની યવનબાળાપર વહેમમાં ભરાઇ તેનું શીરચ્છેદન કરવા નીકળેલો, દૈવ યોગે રેતીની ભેખડ તુટી પડવાથી મચ્છુનો મચ્છ ગળી ગયો; ભાવી બળવાન હોવાથી યવનબાળા ઉગરી અને એક ધનાઢય રજપુતને ત્યાં ઉછરી; અચાનક દ્દષ્ટિ પડતાંજ અભયસિંહ ચમકયો; અને શ્રી અંબાજી માતાના માન સરોવર પાસે આનંદદાયક મેળાપ થયો અને સુખી છેવટ આવ્યું.

પ્રસિદ્ધ કર્ત્તા

અનુક્રમણિકા.

યવનબાળા

ઉરફે

લાલબા.

પ્રકરણ ૧ લું

અરબ્બી સમુદ્રમાં એક વહાણ.

સંવત્સર ૧૬૫૫ ના જ્યેષ્ટ માસની કૃષ્ણપક્ષની એક ઘોર અંધારી રાત્રે એક વહાણ મુંબાપુરીથી માલ ભરીને સુર્યપુર તરફ જતું હતું, તે વહાણમાં માલ સાથે કેટલાક ઉતારૂઓ હતા. જેઓને પણ ત્યાંજ જવાનું હતું. તેઓ નૌકાધિપતીને અમુક ભાડુ આપીને તેના વહાણમાં બેઠા હતા. વહાણનો વિમો એક પ્રખ્યાત આબરૂદાર અંગ્રેજી કંપનીમાં ઉતરાવ્યો હતો. જો કે તે વખતે વીમો ઉતરાવવાનું લોકો સમજતા નહોતા તોપણ કોઇ ધનાઢ્ય વ્યાપારી પોતાના વહાણનો દરીઆઈ વીમો ઉતરાવતા હતા.

મુંબાપુરી છોડયા પછી થોડાક દીવસ વહાણ સુખરૂપ પવનનું ફુલે ચાલ્યું, પણ એક રાતે અરબી સમુદ્રમાં તોફાન થયું; અને ખલાસીઓ હોકાયંત્ર છતાં અંધકારમય રાતને લીધે રસ્તો ભુલ્યા, અને વહાણ સુર્યપુરનો માર્ગ છોડી ભ્રગુપુર તરફ નીકળી ગયું, છતાં ખલાસીઓ સમજી શક્યા નહી કે વહાણ કઇ દિશામાં જાયછે

પેલા ઉતારૂઓ વહાણના ભંડારમાં સુતા હતા, જેમાંથી એક વૃદ્ધ વીજભુખણુ નામનો વણિક તથા એક યુવાન રાજપુત જાગતા હતા અને સમાગમને લીધે શાંત રીતે પડ્યા પડ્યા વાતો ગપ્પા મારતા હતા.

" કેમ ભાઇઓ ? આજે આપણે ક્યાં સુધી પોહોંચીશું ! " વૃદ્ધ વણિકે આતુરતાથી એક ખલાસીને પુછ્યું.

તેના ઉતરમાં ખલાસીઓએ ગલાં ટલાં મારીને કહ્યું કે કાંઇ નક્કી કહી શકાય નહી આથી વૃદ્ધ વણિકે ગુસ્સે થઇને ખલાસીને ઠપકા રૂપે કાંઇક કહ્યું, ત્યારે પેલો યુવાન રજપુત બોલ્યો, " ભાઇ સાહેબ ! એતો પરમેશ્વરની ગતી છે. વાના ઘોડા છે. વા સાનુકુળ હોય તો સહેજ ઘણે દુર જઇ શકીએ, અને પવન સાનુકુળ ના હોય અને તોફાની હોય તો ગમે તેવા વિદ્વાન હોય તે પણ તેની ગતી કહી શકેજ નહી, તો આ બિચારા ખારવાઓ શું કહી શકે !'

" ભાઇ, એ વાતતો ખરી, પણ આ ખારવાઓ માંહોમાંહે કાંઇક ગુસપુસ કરે છે, તેથી મને ધાસ્તી લાગે છે કે કદાચ કાંઇ અકસ્માત બને ! " વૃદ્ધ વણિકે અધીરાઇથી યુવાનને કહ્યું.

આ વખતે વહાણનો નાખુદા બીજા એક ખારવાને ધાસ્તીથી કહેતોજ હતો કે આપણે કયા અગમ્ય સ્થલે છીએ તે કાંઇ જણાતું નથી; તોફાનને લીધે રસ્તો ભુલ્યા છીએ, અંધકારને લીધે દીશા જણાતી નથી, હોકાયંત્ર બગડી ગયો છે અને આપણે કદાચ જો એવા અરણ્યમાં ચઢી જઇશું તો હિંસક પ્રાણીઓ ફાડી ખાશે અને નિશાચરો કે લુંટારા આપણો માલ લુંટી જશે.

નાખુદાનું બોલવું ગભરાટનું હતું. તેથી ડોસાએ ધાર્યું કે કાંઇક વિપત્તિમાં છીએ, અને તેને ઘણીજ ધાસ્તી લાગી. અને પરમેશ્વરનું નામ દઇને ધરૂજતાં ધરૂજતાં નાખુદાને પુછ્યું. " ભાઇ શું છે ? " પણ નાખુદાએ કે ખારવાએ કાંઇ જવાબ દીધો નહીં. એટલે વણીક ભાઇનું પોતીઉં નીકળી જવા લાગ્યું, અને કળવિકળ થવા લાગી. જેથી યુવાન રાજપુતે તેને ધીરજ આપી.

પોતીઉં નીકળે, કાછડી પણ નીકળે એમાં હસવા જેવું નથી. વણીકભાઇ તો શું ? પણ ગમે તેવો જવામરદ, શુરવીર હોય તેને

પણ ખાસ્તી લાગે. કારણ જો કદી વહાણ ખરાબાપર ચઢે તો વહાણના ટુકડે ટુકડા થઇ જાય, અને પ્રાણ નાશ થાય. એટલે સમુદ્રના જીવ જંતુઓ, મગરમચ્છ તેને ખાઇ જાય, અને પોતાની સ્વભુમી, કે સુર્યપુરની તાપી નદીનો આગો પામે નહી ? જો કદાચિત પોતે બચે તો નિરજન્ય અરણ્યમાં હિંસક પ્રાણીઓ ખાઇ જાય, અને ત્યારે પણ તે સ્વભુમી પામી શકે નહી, કદાચ નિરજન્ય અરણ્યમાં લુંટારા લુટી લે તો, તો પોતાની કેડના સર્વ ઘરેણાં જન્મભર મજુરી વૈતરાં કરીને મેળવેલી મુડી લુંટારા લઇ લે, એટલે મજુરીથી પૈસા પેદા થાય નહી. પૈસા જતા રહે એટલે બીન પૈસે વ્યાપાર પણ ના થાય, અને કોઇ ઉધાર આપે નહી. અને તેથી ટાંટીઆ ઘસવા પડે, અને ભુખમરાથી મરવું પડે આવા વિચારોથી તે વણીક દિગમુઢ બની ગયો.

ખારવાએ કાંઇ જવાબ આપ્યો નહી. એટલે યુવાન રાજપુત ભંડારામાંથી નીકળી તુટકપર આવ્યો, અને જોયું તો મળસકુ થવા આવ્યું છે એમ લાગ્યું વહાણ કઇ દીશાએ જાય છે, તે તો સમજી શક્યો નહી; પણ વહાણું વાતા સુર્યના કિરણથી જણાશે કે આસપાસ અગર દુર કાંઇ જમીન છે કે નહિ, એટલો દીલાસો મળ્યો.

આકાશમાં ધુમસ વરસતો હતો. પવન જોરથી ફુંકાતો હતો. અરબી સમુદ્રના પાણીના મોજા વહાણ સુધી અને કદી કદી તેથી પણ ઉંચે સુધી ઉછળતાં હતાં; ચંદ્ર નક્ષત્ર કે કિનારો કાંઇ જણાતું નહોતું, અને ખારવાઓ દીશાના ભુલાવામાં પડ્યા છે, એટલું તે અનુમાન કરી શક્યો, અને પાછો ફરીને ભંડારમાં જઇને વૃદ્ધ વણીકને સવિસ્તર હકીકત કહી એટલે તે બીજા, તે ઉતારૂઓ હતા પણ, જાગી ઉઠયા. અને મોટો ગભરાટ થઇ પડ્યો,

સ્ત્રી ઉતારૂઓ તો ચીસો પાડવા લાગી, તેઓ ઉપર જોવાને આવવા માગતી હતી, એટલામાં નાખુદાએ આવીને કહ્યુ કે " જો તમે સ્થિર બેસી રહેશો નહીં, અને હાલમડોલા કર્યા કરશો તો કદાચ આ પાણીનાં મોજા ઉંચા ઉછળતા હોવાને લીધે અને એક પાસે વજન વધારે આવશે તો વહાણ ડુબી જશે, અને વણમાગ્યું મોત આવશે. હજુતો બચવાની ઘણીજ આશા છે. "

યુવાન રાજપુતે સર્વને ધીરજ આપીને કહ્યું, "તમે ગભરાશો નહી " શાંત બેશી રહો; મળસકુ થવા આવ્યું છે. અને સુર્યોદય થતાંજ કાંઇ કીનારો જણાશે એટલે કિનારાપર ઉતરી પડી આપણે ખાઇપીને તપાશ કરીશું કે આપણે કયા મુલકમાં છીએ. એટલીવારમાં વહાણુ કાંઇ ડુબવાનું નથી. માટે ધીરજ રાખો. "

ખારવાઓએ તો તેની વાત કબુલ રાખી, પણ પેલા વૃદ્ધ વણીક અને સ્ત્રી ઉતારૂઓ તો ગભરાવા લાગ્યા.

એટલામાં દૈવયોગે એક મોજું એવું આવ્યું કે તેનાથી પાણીની છાલક તે ઉતારૂઓપર પડી, અને અર્ધ ભીંજાઇ ગયા, એટલે પાછી કોલાહલ થઇ રહી. કોઇ સ્વામીનારાયણ, કોઇ શ્રી હરી, કોઇ શ્રી રામ, કોઈ મહાદેવ, કોઇ અંબાજી, કોઇ ગણપતિ, જેને જેમ ફાવ્યું તેમ દેવોના નામ દેવા લાગ્યા, અને બાધા આખડીઓ માનતાઓ માનવા લાગ્યા, અને શોરબકોર થઇ રહ્યો, અને કેટલાક તો મોટી પોક મુકી રડવા લાગ્યા.

એટલામાં ખારવાઓએ દરીઆના પાંચ પીરનું નામ દઇને જય બોલાવી એટલે અજ્ઞાન ઉતારૂઓ ગભરાઇને પુછવા લાગ્યા કે શું થયુ ? ખારવાઓએ ધીરજ આપીને જવાબ દીધો કે સુર્યોદય થયો છે ! પેલા સવિતા નારાયણ દેખાય છે ! પેલી ધરતી ! પેલા ઝાડ ! એમ સાનંદાશ્ચર્યથી આંગલીવતી બતાવવા લાગ્યા કે સર્વ ઉતારૂઓ ભયથી બીધેલા તેથી ખરૂં પારખું જોવાને ભંડારમાંથી બહાર તુટકપર આવ્યા, અને જોયું તો કિનારો, સુર્યોદય, ઝાડ દીઠા અને બધા ખુશ થયા.

ખરેજ ! સુર્યનો પ્રકાશ થયો હતો ! અરૂણોદય થઇને ધુમસ તથા વાદળાને વીખેરી નાખ્યા હતા ? સમુદ્રના મોજાઓ શાંત થયા હતા ! દુર કિનારો તથા ઝાડો દેખાતા હતા ! સમુદ્રનું પાણી વહાણુ પાસેનું કાદવવાલુ હતું, પણુ કિનારા પાસેનું પાણી આકાશના ભુરા રંગને લીધે આશમાની રંગનું હતું ! હવે ભય નહોતો. તેઓ ખરેજ અરબી સમુદ્રમાં થઇને નર્મદા નદીના મુખ આગળ આવ્યા હતા. જે કિનારો તેઓએ જોયો તે ભરૂચ જીલ્લાના લખીગામ લુવારાનો આરો હતો, અને તેની આસપાસ જંગલની ઝાડી હતી. તે ઝાડીઓમાં પક્ષીઓ પ્રાતઃક્રીડા કરતા હતા.

પ્રકરણ ૨ જું

લખી ગામનો કીનારો.

લખીગામ ભરૂચ જીલ્લાના વાગરા તાલુકામાં એક પુણ્યક્ષેત્ર તીર્થનું ધામ છે. અત્રે નર્મદા નદીનો અરબી સમુદ્ર સાથે સંગમ સ્થળ છે. નર્મદાના પ્રદક્ષિણા વાસીઓ આ સ્થળે આવીને અતરેથી પાછા પરિક્રમણ કરે છે. એટલે નર્મદાના મુખ આગળની પ્રદક્ષિણા અહીં પુરી થાય છે. સેંકડો સાધુઓ અત્રે અખાડો જમાવે છે. રૂષીઓ આ સ્થળે અસલ તપશ્ચર્યા કરતા હતા. ત્યાંના મહાદેવનું દેહેરૂ સમુદ્રના કહો કે નર્મદાના મુખ આગળના પાણીથી ઓટ વખતે ત્રણ ગાઉ દુર છે, અને ઉચાણ ટેકરા પર છે. આશ્ચર્ય જેવું એ છે કે સમુદ્રની ભરતી વખતે મહાદેવની જળાધારી ભરાય છે, અને ઓટ વખતે પાણી જણાતું નથી. ઘણાકોએ આ શોધ કરવા માંડેલી પણ કાંઈ પત્તોજ નથી. કાંઈ પાણી આવવાનું બાકોરૂં નથી મહેશ્વરની લીલા અગાધ છે.

“ભરતીનો વખત થાય તે દરમ્યાનમાં તમે સૌ સામેના મેદાનમાં જઇ રસોઇ પાણી કરી જમી લઇને પરવારો ભરતી આવશે એટલે આપણે ભ્રગુપુર તરફ હંકારીશું, અને ત્યાંથી પછી સુર્યપુર જઇશુ, અગર પવન સાનુકુળ હશે તો અહીંથીંજ સુર્યપુર તરફ બહારો બહાર જઇશુ.” કિનારો દેખતાંજ ખારવાઓએ કહ્યું.

સર્વે તેમનું કહેવું કબુલ રાખી કીનારે ઉતર્યા. સમુદ્ર સંગમે સ્નાન કરી મહેશ્વરનાં દર્શન કરી રસોઈ પાણીની તજવીજ કરવા લાગ્યા; એટલામાં યાદ આવ્યું કે વહાણમાં સરપણ નથી, માટે પાસેની ઝાડોમાંથી સુકાં લાકડાં ડાળીઓ કોઇ લઈ આવે તો રસોઇ કરી જમી લઇએ. પણ જંગલમાં જવાની હીંમત કોની ચાલે? વૃદ્ધ વણીકને અને બીજા ઉતારૂઓને પણ વાઘ વરૂનો ભય લાગ્યો રખેને એકમાંથી બચીને બીજાના સપાટામાં સપડાઇએ. અપવાસ

કરીશું પણ જંગલમાં લાકડા માટે તો નહી જવાય.

એટલામાં વૃદ્ધ વણીકની નજર પેલા યુવાન રાજપુત તરફ પડી અને તેને કરગરીને બે હાથ જોડીને કાલાવાલા કરવા લાગ્યો. ભાઇ આ સર્વે ભુખે મરે છે; વહાણમાં લાકડાં નથી. આપ પાસેની ઝાડીમાંથી થોડાક કટકા લઇ આવો તો પ્રભુ તમારૂં કલ્યાણ કરશે, આ સર્વની આંતરડી ઠરશે, અને આપની આંતરડી શ્રી હરી ઠારશે બધાની દુવા લો, ભૂખે ટળવળે છે, બચ્ચાં કકળે છે. ”

આ સાંભળી પેલા યુવાનનું હૃદય પીગળ્યું અને તે વૃદ્ધને કહ્યું “ ભાઇ ! આપની કુહાડી આપો, અને એક જણ મારી સાથે ચાલો. ”

કોની હીમત ચાલે કે તે યુવકની સાથે ગાઢ અરણ્યમાં હિંસક પ્રાણી આગળ મરવાને જાય ? કોઇની હીંમત ચાલે નહીં, બધાએ કાંઇ ને કાંઇ બહાના બતાવી ના કહી. ત્યારે તે યુવક એકલોજ કુહાડી લઇને અગમ્ય અરણ્યમાં ચાલ્યો.

સ્થલ લખીગામન નામે ઓલખાતું હતું, પરન્તું મહેશ્વરનુ દહેરૂ અને સમુદ્રના કિનારાથી ગામ તો ઘણુંજ દુર હતું મહેશ્વરનું દહેરૂ અરણ્યમાં કિનારાપર હતું. પ્રદક્ષણા વાસીઓ પ્રદક્ષણા કરતી વખતે ગ્રામ્યમાં જઇ શકતા નથી, જેથી આ સ્થળ પણ કિનારાપર હતું

યુવક કિનારાપર ચઢયો, તો દ્રષ્ટિ મર્યાદામાં કંઇ ગામ ઝાડીને લીધે દેખાયું નહિ. ફકત ઝાડ ઝાંખરથી ઘેરાયલુ તે અરણ્યજ હતું. તેથી તે મોટા સુકા ઝાડની શોધમાં કિનારાથી ઘણે દુર ચાલ્યો ગયો. ઘણે દુરે તેણે એક ઝાડ દીઠું, જ્યાંથી તેણે કેટલાક કટકા કાપ્યા, પણ તે લાકડાં તેનાથી ઉપાડી શી રીતે શકાય ? કારણ કે તે સુખી મા બાપનો યુવક હતો, અને ટાઢ તડકો દીઠો નહોતો, તો આવો લાકડા ઉચકવાનો અભ્યાસ તે કયાંથી હોય ? કદાચ આવીજ ધાસ્તીને લીધે તેણે એક સોબતી પ્રથમ માગ્યો હતો, પણ દરેકને જીવ કેવો વહાલો હોય છે ! લાકડાં ઉચકવાનો વિચાર કર્યા વગર તે કુહાડી લઇને એકલો આવ્યો હતો, પણ હવેજ તેને સોબની જોઇતો હતો; સોબતીની જરૂર હતી. પણ તે નિરાશ થાય અથવા એવા સહેલ કામથી થાકે એવો નહોતો. સબબ તે રજપુત

બચ્ચો હતો

રજપુત રાજાઓ મહેલોમાં વિલાસ કરે છે, રાજ્ય સુખ ધન· સુખ કુટુંબસુખ સ્ત્રી સુખ ભોગવે છે, દીવસો સુખ ચેનમાં ગાળે છે પણ યુદ્ધની વખતે કેવા શુરવીર થઇ પોતાના દેશ માટે જાત માટે કેવા મરણીઆ થઇ લડે છે, પ્રાણ પણ ખુએ છે, વિલાસ સુખ ખુએ છે, કદી પ્રતાપ જેવા બહાદુર રણવીરો રાજ્યસુખ ત્યાગી જંગલમાં દિવસ નિર્ગમન કરે છે, સોના રૂપાના તાટને બદલે ઝાડના પાંદડામાં જમે છે, મશરૂનીતલાઇઓને બદલે ઘાસના, પરાલના બીછાનાપર સુએ છે, રાજ્ય મહેલના હીંચોળાખાટ, ખુરશીઓ, આરામ ખુરસીઓ, ગાદી તકીઆને બદલે ભોંય–ઝાંખરાવાલી ભોંય–પર બેસે છે, સુએ છે, આરામ લે છે. હીંડોળા ઘોડીઆને બદલે પોતાના બચ્ચા–ભ· વિષ્યના ગાદી વારશો યુવરાજને—ઝાડોના થડ સાથે ફાટલું તુટલું લુગડું બાંધી ઝોયણી કરી તેમાં સુવાડે છે, અને હીંચકા નાંખે છે.

જેમ તેમ કરીને તે યુવકે લાકડાનો બોજો માથાપર લીધો, અને ચાલવા લાગ્યો. થોડે દુર લઈ જાય જરા આરામ લે, વળી પાછો ઉપાડે, વળી કાંઇક આરામ લે, એમ કરતો કરતો તે મુકામ પર આવ્યો; અને ત્યાં આવતાં તેણે શું દીઠું ?

ધીમે ધીમે આવતાં તેને ઘણો વખત લાગ્યો ત્યારે કિનારાપર ઉતરેલા ઉતારૂઓએ જાણ્યું કે તેને ઘણીવાર થઇ. તેથી જંગલના કોઇ હિંસક પ્રાણીએ તેનો ભોગ લીધો હશે; અને જ્યારે ઘણીવાર થઇ ને ના આવ્યો ત્યારે તો નક્કી જાણ્યું કે તેને ફાડી ખાધોજ કેટલાકે કિનારાપરના ટેકરાપર ચઢી દ્રષ્ટી મર્યાદામાં જોયું, પણ તે ઘણે દુર નીકળી ગયેલો હોવાથી શેનો માલમ પડે ?

એવામાં પાણીનો ઘુઘવાટો સંભળાયો, અને ખારવાઓએ જાણ્યું કે ભરતી આવી છે. તેઓ શારી પેઠે જાણતા હતા કે જ્યારે ભરતી આવે ત્યારે કિનારા પર પાણીનો તરંગ—મોજું એવું તો જોરથી આવે કે જો વહાણ કીનારા પર હોયતો તેને ધક્કો મારીને પાડી નાંખે· અગર પથ્થરપર ચડાવીને તેમાં ગાબડું પાડે, તેથી તેઓએ જલદીથી વહાણનું લંગર લઇને તેને કેટલેક દૂર લઇ ગયા,

એટલામાંતો કિનારા પાસેની રેતાળ જમીનપર પાણી ફરી વળ્યું. અને ઉતારૂઓના સીધાં, સામાન, દાળ, લોટ, ચોખા, વીગેરે પાણીમાં ઘસડાઇ ગયું, અને ઉતારૂઓ વહેલા વહેલા વહાણપર ચડી ગયા. હવે વહાણને થોભાવવું મુસ્કેલ માલમ પડયું, અને તેથી તેમણે તે ચલાવવા માડયું.

"પેલો યુવાન રજપુત સરપણ લેવા ગયો હતો તે રહયો ને?,, એક ઉતારૂએ દયા ભાવથી કહ્યું.

„ તેને તો વાઘે પુરો કર્યો. „ ખલાસી તેમજ બીજા કેટલાક બોલી ઉઠયા

વહાણ ચાલવા માડયું. અભયસિંહ રહી ગયા તેની દાદ કોણ સાંભળે? વહાણમાં તેનું કોઇ સગું વહાલું કે ખાસ મિત્ર ન હતો. તેઓએ ધાર્યું, કે પવન સારો અને અનુકુળ છે. તેથી જો એની રાહ જોવા જઇશું તો કદાચ કાળના જેવી આપત્તિ આવશે, અને આવો સારો અનુકુળ પવન ખોઇશું તે જુદો. જો તે જીવતો હોત તો કયારનોએ આવત. નક્કી તેને વાઘે ફાડી ખાધો હશે, એવા વિચારોથી ખારવાને વહાણ ઉભું રાખવાનું ન કહેતાં, યુવક રાજપુતને સમુદ્રના કિનારાપર ગાઢ અરણ્યમાં ભટકતો રાખી તે વહાણ સાનુકુળ પવન હોવાથી ઉપડી ગયું, અને તે પરમાર્થી યુવક ઘોર અરણ્યમાં એકલોજ રહ્યો.

આ ઉપરથી કોઇએ એમ નહી ધારવું કે આવા પારકા મનુષ્યના અપવાસને માટે લાકડાં લેવા જંગલમાં હું તો ના જાઉં કે જે મનુષ્યનો ઉદાર સ્વભાવ છે તે મનુષ્ય પોતાપર ગમે તેવું સંકટ આવી પડે તોપણ પરમાર્થિ કાર્ય કરવા માટે પાછું પગલું ધરતાજ નથી. જુંઓ, આપણો નવસારીવાળો હિંદનો દાદો --ખેરખાહ દાદાભાઇ નવરોજી ગમે તેટલાં સંકટો—પૈસાની પીડા—અસહ્ય યાતના—ખમવાછતાં પરરાજ્યમાં, અન્ય લોકો સાથે પરિચય રાખી હિંદને માટે ઝુમે છે—લડેછે—ભાષણો કરેછે. હિંદના કામ માટે સભાઓ સ્થાપેછે, બીજાને પ્રેરેછે—દોરેછે—લલચાવે છે, આ વખત પાર્લામેન્ટમાં મેમ્બર થવા ન પામ્યો તો શું થયું? તેના પ્રયત્ન ચાલુજછે. પરમેશ્વર કરે ને આવતી ચુટણી વખતે એકાદ સ્થળેથી તે પાર્લામેન્ટમાં મેંબર

થાય, અને હિંન્દવાસીઓ જે કચડાયછે, દબાયછે, લુટાયછે તેની દાદ તે ઉદાર રાજનીતીજ્ઞ પુરૂષો આગળ-સમક્ષ ધરે એવી શ્રી પરમેશ્વર પાસે સવીનય પ્રાર્થના છે.

પ્રકરણ ૩ જું

અરણ્યમાં એકલો

જ્યારે અભયસિંહ સરપણનો ભારો લઇને સમુદ્રના કિનારાપર આવ્યો, ત્યારે ત્યાં વહાણને નહી જોવાથી તેના પેટમાં ધાસ્કો પડયો પોતાના સાથીઓએ તેને સરપણ લેવા મોકલ્યો હતો, અને તેઓ તેને છોડીને જતા રહેજ નહી. તેણે વળી વીચાર્યું કે ભરતી આવવાથી રેતાળ જમીન ઉપર પાણી ફરી વલ્યું હશે, અને હવે મારી શોધ કરતાં તેઓ આવી પહોંચશે, એવી આશાથી તે સ્થલે બેસીને રાહ જોવા લાગ્યો પણ વહાણ, ખલાસી કે તેના સોબતીઓમાંથી કોઈ આવ્યું નહીં.

તેને કકડીને ભૂખ લાગી હતી, અનેપરિશ્રમ થતાં તે ઘણો ક્ષુધાતુર થયો હતો તેથી તે સ્થળે બેસી નહી રહેતાં કિનારે કિનારે વહાણનો પત્તો મેળવતો ચાલ્યો પણ કાંઇ પત્તો લાગ્યો નહીં. આખરે થાકીને પાછો તે જગ્યાએજ આવ્યો તો ત્યાં પણ કોઇને દીઠા નહી.

તેણે ફરી વિચાર્યું કે કદાચ ભરતીના વેગને લીધે વહાણ ઘસડાઇ ગયુ હશે. તેથી હમણાં પાછું હંકારીને આ સ્થળે મારે માટે લાવશે; પણ ભરતી તો એટલામાંજ બંધ પડી, અને ઓટનો વખત થયો.

હવે ઓટમાં તો ખચ્ચિતજ આવશે; પણ ઓટથી પાણી પણ ઓસરી ગયા, અને વહાણનો પત્તો ના મળે. હવે તો સૂર્યાસ્ત થયો, અને તેને કકડીને ભૂખ લાગી, પેટમાં ખાડા પડયા, અને જીવ આકુળ વ્યાકુળ થયો; આખરે તેણે થાકીને આશા છોડી કે વહાણ

પાછું આવવાનું હોત, તો ક્યારનુએ આવત.

વળી તેથે શક ગયો કે કદાચ વહાણમાં પાણીનાં મોજાં આવ્યાથી તે ડુબીતો ગયું નહી હોય? અને કિનારાપરના માણસો ખાવા પીવાના તાનમાં મશગુલ થયા હોય, અને કદાચ ભરતીના પાણી ફરી વલ્યાથી ડુબી ગયા હોયતો?

ભરતી એકદમ આવેછે, અને પળવારમાં જ્યાં સુકો કિનારો હોયછે, ત્યાં બે બે વાંસપુર પાણી થઇ જાય છે જો કોઇ માણસ ન્હાવા જાય, અને એટલામાં ભરતી આવે, અને જો ચેતે નહી તો તેની આસપાસ જોત જોતામાં પાણી ફરી વળે, અને તે ડુબી પણ જાય, વધારે માહીતી દરીઆ કિનારે રહેનાર અથવા અનુભવી પુરૂષોને હશેજ!

કદાચ મારા સાથીઓએ મારી સાથે દગો રમીને મને આ નિરજન્ય અરણ્યમાં છોડીને ચાલ્યા તો ગયા નહી હોય? ના, ના, એમ કેમ બને? તેમનાપર કરેલા ઉપકારના બદલામાં શું તેઓ અપકાર કરે ? હશે જે થયું તે ખરૂં.

પછી તેણે ચોમેર ફરીને જોયું તો ગામ, આશ્રમ, લોક ખાવાનું. પીવાને મીઠું પાણી કાંઇ જણાયું નહી, ખાવા કરતાં તરસથી તેનું ગળું સુકાયું, ગળે કાચકા પડ્યા. મીઠા પાણી વગર તેના પ્રાણ જવા લાગ્યા. પેટમાં પણ ભૂખ કકડીને લાગી હતી. શું કરવું? ક્યાં જવું? આ નિર્જન્ય કિનારાપર સુઇ રહેવું ? ના રાતે વાઘ વરૂ ફાડી ખાય, ત્યારે ક્યાં જવું? જ્યાં મહેશ્વર લઇ જાય ત્યાં.

દરીઆ કિનારો છોડીને તે વનમાં ગાઢ અરણ્યમાં પેઠો, ઝાડપર ચઢીને રાત ગુજારૂં? ના. જે થાય તે ખરૂં ચાલ અગાડી આકાશમાં કોઇ નક્ષત્ર દેખાવા લાગ્યા, તેના સહેજ પ્રકાશથી તે ચાલ્યો. આ નામના અજવાળા—આભાશમાં રસ્તો કેમ સુઝે? દીઠા સીવાય ક્યાં જાય?

શહેરના વતનીઓ કરતાં ગામડાના કૃષિકારોને પુછો. ઘોર અંધારામાં સુસવાટા કરતાં પવનમાં, હિંસક નિશાચરોની ઘુમશાણમાં. આમથી ખાશે કે તેમથી એવા ભયમાં પણ ભયરહિત ખેડુતો હાથમાં ડાંગ લઇને પોતાના ક્ષેત્રની રખેવાલી કરવા માટે પોતાના ગામથી

સીમાડાથી દુર એક બે માઇલ એવાજ અંધકારમાં રસ્તો પસાર કરીને પોતાના ખેતરે જાયછે, તેમને બીક નહિ લાગતી હોય?

રાજપુતો રણક્ષેત્રમાં મરણીઆ થઇનેજ, મરવાનુંજ છે એમ નક્કી કરીને, લડે છે. તો આ રજપુત યુવક એવા તીમિરથી બાહશે કે?

અંધકારમય સહેજ નક્ષત્રથી ચમકતા આકાશ નીચે રેતીના ઢગલાપર ચડે; ઉતરે; એક પાસેથી સમુદ્ર ગરજના સંભલાય, અને બીજી પાસેથી જંગલના, ફાડીખાનારા પ્રાણીઓની ચીશો સંભળાય અને કંપારી છુટે, કોઇ વખતે ઢગલાપર ચડે, કોઇ વખતે ખોમાં પડે, કોઇ વખત સપાટ જમીનપર આવે, ચાલતાં ચાલતાં દરેક પગલે ફાડી ખાનારા પ્રાણીઓનો ભય લાગે.

તેને હુવે થાક લાગ્યો. આખા દિવસનો અપવાસી હતો, તેથી એક જગ્યાએ ઝાડના થડને અઢેલીને ઝાંખરા સાફ કરીને બેઠો ત્યારે તેને પોતાના ઘરના સુખ વૈભવ યાદ આવ્યા, અને આંખમાંથી બે ચાર આંસુ પડયા. શરીરના અતી થાકને લીધે તથા મનના ઉચાટમાં વીચાર કરતાં, રાતની રાણીએ પોતાની છોકરી નિંદ્રા દેવીને મોકલી જેણે તેને વરમાળ આરોપી, પોતાના ખોળામાં લીધો અને તે શ્રમીત મુસાફરનો મનતરંગનો માળાનો મણકો તુટી પડયો..!

પ્રકરણ ૪ થું.

મહેશ્વરના દહેરા પાસેના અરણ્યમાં.

જ્યારે અભયસિંહ જાગ્યો, ત્યારે મધ્ય રાત્રી થઈ ગઇ હતી, અને પ્રાતઃકાળને ઘણોજ વિલંબ હતો. હજું સુધી કોઇ હિંસક પ્રાણીએ તેનો ભોગ લીધો નહોતો. જાગી ઉઠીને ચોમેર જોયું કે કોઇ વાઘ, વરૂ કે લુંટારા દેખાય છે, પણ કાંઇ જણાયું નહી. દુર દ્રષ્ટી મર્યાદામાં તેને કાંઇક દીવાના આભાશ જેવું જણાયું. તેણે ધાર્યું કે

ત્યાં મનુષ્ય સંચરવ હોવો જોઇએ, તે સીવાય દીવો હોય નહી. ફરી તેના દીલમાં આશા પ્રદીપત થઈ, અને જે દીશામાં તે અજવાળું દેખાતું હતું, તે દિશા તરફ આવી ઘોર રાતે જવાનો સંકલ્પ-ઠરાવ કીધો, પોતાના સ્થાનકેથી ઊઠીને જંગલી પ્રાણીની ધાસ્તીને લીધે આસ પાસ જોતો-ચમકતો-તે દિશા તરફ ચાલ્યો, પવનના સુસવાટાથી ચમકતો, હિંસક પ્રાણીઓના બરાડાથી બીહીતો, ઝાડના પાતરાં ખખડાવાથી, લુંટારાના ધાકે ધરૂજતો, જીવના જોખમે ચાલ્યો, અને જ્યાં દીવો દેખાતો હતો ત્યાં પાણી પીવાની, ભુખ મટાડવાની, આશાયશ લેવાના તુરંગ વિચારમાં ચાલ્યો, દુરથી જોયું તો તેને કાંઇ ઝુંપડી દેખાઈ નહી, અને જે દીવો બળતો હતો, તે આગના ભડકા જેવા દેખાયો. રસ્તામાં ઝાંખરા, વેલા, રેતીના ઢગલા નડવા લાગા; કોઇ સ્થળે પગ ગરકી જાય, વળી પાછો પગ ઉંચાડે. અને ટેકરાપર ચડે વળી પાછો ગરક થઇ જાય, વળી કાંટા ભાગે એમ દુઃખી હાલતમાં તે સ્થળે આવ્યો, અને જોયું તો કોઇ દેવી ભકત કાંઇક મંત્રોચ્ચાર કરી અગ્ની પ્રદીપ્ત કરી પોતાના સ્વાર્થ માટે દેવીને સંતોષવાના ફોગટ ફાંફાં મારે છે. પ્રથમ તેની પાસે જતાં ધાસ્તી લાગી, અને રૂંવાટા ઉભા થયા, અને પાછો મનમાં વિચાર થયો કે :પાછો જતો રહું કે એની પાસે જાઉં ? કાંઈ પણ નિશ્ચય કરી શકયો નહીં અને ત્યાંજ દીગમુંઢ થઇને ઉભો રહયો.

એક રેતીના ઢગલાપર એક દેવી ભક્ત આંખો મીચીને કાંઇક મંત્રોચ્ચાર કરતો હતો. તેની ઊમર આશરે ૩૨) વરસની હશે એમ અનુમાન કર્યું. તેના પોષાકમાં તેના શરીરનો કેટલો ભાગ વ્યાઘ્ર ચર્મથી ઢંકાયલો દીઠો, અને ગળામાં રૂદ્રાક્ષની માળા હતી. મોંપર દાઢી મુછ હતા, અને માથાના વાળ વધી ગયા હતા તેની સામે લાકડામાં આગ સળગતી હતી, અને પાસે કેટલાક દુરગંધ પદાર્થો, સીદુર પુંજાપો, મદીરા વીગેરેની થાળ હતી તેણે ટીકીને જોયું તો જણાયુ કે તે દેવી ભક્ત માથા વિનાના સડેલા શબપર બેસીને દેવીનું ધ્યાન ધરે છે અને તેની સામે મસાણમાં અર્ધ દગ્ધ થએલા સબની કેટલીક ખોપરીઓ છે, અને તેમાં શીંદુર વિગેરે પદાર્થો છે તેની ચોમેર હાડકાં હતાં, અને ગળામાં નાના નાના હાડકાની માળા હતી, :આ

જોઇને અભય ચમકયો બીનો ડર્યો અને દીગમુંઢ થઇ ગયો.

જ્યારે અભય તેની પાસે આવ્યો, ત્યારે તે દેવી ભકત મંત્રો ચ્ચારમાં લીન થયેલો હોવાથી તેને જોઇ શકયો નહી. પણ જયારે હાથમાંથી માળાનો ૧૦૮ મો મણકો પુરો થયો, ત્યારે આંખો ઉઘાડીને તેના તરફ જોયું અને પુછયું, “ કોણ છો ? કયાંથી આવ્યા છો, શી જ્ઞાતિએ છો, નામ શું છે ?” એવા પ્રશ્ન કર્યા, તેના ઉત્તરમાં રાજપુત યુવકે જણાવ્યું “ મનુષ્ય છઇએ, અરણ્યમાં ભુલા પડયા છઇએ, જાતીએ રાઠોડ રજપુત છઇએ, નામ અભયસિંહ છે. ”

તે ક્ષુધા તરસ્થી અતિ વ્યાકુલ થયો હતો, તેથી મોં તરફ આંગલી કરીને કહ્યું કે તરસને લીધે ગળું સુકાય છે, ભૂખથી પ્રાણ આકુળ વ્યાકુળ થાય છે. ત્યારે તે દેવી ભકતે કહ્યું કે મારી સાથે ચાલો. રસ્તામાં થોડેક દુર જતાં એક ઝુંપડી આવી, તેમાં પ્રથમ દેવી ભકતે પ્રવેશ કરીને તે યુવકને અંદર આવવા કહયું યુવક અંદર દાખલ થયો. દેવીભકતે અગુહય ઉપાયથી એક લાકડું ચેતાવ્યું, અને કેટલાક ફળ મૂળ-કંદ આણીને તેની પાસે મુકયા, અને એક મીઠા પાણીનો લોટો ભરીને ત્યાં મૂકીને કહ્યું કે આ ફળ મૂળ કંદ ખાઇ પાણી પીઇ પછી લોટો સાફ કરીને આ વ્યાઘ્ર ચર્મપર નિર્ભય સૂઇ રહો અહીં વાઘ વરૂનો ભય નથી. લુંટારાનો ડર નથી. હું પાછો આવું નહીં, ત્યાં સુધી આ સ્થળ છોડીને જતા નહિ. એમ કહીને તેની આગતા સ્વાગતા કરીને તે દેવી ભકત પાછો ચાલ્યો ગયો.

યુવકે બળતણના અજવાળાથી નજર પહોંચાડી તો તે ઝુંપડી ફકત ઝાડના પાંદડા અને ઝાંખરા તથા સુકા કાષ્ટની બનાવેલી હતી અને કોઇક સ્થળે વ્યાઘ્રચર્મ તથા ફળ મૂળ હતા તે રાજપુત ફળ મુળ ખાઇ પાણી પીઇને વ્યાઘ્રચર્મપર નિસંતે સુતો, અને થાક તથા પરિશ્રમને લીધે ઘસઘસાટ ઉંઘી ગયો.

પ્રકરણ ૫ મું.

યવનબાળા દર્શન.

પક્ષીરવથી તેણે જાણ્યું કે પ્રાતકાળ થયો છે, તેથી તે ઉઠયો અને હાથ મોં સાફ કરીને ઘર તરફ જવા માટે વ્યાકુળ થયો, કારણ કે આ દેવી ભકતના ચિન્હ જોઇને તેની પાસે રહેવાનું તેને યોગ્ય લાગ્યુ નહી; પણ આ અગમ્ય ગાઢઅરણ્યમાથી રસ્તો કેવી રીતે મળે, અને કેમ જવાય તે વિશે વિચારમાં પડયો. તેણે મનમાંજ વિચાર્યું કે દેવી ભકતપર શક લાવવાનું કાંઇ કારણ નથી. કારણ કે ગઇ રાત્રે તેણે મારી સારી રીતે આગતાસ્વાગતા કરી હતી. એવી કાંઇ વર્તણુક ચલાવી નથી, કે જેથી મને શક ઉત્પન્ન થાય. ત્યારે શામાટે મારે બીહીવું ? તેણે વળી મને જતી વખતે કહ્યું છે કે મારો ફરી મેળાપ ના થાય ત્યાં સુધી મારે આ શ્રમ છોડવો નહિ, જો હું છોડીને જાઉં તો કદાચ તે પોતાની તાંત્રિક વિદ્યાથી મને ખરાબ કરે, એવો ડર લાગ્યો, તેથી તેણે સર્વમનતરંગ છોડીને ત્યાંજ ઝુપડીમાં રહેવાનો નિશ્ચય કર્યો.

ધીમે ધીમે અરૂણ દેવે પોતાનો રથ ચલાવવા માંડયો, અને મધ્યાન્હ કાળ થવા આવ્યો પરંતુ દેવી ભક્ત આવ્યો નહી, તેને થાક તથા શ્રમને લીધે અતિશય ભુખ લાગી હતી, અને જે થોડાક કંદમુળ ફળ ઝુંપડીમાં હતા, તે તો આગલી રાતે તે ખાઇ ગયો હતો, હવે ક્ષુધાએ તેને આશ્રમ છોડવાની જરૂર પાડી. તેણે વિચાર્યું કે હું આશ્રમ છોડીને પાસેના અરણ્યમાંથી થોડા ફળ કંદ લઇ, ખાઇ પાણી પીઇને નિરાંતે બેસીશ; એટલામાં દેવી ભકત આવી પહોંચશે નહી અને તેની આજ્ઞા ઉથાપાસે નહી. કદાચ તે આવશે, ત્યારે હું પાછો ફરીશ ને ખરેખરી હકીકત કહીશ, તેથી તે ગુસ્સે નહી થાય, પછી તેની આજીજી કરીને જંગલમાંથી બહાર નીકળવાને રસ્તો પુછી જોઇશ, અને ચાલ્યો જઇશ; એમ વીચાર કરીને તે ઝુંપડી છોડીને જંગલ તરફ ફળ શોધવાની મુરાદે ચાલ્યો.

ઝુંપડી થોડીક વટાવીને તે અરણ્યમાં પેઠો, અને કાંઇક ફળ,

કંદ, મુળ, ભાધા અને પોતાની ભૂખ ભાંગી. સમુદ્ર કિનારે થોડા થોડા રેતીના ટેકરા હતા, તે વટાવીને તે આગલ ચાલ્યો, અને પછી તે ગાઢ અરણ્યમાં પેઠો રેતીમાં ચાલેલા મનુષ્યને ખબર હશેજ કે રેતીમાં પગ ભરાઇ જાયછે. અને તાકીદે સત્વર થાકી જવાય છે. થોડેક ગયા પછી તે થાકી ગયો, એટલામાં કાંઇક ગર્જના સંભલાઇ ફરી ચિત સ્થીર કરીને તે તરફ કાન ધર્યા, તો અનુમાન્યું કે એ સમુદ્ર ગર્જના હોવી જોઇએ, તેથી તે તે તરફ ચાલ્યો, અને સમુદ્રના તરંગની લહેરો જોતો, આનંદ પામતો ત્યાં એક રેતીના ઢગલાપર બેઠો.

સમુદ્ર કિનારે ભરતીને લીધે ફીણુ આવતું હતું, અને સમુદ્ર વચમાંથી ફીણનો લીસોટો ચાલ્યો જતો હતો, પાણી સ્વચ્છ આકાશને લીધે આશમાની લાગતુ હતું. પાણીના તરંગો એકેક બબે હાથ ઉંચે ઉછલતા હતા સૂર્યના કિરણોને લીધે સમુદ્રના પાણીનો કેટલોક ભાગ સુવર્ણમય જણાતો હતો આ પરમેશ્વરની અગાધ લીલા જોતો ત્યાં બેઠો તે ક્યાં સુધી બેઠો તે જાણી શકયો નહી.

એટલામાં ઠંડો પવન કાનને અને મગજને ઠંડક આપતો ચાલ્યો. અને સવિતા નારાયણ પોતાની અવંતી નગરી છોડી અન્ય પ્રદેશમાં જવાની તૈયારી કરતાં દેખાયા; પક્ષીઓ શાંત રીતે પોતાના માળા તરફ જવા લાગ્યા, અને સમૂદ્રના પાણી પર ધીમે ધીમે સુર્યાસ્તનો આભાસ જણાવા લાગ્યો, ત્યારે તેને શુધિ આવી કે ચાલો આશ્રમની તપાસ કરીએ. તેથી તે એક લાંબી હાય મારીને ઉઠયો. શાથી તેણે હાય મારી તે અમે જાણી કલ્પી સમજી શકતા નથી કદાચ તેને પોતાના ગ્રહના સુખ વૈભ" યાદ આવ્યા હોય કે ગૃહ તરૂણી, પિતા, માતા યાદ આવ્યા તે ?? હોય તેતો મહેશ્વર જાણે કે તેનું અંતઃકરણ જાણે, કે કવી કાવ્ય શકિતથી કલ્પે. અમે કાંઇ ત્રિકાલ જ્ઞાની, ભવિષ્ય વેતા નથી તેના મનોભાવ જાણી શકીએ.

સમુદ્ર તરફ પુંઠ ફેરવીને આશ્રમ તરફ જતાં તેણે એક રમ્ય મૂરતી દીઠી, અને તે અચકયો. તેનો ચોટલો છુટો હતો અને તે કાલા નાગની પેઠે ચકચકીત, ભરાઉ અને કમર સુધી લટકતો હતો. એ રમણી રત્ન જાણે આકાશપટપર ચિત્રેલી છબી હોય કે વન દેવી

હોય એમ લાગતું હતું. તેની મુખમુદ્રા વાદલામાંથી નીકલતા ચંદ્રના કિરણ જેવી લાગતી હતી તેના લોચન સ્થીર, કોમલ, તથા તેજસ્વી હતા તેના ખભા તથા બાહુ વાલથી ઢંકાયલા હતા તેણે કાંઇ શરીર સૌંદયતા માટે અલંકાર સજયા નહોતા, તેછતાં તેની મુરતીમાં કાંઇક મોહીની હતી.

અભયસિંહ આ મુર્તિને જોઇને આવા સંકટના સમયે પણ મનમાં આનંદ પામ્યો, અને નિસ્તબ્ધ પણે તેજ જગ્યાએ થંભી ગયો, જાણે કે તેણે જાદુતો નહિ કર્યું હોય ! તેવીજ રીતે તે યૌવના પણ તે યુવક તરફ જોઇને આંખની સ્થિર દ્રષ્ટી રાખી રહી હતી.

તે સમુદ્ર કિનારે નિર્જન્ય સ્થળે આવી રીતે આ બે જણ ઘણીવાર સુધી એક બીજાને જોતા ઉભા રહયા, પછી થોડીવારે તે યૌવનાનો મધુર સ્વર સંભલાયો, " મુસાફર, આપ રસ્તો ભુલ્યા છો ? "

આ સ્વર સાંભળતાંજ અભયસિંહના હ્રદય વીણાના વાલ તાર તુટી ગયા, મન તરંગની માળાનો મણકો પડી ગયો, વિચાર બધા ઉડી ગયા, અને એકી ટસે જોતો, ફરી શું કહે છે તે સાંભળતો દીગમુઢ થઇને ઉભો રહયો ચેટી સજડ થઇ ગયો.

" મુસાફર. આપ રસ્તો ભૂલ્યા છો ? આ ધ્વનીનો અભયની કર્ણેન્દ્રિમાં પ્રવેશ થયો, પણ તેનો શો જવાબ આપવો તે કાંઇ નકકી કરી શકયો નહિ એ ધ્વનિ જાણે હર્ષ વિકસિત થઇ ફરવા લાગ્યો, તેના મસ્તિકમાં ધુમવા લાગ્યો. જાણે તે પવનમાં મલી જઇ દુર જતો હોય ? જાણે ઝાડના પાંદડાંના ખડખડાટમાં મલી ગયો હોય, જાણે સાગર નાદના તરંગમાં ઉડી જતો હોય, તેના હ્રદયમાં તે સ્વર સૌંદર્યમય બની ગયો.

કાંઇ પણ ઉત્તર નહી મળવાથી તે યૌવનાએ ફરી પુછયું, ' મુસાફર આપ રસ્તો ભુલ્યા છો ? " ચાલો મારી સાથે, રસ્તો દેખાડું. " એમ કહીને તે સુંદરી ચાલી તે યુવક પણ કળના પુતળા પ્રમાણે તેની પાછળ ચાલ્યો. કદાચ અલ્લાઉદીનની પેઠે તેણે જાદુઇ ફાનસ કે લાકડી તો નહી બનાવી હોય ? તે ચાલતો હતો કે ઉડતો

હતો તે તેને સમજાયું નહિ. કયાં જાય છે તે સમજી શકયો નહિ. માત્ર તે યૌવના જતી હતી તેની પાછળ ચાલ્યો, પછી એક નાનું જંગલ આવ્યું તે જંગલમાં તે સ્ત્રી પેઠી અલોપ થઇ ગઇ; તે તેને જણાઈ નહિ; પરંતુ તેના જોવામાં એક નાની ઝુંપડી આવી તેમાં તેણે પ્રવેશ કર્યો.

પ્રકરણ ૬ ઠું

અભયનો દેવીને ભોગ.

તેણે ઝુંપડીમાં પ્રવેશ કરીને આરણું દીધું, અને વિચારમાં લીન થયો " એ શું વન દેવી મનુષ્ય કે દેવી ભકતની માયા હશે? અભય હાલ્યા ચાલ્યા વગર આ બાબતનો મન સાથે વિચાર કરવા લાગ્યો, પણ તે કાંઇ નકકી કરી શકયો નહી.

તે વિચારમાં એટલો તો લીન થઇ ગયો કે તેને ખાવા પીવાનું ભાન રહ્યું નહીં, એટલામાં ત્યાંના એક બનાવથી વિસ્મય પામ્યો તે આવ્યો ત્યારે માત્ર એક લાકડું સળગતું હતું, હવે તેને જોયું તો ત્યાં ચોખા, દાલ વીગેરે થોડી થોડી ખાવાની સામગ્રી હતી. આથી તે આશ્ચર્ય પામ્યો ને ધાર્યું કે આ સર્વ દેવી ભકતની માયાનું કામ હોવું જોઇએ. કારણ કે દેવી ભક્તો મંત્રયોગે ઘણીજ ચીજો અકસ્માંતીક મેળવી શકે છે, ત્યારે એમાં આશ્ચર્ય પામવા જેવું નથી પછી તેણે ઝુંપડીમાંથી મળી આવેલા એક માટીની હાલ્લીમાં રસોઇ કરીને ખાઇ લીધું; અને વ્યાઘ્રચર્મપર ઘસઘસાટ ઉંઘી ગયો

સુખમાં ઉછરેલા, મા બાપની આંખની કીકી જેવા, સુખી શ્રીમંતને સોના રૂપાના વાસણમાં ખાવા પીવાનું, મશરૂની તલાઇઓમાં સુવાનું, તેના બદલે હાંલ્લીમાં રાંધવાનું. અને જંગલમાંની ઝુપડીમાં ચામડાપર સુવાનું, એ પણ કાળની ગતિ છે. સર્વના એક સરખા દહાડા જતા નથી. દહાડો સુખનો તો દહાડો દુઃખનો; સુખ

પછી દુઃખ, અને દુઃખ પછી સુખ આવેજ છે, માટે અહંકાર તજી ને જે કાંઈ મલે તેના પર આનંદ પામવું એ મનુષ્યનું કર્તવ્ય છે.

બીજે દીવસે પાછો પોતાના ચર્મના બિછાનાપરથી ઉઠીને સમુદ્ર કિનારે આવ્યો. આગલના દહાડાના જવા આવવાના અભ્યાસથી, અને જરા તરા કહેવાઇ જવાથી તેં સહેલાઇથી રસ્તો કાપી શકયો કાંઠાપર જઇને ઝાડે જંગલ જઇ આવી મુખ માર્જન કરી કોઇના આવ્યાની રાહ જોતો બેઠો. તે કોની રાહ જોતો હતો તે અમે કહી શકતા નથી, પણ જ્ઞાની વાંચક સમજીજ જશે. આગલી સાંજે દેખાયલી મોહીની તે સ્થળે આવશે, એ આશાથી તેની હૃદયાશા કેટલી પ્રબળ થઇ હતી, તે વર્ણવી શકતા નથી મધ્યાન્હ થયો, બપોર થઇ ગયા, સાંજ પડવા આવી, સંધ્યાકાળ થવા આવ્યો અપવાસ થયો પણ કોઇ મનુષ્યનાં પગલાં ત્યાં દેખાયાં નહીં, તે ઉંઠયો; જરા ફરીને પાછો તે સ્થળે આવ્યો. દ્રષ્ટીમર્યાદામાં જોયું પણ કોઇ દેખાયું નહી. સૂર્યાસ્ત ગયો અને, અંધારૂં થવા માંડયું, ત્યારે નિરાશ થઇને પાછો ઝુંપડી તરફ ચાલ્યો. ત્યાં આવતાંજ તેણે પેલા દેવી ભકતને મુંગો બેઠેલો દીઠો. તેણે પાસે જઇને પ્રણામ કરીને ક્ષેમ કુશળતાના સમાચાર પુછયા. પણ કાંઇ જવાબ મલ્યો નહિ.

" આટલીવાર સુધી આપના દર્શનમાટે ચાતક પેઠે આતુર હતો, પણ આપના દર્શન થયા નહી." અભયસિંહે હાથ જોડીને કહયું.

હું મારા વ્રતમાં લાગેલો હતો. " દેવી ભકત જયરામે ટુંકમાં જવાબ આપ્યો.

પછી અભયસિંહે ઘર તરફ જવાની ઇચ્છા બતાવીને કહયું કે " હુ આ નિર્જન્ય અરણ્યમાં માર્ગ જાણુતો નથી, અને પાસે વાટ ખરચી પણ નથી. આપના દર્શન થયા ત્યારથી તેમાં મદદ મળશે એવી આશા રાખી હતી, અને હજુ પણ એવીજ આશા છે. "

તે પરથી દેવી ભકતે એટલુંજ કહ્યું કે "-મારી સાથે ચાલો. " અને અભય ઘર જવાની આશાથી શાંત રીતે તેની પાછળ ચાલ્યો.

તે બીચારો શેનો જાણે કે આ દેવી ભક્ત મને મહાકાલીને ભોગ આપવા માટે લઇ જાય છે.

તે વખતે સાયંકાળનું સહેજ ઝળઝળીયું હતું. દેવીભક્ત આગળ ચાલતો હતો, અને અભય તેની પાછળ જતો હતો. એવામાં અકસ્માત તેની પીઠપર એક હાથનો સ્પર્શ થયો, અને અભયે પાછુ જોયું તો પેલા છુટા વાળવાલી વનદેવીની મુરતી તેની દ્રષ્ટી સામે હતી; અત્યારે અકસ્માત આ મૂરતી મારી પાછળ કયાથી ! તે સ્ત્રીએ હોષ્ટપર આંગલી મુકીને તેને ચુપ રહેવા કહયું. અભયે ધાર્યું કે તેને બોલવાની જરૂર નહોતી. આથી તે સાનંદાશ્ચર્યથી ચકિત થઇને ઉભો રહયો. પેલો દેવી ભક્ત એમાંનું કાઇ જાણતો નહોતો; તે તો ધુનમાં ને મન તરંગમાં આગળ ચાલ્યો જતો હતો તે ન સાંભળે એવી રીતે પેલી રમ્ય મુરતીએ ધીમે અવાજે તે નવા યુવકના કાનમાં કહ્યું. " કયાં જાઓ છો ! જશો નહી; પાછા ફરો-નાશો"

આટલું કહીને તે મુરતી દોડી ગઇ જવાબ સાંભળવા ઉભી રહી નહી અભય થોડો વખત વિચારમાં દિંગ-લીન થઇને તેજ તીરવા વેગથી પેલી રમ્ય મુરતી પાછી દોડતી આવી અને તેના કાનમાં કહેતી ગઇ કે " નાશો. બત્રીશ લખણા વારનો ભોગ આપ્યા શીવાય દેવી પુજા સાધ્ય થતી નતી. એ તમે જાણુતા નથી. ? "

આ સ્વર—શબ્દ સાંભળીને અભય ચમકયો અને તેના કપાળપરથી પરસેવાના ટીપાં નીકળવા લાગ્યા, અને આખે શરીરે પરસેવો થઇ તે ધ્રુજવા લાગ્યો. સુભાગ્યે આ ધીમેથી બોલાયલા શબ્દો તેના સાંભળવામાં આવ્યાથી ગાજી ઉઠયો "

" રાજબાળા ! "

આ કઠોર તિવ્ર અવાજ અભયના કાનમાં મેઘ ગર્જના પ્રમાણે અથડાયો પરંતુ રાજબાળાએ કંઇ ઉત્તર આપ્યો નહિ, અને તે ચાલી ગઇ.

પછી તે દેવી ભક્ત અભયનો હાથ ઝાલી તેને લઇ જવા લાગ્યો તેના હસ્ત સ્પર્શથી અભયનાં રૂવાં ઉભાં થયાં, અને તેની નસોમાંનુ લોહી જોશ બંધ વહેવા માંડયુ. તેની ગયેલી હીમત

પાછી આણી, અને તે ધીરજ રાખી બોલ્યો, ' શા માટે મારો હાથ ઝાલો છો ! હાથ છોડો ''

દેવી ભકતે કાંઇ જવાબ આપ્યો નહી, તેથી અભયે ફરી પુછ્યું " મને કયાં લઇ જાઓ છો ? "

" પુજાની જગા પર " દેવી ભકતે શાંતસ્વરે જવાબ આપ્યો.

" શા માટે ! " અભયે હીમત રાખીને પુછ્યું.

" વધ કરવા માટે " દેવી ભકતે જવાબ આપ્યો.

આ સાંભળીને યુવાન રાજપુતનું લોહી ઉકળયું અને જોસથી પોતાનો હાથ ખેંચ્યો. જો સામાન્ય માણસ હોત તો આમ હાથ ખેંચતાં કાંડુ ઉતરી પડત અને કદાચ તે વેગથી તે જમીન પર પડત પણ તે દેવીભકતનું લેસ માત્ર પણ અંગ હાલ્યું નહી તેણે જાણ્યું કે હું બળથી છુંટી શકીશ નહિ, ત્યારે તેને કળથી છુટવાનો વિચાર કર્યો તેણે વિચાર્યું કે " ઠીક છે, શું થાય છે તે જોઉં છું'' એમ વિચાર કરીને તે તેની પાછળ ચાલ્યો.

રેતોની વચમાં જઇ પહોંચતાં અભયે જોયું કે પહેલાની માફક અગ્નિ પ્રદીપ્ત છે, ચોમેર દેવીની પુજાની સામગ્રી ખોપરીઓ ઇત્યાદી સાહીત્ય છે, પણ શબ નથી, તેથી તેણે ધારયું કે મારેજ કદાચ શબ થવું પડશે

દેવીભકતે પ્રથમથીજ ત્યાં સુકા કઠણુ વેલા અને છોડવાની છાલ આણી મુકેલી હતી તેનાથી તે યુવકને મજબુત બાંધવાનો પ્રારંભ કરયો. તે તે વખતે રજપુતે પોતાનું બળ અજમાવ્યું, પણ તેનુ કાંઈ વળયું નહી. તેણે ધાર્યું કે તેનામાં અગાધ શક્તિ-બળ છે. પછી દેવીભકને કહયું " મુરખ સા માટે બળ કરે છે ! તારા જન્મ નું સાર્થક થશે. મહાકાલીની પુજામાં તારા માંસનો પિંડ અર્પણ થશે તેથી તારૂ બીજું શું મહદ ભાગ્ય છે ! ''

એમ કહી તેને મજબુત બાંધીને રેતીપર પાડયો અને વધારંભની પુજા કરવા માંડી. તે વખતમાં અભયે બંધ છોડવાની પુષ્કળ કોશીશ કરી, પણ સુકા વેલા મજબુત હતા અને બંધન દ્રઢ હતું તેથી કાંઇ પતો લાગ્યો નહી. હવે મૃત્યુ પાસે આવ્યું છે, એમ સમજી તેણે પોતાની કુલ દેવી-ચારણી દેવીની પ્રાર્થના કરવા માંડી.

તેને પોતાની જન્મ ભુમી, ઘણા દહાડાથી છોડેલી હોવાથી માબાપના સુખ અને વૈભવ યાદ આવ્યાં; અને બે ચાર બાષ્પ બિંદુઓ પણ પડયાં, પણ તેથી કાંઇ પેલા નિરદયને દયા આવે ! જે માણસના સ્વભાવ મુળથી નિરદય હોય તેને મનુષ્ય ઘાત કરતાં કદી દયા આવેજ નહી. જુવો બાદશાહ ઓરંગજેબે રાજ્ય લોભથી પોતાના પિતાને કેદ કરી બધા ભાઇ ભત્રીજા સગાં વહાલાંઓને મારી નાંખ્યાં. જયસિંહ જેવા વીરશ્રેષ્ટ રાજ્યના થાંભલા જેવા-વિશ્વાસુ રજપુતવીરને અપમાનિત કરી આડકતરી રીતે તેનો પ્રાણ નાશ કીધો.

પુજાવીધિ પુરી થઇ રહયા પછી દેવી ભકત તેને મારવા માટે તરવાર શોધવા લાગ્યો પણ તે તરવાર જ્યાં રાખી હતી ત્યાં નહોતી ત્યાંથી ચારણી દેવીએ રજપુતની વિનંતી સાંભળી અદ્રષ્ય કરી હતી તે વિસ્મિત થયો અને સંભારવા લાગ્યો કે બપોરે તરવાર લાવી આજ સ્થળે મુકી હતી, બીજી કોઇ જગાએ મુકી નથી, ત્યારે કયાં ગઇ ! પછી તે પેલી ઝુંપડી તરફ જઇ રાજબાલાને બોલવવા લાગ્યો પણ તેને કાંઇ ઉતર આપ્યો નહી, આંખો લાલચોળ થઇ ભવાં ચઢી ગયાં અને પાછો પ્રથમની ઝુંપડીએ આવ્યો, તે દરમ્યાનમાં અભયે બંધન છોડવાને પાછા પુષ્કળ ફાંફાં તરફડીઆં માર્યાં, પણ તે છુટી શકયો નહી તેવામાં એક ચમત્કાર બન્યો. અને તેની દાદ તેની કુળ દેવીએ સાંભળી.

પાસેની રેતીમાંથી અતિ કોમળ ધીમા પગલાં સંભળાયાં જે દેવી ભકત નહોતો—હોઇ શકેજ નહિ કોમળ પાદ હમેશ સ્ત્રી વર્ગ નાજુક નાજનીના હોય છે. અભયે આંખ ફેરવીને જોયું તો જે રમ્ય મુર્તિએ તે સંધ્યાકાળે સુર્યાસ્ત સમયે દર્શન આપ્યું હતું તેજ રમણી રત્ન-હૃદયેશ્વરી પોતાના હાથમાં તરવાર સહ તેની તરફ આવે છે એમ જાણ્યું.

" ચુપ રહો બોલશો નહિ. આ તરવાર હું ચોરી કરીને લાવીછું. " તે રમ્ય મુર્તિએ પાસે જઇને ધીમેથી કહયુ.

શું ત્યારે આ કન્યાએ આવી ચોરી કરી ? એક રીતે ચોરી તો કરી, પણ તે બીજાનો અમુલ્ય આત્મા બચાવવાને ખાતર એક યુવાનનો નાહક જીવ આવો બ્રહ્મ રાક્ષસ લે, અને તેનું બચી.

દાન આપે એ તેણીથી દેખી ખમાયું નહિ, તેજ કારણથી તેનો પ્રાણ બચાવવા માટે આવું કૃત્ય કર્યું.

એમ કહીને તે રમણીએ તેના બાંધેલા બંધનો તરવારથી કાપી નાંખ્યા, અને તેને છુટો કરીને--જીવ બચાવીને બોલી, " નાશો, મારી પાછળ જેમ બને તેમ ત્વરાથી ચાલો, હું આપને રસ્તો બતાવું છું. "

એમ કહીને એક બાણમાંથી જેમ તીર છુટે તેમ ઝડપથી ચાલી-દોડી. અને તેની પાછળ જીવ ઉગારવાની આશાએ-ઘેલા શકત થયેલો, કયાંતો જાદુ મંત્રથી કે મોહિનાથી એક પણ શબ્દ બોલ્યા વગર તેની પાછળ ચાલ્યો.

પ્રકરણ ૭ મું.

યોગ્ય બદલો.

આ તરફ દેવી ભકતે ઝુંપડીમાં જઇ તપાસ કરી, ખુણે ખોચરે બધે જોયું પણ તરવાર કે રાજબાળા કોઇ જણાયું નહિ, તેથી તે મનમાં ને મનમાં કાંઇક શક લાવીને પાછો રેતાળ જમીનપર આવ્યો તેના મનમાં શો શક હશે તે અમે જાણતા નથી, પણ કલ્પી શકીએ છીએ કે કદાચ રાજબાળા તરવાર લઇને નાશી ગઇ હોય, કે કદાચ મહાકાલી માતાને આ કાર્ય પસંદ ના હોય. ગમે તેમ હોય આ પળે તો તરવાર તેને ત્યાંથી મળી નહિ.

કિનારે આવતાંજ તે ચકિત થઇ પેલા યુવકને નહી જોવાથી આશ્ચર્ય પામ્યો, પછી સહેજવારે તેની નજર કાપેલા બંધન પર પડી તો તરવારના ઘા દીઠા ! પછી પાછો અંદેશામાં પડયો.

ચાલ હું તેની તપાસ કરૂં ! એ આ અરણ્યમાં કયાં નાશીને જવાનો છે, એમ મન તરંગની માલાનો મણકો ફેરવતો ઝાડીમાં ભરાયો, પણ આ ગાઢ ઘીચ જંગલમાં શેનો પતો અને તે કયાંથી લાગે ! યુવક તો નિરાંતે બેઠો છે. તે બાપડાને શું ખબર.

અંધકારને લીધે તે જોઇ શક્યો નહી, તેથી તે વાક્ય શબ્દને અવલંબીને તે તરફ કાન માંડીને ચાલ્યો, પણ કાંઇ અવાજ તેને કાને પડી શક્યો નહી, કાંઇ પાંદડાં ખખડે કે તેના મનમાં આવે, આ રહયા, હમણાં પકડીને દેવીને ભોગ આપીશ. પણ વૃથા સરવે ફોગટ ગયું.

તેણે ચોમેર તપાસ કરી પણ કાંઈ પત્તો લાગ્યો નહી ત્યારે થાકીને એક ઉંચા રેતીના ઢગલાપર ઉભો રહીને આસપાસ જોવા લાગ્યો, મહેશ્વરની ગતી અકલ છે દેવીને યુવકનો ભોગ લેવાની ઇચ્છા નહોતી અને આવા સુંદર યુવકને આવો ત્રાસ આપ્યો, કષ્ટ દીધું તેના બદલામાં એજ દેવીભકતને કાંઇક યોગ્ય બદલો આપવાનો વીચાર કદાચ હોયતો ? સમજાશે, આગળ ચાલો.

જે ટેકરાની એક તરફથી તે ચડયો હતો, તેની બીજી બાજુએ વરસાદના પ્રવાહથી કે સમુદ્રના ભરતીના પાણીથી તેનુ મુળ ધોવાઇ ગયું હતું, અને પાયાને નિરમુળ બનાવ્યો હતો તે વિષે એ બાપડો દેવી ભક્ત કાંઇ જાણુતો નહોતો તેથી તે ઉપર ચઢતાંજ તેના શરીરના અમાનુષિક બળ બોજાને લીધે તે પડવાની અણીપર આવેલો ટેકરો મોટા અવાજ સાથે જમીનપર પડી અફળાયો અને તે પડતી વખતે પર્વતના શીખરપરથી દુરભાગ્યે કોઇ ચરતી ભેંસ પડે, તે પ્રમાણે દેવી ભક્ત પડયો ટીચાયો.

તેણે પોતાના શરીરનો બચાવ કરવાને પડવાની સાથેજ બે હાથ જમીનપર ટેકવી રાખ્યા હતા, તેથી સુભાગ્યે તેનું શરીર તો બચ્યું પણ તેના બંને હાથ કોણીમાંથી ભાગી ગયા, અને યુવકને બલીદાન આપવાનો વિચાર તેના મનમાંજ રહી ગયો, હસ્ત સિવાય હવે તે ક્રિયાઓ શી રીતે કરશે ? બલીદાન શી રીતે આપી શકશે ? " કર અને જો " આ દુનીઆમાંજ છે. કેટલાક વગર વિચારના આદમીઓ અન્ય ગરીબોને દુખ દે છે, પીડે છે, પણ દેખીતી રીતે નહીતો ગુપ્ત રીતે પરમેશ્વર તેનો યોગ્ય બદલો આપે છે માટે દરેકે સાવચેત રહેવું.

પ્રકરણ ૮ મું.

આનંદોત્સાહ.

રાજબાળા આગળ અને યુવક પાછળ એમ ઝડપથી દોડતા ગાઢ અરણ્યમાં પેઠા. અરણ્યનો માર્ગ અભય જાણતો નહોતો, પણ યવનબાળા ત્યાં વસેલી હોવાથી ત્વરાથી ચાલી. અને તેના તરફ બારીક નજરથી જોતો મનમાં વિચાર કરતો તેની પાછળ ચાલ્યો, નસીબમાં જે થવાનું હશે તે થશે. એક મોતમાંથી બચ્યા, બીજા મોતના પંજામાંથી છુટયા, હવે શું થાય છે તે જોઇએ ! એમ વિચારતો ચાલ્યો. જાણે તે અધર ઉડતો ચાલતો હોયની ! અંધારાને લીધે કાંઇ દેખાતું નહોતું. નભમંડલમાં નક્ષત્રના ચમકારાથી, તથા આગીયા કીડાના ઉજાસથી રમ્ય મુરતીને લક્ષીને ચાલ્યો.

રાજબાળા યુવક મુસાફરને લઇને ધીચ ઝાડીમાંથી પસાર થઇને એક મોટા દેવળના શિખર પાસે આવી પહોંચી. તેની પાસે ઇંટો કાદવથી ચણેલું એક મકાન હતું, રાજબાળા તે મકાનની સાંકળ ખખડાવવા લાગી. જાણે તે પોતાનું જ મકાન હોય અને કાંઇ કાર્ય પ્રસંગે બહારથી આવતી હોય તેમ સાંકળ ખખડાવી. અંદરથી અવાજ આવ્યો " કોણ એ રાજબાલા કે " ? " હા, દ્વાર ઉધાડો અંદરના માણશો ઝટ આવીને દ્વાર ઉઘાડયા અને અજાણ્યા મુસાફરને તેની સાથે જોઇને વિસ્મય પામ્યો.

આ મકાન આશાપુરી માતાના મંદીરના પુજારીનું હતું. આ પુજારી માતાના મંદીર પાસેજ રહેતો હતો. તેની ઉમર આશરે ૫૦ વરસની હશે એમ લાગતું હતું. મસ્તકના કેશ સફેદ થઇ ગયા હતા અને તાલ પડી હતી, રાજબાળાએ ટુંકામાં અજાણ્યા યુવકની સવિસ્તાર હકીકત કહી જણાવી, પુજારીએ દિલગીર થઇને કહ્યું "એ દેવીભક્ત ધારે તે કરી શકે છે. આ જોખમનું કામ છે પણ કાંઇ નહી માતાજીની કીરપાથી એનું કલ્યાણ થશે એવો રસ્તો લઇશ, આવ ભાઇ, આવ, બેસ યુવક આવ્યો અને તેને પુજારીએ કહ્યું

"આજ અહીં છુપાઇ રહેજે. કાલે તમને હું તમારા દેશ તરફ કોઇ તે મોકલી દઇશ.

રાજબાળાની હકીકતપરથી પુજારીએ જાણ્યું હતું કે યુવક અપવાસી છે. તેથી તેને માટે ખાવાનો બંદોબસ્ત કરવો લાગ્યો પણ યુવક થાકેલો, શ્રમીત થએલો, દુઃખમાં ડુબેલો, વિચારમાં દગ્ધ થએલો હોવાથી ખાવાની ના કહી, અને સુઇ જવા માટે બિછાનુ આપવા વિનંતી કરી. તેને એક બિછાનુ આપ્યું અને જગા બતાવી, ત્યાં તે સુતો, અને રાજબાલા પાછી સમુદ્ર કિનારે જવા તઇયાર થઇ, ત્યારે પુજારીએ કહ્યું "બેન, જઇશ ના, મારે તને એક વાત કહેવાની છે.

"શી વાત છે? રાજબાલાએ પુછયું,"

"જ્યારથી મેં તને જોઇ ત્યારથી તને દીકરી કહીને બોલાવું છું, અને દીકરા કરતાં વધારે સ્નેહ રાખું છું. શું મારો બોલ ઉથામશે?"

"ના, નહી ઉથામું" રાજબાળા બોલી,

"ત્યારે તું હવે તે સ્થલે પાછી જઇશ ના." પુજારી દયા આણીને બોલ્યો.

"શા માટે ના જાઉં" રાજબાળાએ પ્રશ્ન પુછયો.

"જશે તો એ દેવીભક્ત તને મારી નાંખશે." પુજારીએ તેનું મંગલ ચાહીને કહ્યું.

"તે તો હું જાણું છું." રાજબાળા નિડરપણે બોલી.

"ત્યારે શા માટે જાન ખોવા જાઓ છો? પુજારીએ ખરૂ કારણ જાણવા પુછયું.

"ત્યાં ના જાઉં તો બજા કયા સ્થલે જાઉં" રાજબાળા [illegible]લી.

"આ યુવક મુસાફર સાથે બીજે દેશ ચાલી જા." તેનું કલ્યાણ ચાહવા વૃદ્ધ બોલ્યો.

રાજબાળા ચુપ રહી, ત્યારે પુજારીએ પુછયું "બેન તું શો વિચાર કરે છે"?

"જ્યારે તમારી શિષ્યા થવા આવી, ત્યારે આપ બોલ્યા

હતા કે યુવાન સ્ત્રીએ યુવાન સાથે બોલવું હોયત નથી. અને હાલ આપ એવી કેમ શીખામણ આપો છો, તેનો વિચાર કરૂં છું" રાજબાળા પાછલી વાત યાદ લાવીને બોલી.

"તે વખતે તારો જીવ જવાનો ભય નહોતો, અને હાલ તેવો ભય મને લાગે છે. ચાલ, આપણે માતાજીના અનુમતી લઇએ." પુજારીને ઉપાય સુઝયો.

એમ કહીને પુજારીએ હાથમાં દીવો લઇને દેવળના બારણા ઉઘાડયાં. રાજબાળા તેની સાથે ગઇ. મંદીરમાં આશા અને પુરી બે માતાની માનવાકાર ભવ્ય મુરતીઓ હતી. અને તે સર્વની આશાઓ પુરતી હતી. જે ઉંચાઇમાં મોટી મુરતી હતી. તે આશા માતાની મુર્તિ હતી અને તે પુરી માતા કરતાં ઉમરે નાના હતાં, અને જે ઠીંગણા આકૃતાના હતા. બંને બહેનો હતી. બંનેના જોડે નામની બાધા આખડીઓ ચાલતી હતી. અંદર જઇને બંનેએ ભકતી ભાવથી દેવીઓને પ્રણામ કર્યા પછી પુજારીએ પુષ્પમાંથી એક પુષ્પ લઇને પવિત્ર કરી તેને પ્રતિમાના પગપર મુકયું અને તે તરફ બંને જોતાં ઉભા રહ્યા થોડીવારે પુજારીએ કહ્યું "બેન જો દેવીએ અર્ધ્ય લીધો છે ફુલનો સત્કાર કર્યો છે. તે પડયું નથી તારૂં જે કામ ધાર્યું છે તે મંગલ થશે. તું આ મુસાફર સાથે જા. પણ હું સંસારી રીવાજ જાણું છું કે જો તું એની સાથે એમની એમ જશે તો લોકો તારા તરફ આંગળીઓ કરશે અને એ માણસ પણ શરમાશે. તું કહેતી હતી કે એ યુવક રજપુત છે. તો જો તું એ યુવક તારી સાથે લગ્ન કરીને લઇ જાય તો હું પણ તેની જોડે તને જવા દેવાને ના કહીશ નહિ.

"લગન! લગન કોને કહે? લગનનું નામ તો હું તમારે મોંઢેજ સાંભળું છું. પણ લગન કોને કહે છે તે હું જાણતી નથી." રજપુતબાલાં ધીરે રહીને બોલી.

ખરેજ બચપણથીજ તે અત્રે આવેલી હોવાથી, અને કોઇ મનુષ્ય સાથે નહી હોવાથી એ બીચારી બાળા શું જાણે? એનાં કાંઇ નવાઇ જેવું નથી.

"લગ્ન એ સ્ત્રીઓના ધર્મની એક માત્ર રૂઢી છે; તેથી સ્ત્રીને

સહધર્મની કહે છે, પાર્વતી પણ શીવજીની વિવાહીત સ્ત્રી છે, લગ્ન થયાથી અર્ધાંગના કહેવાય છે. એટલે પુરૂષનું અરધું અંગ સમજવું." પુજારીએ હસીને ખુલાસો કીધો.

"ગમે તેમ હોય પણ એ દેવીભક્તને છોડી હું જવા માંગતી નથી. મારૂં મન માનતું નથી. તેણે મારૂં એટલા દિવસ પાલણ પોષણ કર્યું છે, રાજબાળા બોલી.

"શા માટે તને પાલી છે તે તું જાણતી નથી એટલે શું?" પુજારી બોલ્યો.

એમ કહીને તાંત્રિક સાધનમાં સ્ત્રીઓની કેટલી જરૂર છે તે સમજાવ્યું. પણ રાજબાળા સમજી નહી પણ મનમાં મોટો ભય ઉત્પન્ન થયો અને તે બોલી, ત્યારે લગ્ન કરવાજ ઉચીત છે!

એટલી દેવી સનમુખ વાતચીત કરીને તે બન્ને દેવળ બહાર નીકળ્યા. પછી રાજબાળાને એક ઓરડીમાં બેસાડીને પુજારી પેલા યુવકના બીછાના પાસે ગયો, અને તેના મોં સામે જોઇને કહ્યું "ભાઇ ઉંઘોછો કે?"

યુવકની હાલત કાંઇ સ્વસ્થ ઉંઘવા જેવી નહોતી. તે પથારીમાં પડયો પડયો વીચાર કરતો હતો તેને પુજારી પુછ્યું આપ કોણછો? અભયે કહ્યું હું ક્ષત્રીછું પુજારીએ કહ્યું તમે પરણેલાછો કે કુંવારા? અભયે કહ્યું કુંવારો પુજારીએ વીચાર્યું.

પણ રજપુતો કયાં એક હયાત છતાં બીજી કરી શકતા નથી? તેમને ગમેતો પાંચ, દશ, પંદર પરણે. પોતાની ખુશીની વાત છે. તે આ પુંજારી જાણતો હતો, તેથી તે બોલ્યો "હું આપને એક વલી પૂછવા આવ્યો છું. પેલી કન્યાએ તારો પ્રાણ બચાવ્યો છે. તેણે તમારા હિતને માટે પોતાનો પ્રાણ નાસ થાય એવું કાંઇ કર્યું છે જે દેવી ભક્તના આશ્રયમાં રહે છે, તે મહા ક્રોધી—ખરાબ સ્વભાવનો છે તેની પાસેથી તરવાર લઇને તમને છોડવી લાવી, અને તમારો પ્રાણ બચાવ્યો અને હવે તેનો પ્રાણ જાય એવી વાત છે, માટે એના બચાવ માટે તમે શો ઉપાય શોધી કાઢો છો!"

" મને પણ એવોજ ડર હતો, તમે બધું જાણો છો; માટે કાંઇ યુક્તિ યોજો. મારો પ્રાણ એણે બચાવ્યો છે, તો કોઇ પણ રીતે એનો પ્રાણ મારાથી બચે તે રસ્તો લેવા હું તૈયાર છું. એવો સંકલ્પ કરૂં છું કે એ મહાપાતકી પાસે જઇને મારો પ્રાણ સમર્પણ કરૂં, જો તેમ કર્યાથી એનો બચાવ થતો હોય તો " યુવક ગંભીરાઇથી બોલ્યો.

" તમે ગાંડા છો. તમારો પ્રાણ જશે તે છતાં એના પરનો એ દુષ્ટનો ગુસ્સો કાંઇ ઓછો થશે નહી. હવે તો એક ઉપાય છે " પુજારી હસીને બોલ્યો.

" શો ઉપાયાય છે ! " અભયે આશ્ચર્યથી પુછ્યું.

" તમારી સાથે એણે નાશી જવું; પણ એ ઘણું મુશ્કેલ છે મારે ત્યાં રહેવાથીતો એક બે દિવસમાં તમે પકડાઇ જશો; કારણ કે એ અઘોર પાતકી મારે ત્યાં હર હમેશ આવે છે તેથી રાજબાળાના નસીબમાં અશુભ જોઉં છું. " પુજારીએ દીર્ઘ નિશ્વાસ નાંખી કહ્યું—

" મારી સાથે નાસી જવું શા માટે તમે મુશ્કેલ ધારો છો!" યુવકે સવાલ પુછ્યો.

" એ કોની કન્યા છે, એ કયા કુળમાં જન્મી છે તે તમે કાંઇ જાણુતા નથી, તેમ એ કેવી ચાલ ચલણુની છે તે પણ તમારા જાણુવામા નથી. તમે એને સાથે રાખીને પાછી શું તમે તમારા પોતાના ઘરમાં રાખી શકશો ! જો તમે એને આશ્રય ન આપોતો એ બીચારી દુઃખી બાળા પાછી કયાં જાય ? " પુજારીએ શાંત વદને કહ્યું,

" મારો પ્રાણ બચાવનારને માટે હું કોઇપણ કાર્યથી બીહીશ નહી એને હું મારા કુટુંબમાં રાખીશ " અભયસિંહ નિડરતાથી બોલ્યો.

" ઠીક છે, પણ જ્યારે આપનાં સગા વહાલાં પુછશે કે એ કોની સ્ત્રી છે, ત્યારે શું જુવાબ દેશો ! " પુજારીએ ગુચવાડો મુકયો.

" તમે મને ઓળખાણ આપો, એટલે એ ઓળખાણ જાહેર કરીશ ? ' યુવકે ગુચવાડો ભાંગ્યો.

" ઠીકછે, પણ રસ્તામાં તમે યુવક યુવતી એક બીજાની મદદ લઇને શી રીતે જશો ? લોકો તમને જોઇને શું કહેશે ? તમારા સગા સ્નેહીઓ શું કહેશે ! વળી એ કન્યાને હું દીકરી કહીને બોલાવું છું, ત્યારે અજાણ્યા અપરિચિત મનુષ્ય સાથે કેવી રીતે મોકલું ? " યુવકે પાછો ગુચવાડો મુકયો

', ત્યારે તમે સાથે પધારો' યુવકે પાછો ગુચવાડો તોડયો " હુ આવું ત્યારે માહાદેવીની પુજા કોણ કરે ? ' પાછું પુંજારીએ ચલાવ્યું.

" ત્યારે કાંઇ પણ ઉપાય શોધી શકતા નથી । યુવક દીલગીર થઇને બોલ્યો.

" ફક્ત એક ઉપાય છે' અને તેમાં તમારી ઔદાર્યતાની જરૂર છે " પુજારીએ કહ્યું.

" તે ઉપાય શું છે ? તમે જે કહેશો તે હું કદી ના પાડીશ નહિ શો ઉપાય છે તે કહો ' યુવક બોલ્યો.

' સાંભલો એ પણ રજપુતબાલા છે. હું એનો વૃતાંત સારી રીતે જાણું છું. નાનપણમાં મુસલમાન ચોરો વહાણમાં બેસાડીને એનું હરણ કરી જતા હતા. પણ રસ્તામાં વહાણ ભાગ્યું; બધા ડુબી ગયા અને આ બાળા સમુદ્રના કીનારે દૈવયોગે બચી. પેલા દેવીભક્ત જયરામના જોવામા એ આવી તેથી તેને લઇને એ પોતાના આશ્રમમાં આવ્યો અને તેણે એને પાલી પોષીને મોટી કીધી. હજુ એ કુવારી છે, અને એનુ ચરિત્ર પવિત્ર છે, તમે તેથી એની સાથે લગ્ન કરીને તમારે ઘેર લઇ જાઓ. એમ કર્યાથી કોઇ કાંઇ કહેશ નહીં હું તમને શાસ્ત્ર વિધી મુજબ પરણાવીશ. ' પુજારીએ તરંગનો મણકો મુકી દીધો. જે કહેવાનું હતું તે કહી દીધું.

અભસિંહ પથારીમાંથી એકદમ ઉઠી ઉભો થયો અને આસપાસ ફર્યો.

" હાલ તમે આરામ લો, પ્રાતઃકાળે હું તમને જગાડીશ, એકલા જવાની મરજી હોય તો એકલા જજો. હું તમને આપ

ના વતનનો રસ્તો દેખાડીશ' પુજારીએ તેને હર્ષઘેલો થયેલો જોવાને કહ્યું અને પછી તે ત્યાથી ચાલ્યો ગયો. અને આપણો યુવક પાછો મનતરંગના માલાના મણકા ફેરવતો બિછાનામાં પડયો વીરલા પૃથ્વીપર કોઇકજ હોય છે. તે તો ફક્ત પ્રતાપજ હતો આ બાપડો ભીમસિંહ યવન થયો તેમાં શું ?

શું ગણોતો ઘણુંએ છે, ના ગણોતો કાંઇજ નથી. પોતાના કુટુંબનો પ્રાણ નાશ થાય તો ભલે, પણ નીતી ધર્મ ત્યાગી દેહ વટાળા પરધર્મમાં કેમ જવાય? શાબાશ! પ્રતાપસિંહ! તારી હીમતને તેં અત્યંત દુઃખ વેઠયું. છતાં ટેક છોડયો નહી. અકબર બાદશાહે તેને કહ્યું હતું કે ફકત દીલ્લીશ્વરને નમે, તો આખુ મેવાડ તેને સુપરત કરે પણ તે નમ્યા નહી ત્યારે આ બાપડો ભીમસિંહ કુટુંબસહ યવન થયો. દેવ! તારી ગતી ન્યારી છે!

આવી રીતે ભીમસિંહ યવન થયાથી ટેકી રજપુતોએ પોતાની સાથે—પંગતમાં બેસાડયો નહિ. તેને સંઘર્યો નહી; અને તે કારણથી આપણા અભયસિંહે પોતાની લાલબાને પણ છોડી; ભીમસિંહે મોટો હોદ્દો મેળવવાની આકાંક્ષાથી જાતી ભાઇઓની પરવા કરી નહી, થોડા વખતમાં ધન લાભ તથા મોટો હોદ્દો મેળવ્યો; અને ત્યારથી તેણે પોતાનું નામ મુસલમાની રાખ્યું.

ભીમસિંહ અને લાલબાની શી અવસ્થા થઇ, તે આ બાપડો અભયસિંહ જાણતો નહોતો, તેથી તેણે બાજું લગ્ન કર્યું નહોતું, એપરથી ખરી રીતે જોતાં તેને સ્ત્રી નહોતી. ત્યારે શું તે જુઠું બોલ્યો? ના, તેના મનમાં જે કાંપ હતું—તે એ કાંઇ જાણતો હતો તેથી સાચે સાચું કહ્યું. પાછળની હકીકતની તેને ખબર નહી હતી. માટે તેતો સાચુંજ બોલ્યો.

પ્રકરણ ૯ મું.

દુઃખની આગાહી

પ્રાતઃકાળ થયો અરૂણસારથીએ ચાબુકથી પોતાના અશ્વ ઝપાટાબંધ ચલાવવા માંડયા; પક્ષીઓ પોતાના માળાઓમાં

આનંદથી કલરવ કરવા લાગ્યાં. "

અભયસિંહ એ સાંભળીને ખુશ થયો. પછી આપણા પુજારી મહારાજે નારદઋષી માફક રાજબાલા અને યુવકનો ગાંધર્વ વિવાહ કર્યો.

પેલા દેવાભકત જયરામની કાંઇ ખબરક ાઢી નહિં. આ તરફ પેલા ત્રણે જણાઓ જવાની તઇયારી કરી અને ભૃગુપુર તરફનો સરળ રસ્તો આવ્યો; ત્યાં સુધી પુંજારી તેમને વિદાય કરવા આવ્યો, પછી તેઓ ભ્રગુપુર તરફ ચાલ્યા.

જતી વખતે રાજબાલાએ પોતાનું ભવીષ્ય જાણવાને માટે આશાપુરી માતાનાં મંદીરમાં ગઇ, અને પુષ્પપાતમાંથી એક પુષ્પ લઇને માતાજીના ચરણપર મુકયું. અને એકીટસે તેના તરફ જોતી ઉભી રહી. રાજબાલાને દેવીપર ઘણીજ આસ્થા હતી તે પુષ્પ માતાના ચરણપરથી તરતજ પડી ગયું અને રાજબાલા ભયથી કંપી અને થરથર ધ્રુજવા લાગી.

"શું આ ભવીષ્યના દુઃખની આગાહી છે કે?" તેણે પોતાના મનમાં કહ્યું.

જો દેવીના ચરણપર પુષ્પ રહ્યું હતે, તો તે સુખી થાત અને પુષ્પ પડી ગયું, તેથી દુઃખ પડશે એવું તેના મનમાં આવ્યું. દેવ મોટા કે આકીન ? આકીન મોટી ચીજ છે. પુજય આસ્થાએ દેવી પાસ પોતાના મનમાં ભવિષ્યના સુખ દુઃખ સંકલ્પીને ગઇ હતી. અને તેનું પરીણામ વીપરીત આવશે

તેણીએ પાછી ફરીને પુજારીને આવીને વાત કહી. પુજારી પણ દીલગીર થયો, કારણ હવે તેના હાથમાં કાંઇ ઉપાય નહોતો ગાંધર્વ વિવાહ થઇ ચુકયો હતો,પતિ પત્નિ પ્રમાણે વર્તવા તેઓએ કબુલ્યું હતું.. દેવીએ પ્રથમ પરણવાને માટે આજ્ઞા આપી હતી, પણ આ આગાહી તો તેને ભવિષ્યમાં દુઃખ પડશે એવી હતી. શું કરવું ? ગમે તે થાય, દુખના વાદળાં તુટી પડે, તો પણ જેને એક વખત પતિ કહયો, તેનેજ વળગી રહી, પોતાના પત્નિ તરીકેના ધર્મ પાળવા, એજ સ્ત્રીઓના સદગુણ છે.

પુજારીના પાછાં ફરતી વખતે રાજબાલા એક બાલક પ્રમાણે

તેનો વિયોગ પડવાથી રડવા લાગી. “ મારે આ પૃથ્વીમાં જે સ્નેહી પિતા તુલ્ય હતા; તે તમેજ હતા. તમે મને પાળી પોષી ઉછેરીને મોટી કરી, નહિતો હું નકકી અરણ્યમાં ક્યાંની ક્યાં રખડીને ટળવલતી હતી. કદાચ પેલો દેવીભક્ત બદધાનત કરતે, કે કદાચ મારૂં બલીદાન આપતે, પણ આપેજ મને ઉગારી-બચાવી-રક્ષણ કર્યું અને આપ આ વખતે મને છોડી જાઓ છો અને મને છુટી પાડો છો. પુજારી પણ આક્રંદ કરવા લાગ્યો.

કન્યાઓને સાસરે જતી વખતે કેવું રડવું આવે છે. મા બાપથી વિખુટા પડતી વખતે કેવું આક્રંદ થાય છે, તેઓ એક બીજાના પાછલા ગુણો સંભારીને કેવાં રડે છે એ દેખાવ અત્રે વર્ણન કરતાં ઘણાજ પૃષ્ટ ભરાય, માટે જાત્યાનુભવ કરી લેવા ને વાંચકને વીનંતી છે. તેવીજ રીતે કોઈ સ્નેહી હાલના અગ્ની રથમાં બેસી છુટો પડે છે. વીયોગ થાય છે, ત્યારે સ્ટેશન ઉપર તેને મળવા સ્નેહીઓ કઠણ હૃદયના નહી પણ પોચા હૃદયના કેવા રડે છે, તેનો તાદ્રસ્ય ચિતાર રેલવે સ્ટેશનપર થશે.

પુંજારીએ રાજબાળાના કપડાંમાં કાંઇક બાંધી આપ્યું હતુ તેથી તેને રાજબાળાને વિયોગ-છુટા પડતી વખતે કાનમાં કહ્યુ કે “ તારા કપડાંમાં કાંઇક બાંધી આપ્યું છે, તેનાથી તારા સ્વામી સાથે ગાડી બાડે કરીને તુ સુખ રૂપ ચાલી જજે. તને તેમજ તારા ભવિસ્યમાં થતા પુત્રોને પણ ઓછુ પડશે નહી એવું છે. ” એટલુ કહીને પુંજારી તેનાથી છુટો પડયો, કારણ કે તેને પાછો દેવી પુંજાનો વખત થવા આવ્યો હતો, અને આ તરફ યુવક અને યુવતી પણ ભ્રગુપુંરની વાટે ચાલ્યા.

પ્રકરણ ૧૦ મું.

રગસીઆ ગાલ્લામાં

યુવક યુવતી બંને ચાલતાં કેટલીક પગથીઓ વટાવીને

સહીસલામત ભરૂપુર આવ્યા ત્યાં નર્મદા કીનારે દશાસ્વમેધતા ઓવારે નાહી પોતાનો દેહ પાવન કર્યો.

અત્રે ઘણાજ વરસપર સત્યયુગમાં બલીરાજાએ નવાણુ યજ્ઞો કર્યા હતા. નવાણુ યજ્ઞ થયા એટલે દેવતાઓ સર્વ ચમકયા ગભરાયા અને વિષ્ણુ પાસે જઇ સવિનય યાચના કરી કે જો સોમો પુરો થશે, તો બળીરાજા ઇંદ્રાસન સુખ વૈભવ ભોગવશે અને અમને અતીશય કનડશે. તેમની પ્રાર્થના સાંભળી અને વામન રૂપ ધારણ કરીને બલીરાજા પાસેથી ભીક્ષા માંગવા આવ્યા. યજ્ઞ કરતી વખતે જે ભીક્ષુક ગમે તે યાચે તેને જે જોઇએ તે માંગવાનુ કહયુ. તે પરથી શ્રી વામનજીએ ૩॥ ડગલાંની યાચના કરી. બળીરાજાએ તેને ઘણુજ કહયું કે ૩॥ ડગલા જમીન લઇને શું કરશો ? કાંઇ ધન, જાગીર એવું કાંઇ માંગો, ત્યારે વામનજીએ કહયું કે ૩॥ ડગલા જમીન-નીજ ભીક્ષા છે ત્યારે બળીરાજા પાણીની અંજલી લઇને સંકલ્પ કરવા જતો હતો, ત્યારે તેના ગુરૂએ કહ્યું કે સંકલ્પ ના કર. ૩॥ ડગલાંમાં સર્વ જમીન લેઇ લેશે. પણ તેણે માન્યું નહી. સંકલ્પ કીધો; અને તરતજ વામનજીએ ત્રણ ડગલામાં આકાશ પાતાલ, ચૌદલોક સર્વ લઇ લીધું અને ॥ ડગલુ બાકી રહ્યું, તે બલીરાજાને માથે પગ મુકતાંજ તેને પાતાલમાં સમાવી દીધો જ્યાં યજ્ઞ કરેલો તે જગ્યાએ સુવર્ણનું પિપલવૃક્ષ હતું પણ હાલ તો મહાત્મ ઘટવાને લીધે સામાન્ય પિપલવૃક્ષ છે.

પછી તેઓએ રસોઇ પાણી કરી જમી પરવારીને એક ગાલ્લું ભાડે કર્યું અને મુસાફરી શરૂ કરી રસ્તો ઘણો ખરાબ હતો, તેમાં કાનમની ભોંય એટલે પુછવુજ શું ? સ્પષ્ટ ચીલામાં કોઇ સ્થળે ખાડા હોય, અને કાંઇ બરાબર ઘરેડ ના હોય. તેથી અફલાતાં ઝીકાતાં હાડકાં પાંસલાંનો ભુકો થઇ જતો, કમ્મર દુખી જતી; ઘણીકવાર ગાડામાં બેઠાથી આખરે યુવક અકળાયો અકળાયો અને સાંજ પડવા આવી હતી અને ધર્મશાળા પાસે હતી તેથી પગે ચાલવાનું દુરસ્ત ધાર્યું. યુવકે ગાડીવાનને કહ્યું. “ હવે જે ધર્મશાળા આવે, તેમાં તમે જઇ ઉતારો કરો, બળદોને ઘાસ ચારો નાખો, મુકામની સોઇ કરી, રસોઇપાણીની તજવીજ કરો, એટલામાં હું આવું છું. આ બાઇને બરોબર સાચવીને લઇ જજો. ”

રગશીઉં ગાડું ચાલ્યું, અને યુવતી તેમાં બેઠી પોતાની પુર્વ

જીંદગીના વિચારમાં તલ્લીન થયેલી હતી; અને યુવક ધીમે ધીમે ગાડા પાછળ ચાલતો આવતો હતો.

સવિતા નારાયણુ અસ્ત પામ્યો, પક્ષીંઓ પોતપોતાને માળે ચાલ્યા, ક્ષેત્રના રક્ષકો આખા દહાડાના જનાવરો ઉરાડેલા તેથી થાકીને અંતરાત્માને વિસામો આપવાને ભુખાગ્નિને શાંત કરવાને વાળુ કરવાને—રોટલા ખાવા જતા હતા. કોઇક સ્થલેથી શીઆળવાના બરાડા સંભળાતા હતા, ઘુવડ પક્ષીઓ અને વાધોલો રાતના રાજા, સાંજ પડી એટલે નિમગ્ન થઇ ચેનમાં ખોરાકની શોધમાં ઉડવા લાગ્યા. જંગલના હિંસક પ્રાણીઓ સાયંકાળ થયાથી ધીમે ધીમે પોતપોતાની ગુફામાંથી નીકળી, શિકારની શોધમાં બહાર આવતાં હતાં અને અરણ્યનો રાજા તથા રાણી બરાડ મારતા પોતાની બખોલમાંથી નીકલી આવતા હતા. દિવસે ફરનારા પ્રાણીઓ તથા પક્ષીઓ નિશાચરોની ધારતીથી ઝાડોમાં લપાઇ જતા હતા, મહીકાંઠાના કોળીઓ જે દિવશના ભાગમાં કોઇ ગામમાં પોતાના રાતના શિકારને માટે શોધ તથા ધનમાટે બારીકીથી તીક્ષ્ણ દ્રષ્ટીથી તપાસ કરતાં હતાં, તેઓ પેતાને ઘેર જઇ લેંઘા પહેરી બુકાની બાંધી હાથ માં ડાંગ કે ધારીયું લઇ લુંટફાટ કે ચોરી કરવાની ધારણાથી સજ થઇને બહાર પડવા વિચાર રાખતા હતા. કોઇક ગામ ના સ્વચ્છંદી પુરૂષો તે ગામની રમણી સાથે, તેમના ધણીઓ ક્ષેત્ર સાચવવા જાય ત્યારે સુખ વૈભવ—ચેન કરવા—ભોગવવાને પોતાની મુછોને તથા વાલને ટાપટીપ કરતા, ફક્કડ લુગડાં પહેરી ફક્કડ થઇને બહાર નીકળવાની તૈયારી કરતા હતા. જ્યારે કેટલાક પગીઓ, ગ્રામ્ય રક્ષકો, પોતાની સ્ત્રીઓને બારણે ધુંગળ વાસવાને, બચ્ચાંને ગોદડી પાથરી સુવડાવી દેવાની ભલામણ કરીને ક્ષેત્ર સાચવવા, અથવા ગ્રામ્ય રક્ષા કરવાને પોતપોતાની ભાગોળો સંભાળવા તત્પર હતા. ત્યારે આપણો તરૂણ પોતાની પુર્વ સ્થિતી, રાજબાલાનો મેલાપ અરણ્યમાંનુ દુઃખ, દેવીભક્ત સાથનો મેળાપ અને પુજારીની મમતાનો વિચાર કરતો ધીમે ધીમે ચાલતો હતો.

રસ્તામાં ચાલતાં કાંઇ મોટી વસ્તુ પડેલી હોય એવું દેખાયું, અને ધારીને જોયું, તો કોઇ ભાંગેલી ગાડીનો માંચડો—ધરી હોય એમ જણાયું. અને તેને ધાસ્કો પડયો. કદાચ રાજબાલાને કોઇ

હરામખોરોએ લુંટી તો નહી હોય ! કદાચ ગાડા વાળાને મારી, બળદો છોડી જઇને, ગાડું ભાંગી નાંખી, રાજબાળાને લઇ તો ગયા નહી હોય. બારીકીથી જોતાં કોઇ મનુષ્ય પડેલું જણાયું અને તેને ધારતી લાગી, ભય ઉત્પન્ન થયો. તેણે ભોંયપર બેસીને હાથ ફેરવીને જોયું, તો ખરે કોઇ મનુષ્યશરીર દેખાયું, અને તે કોમળ હોય એમ જણાયું. તેની હાથની નાડી ચાલતી નહતી, તેથી તેનો કદાચ પ્રાણ નાશ થયો હોય એમ અનુંમાન કર્યું; એટલામાં એક ઉંડો નિશ્વાસ તેના કાને પડયો, અને તેના શરીરમાં કાંઇ ચૈતન્ય આવ્યું ત્યારે શુ આ કોઈ રોગી પડેલો હશે ? તેનો શ્વાસ ચાલે છે. ત્યારે તેને જાણ્યું કે આ જીવતો માણસ છે. તેથી તેને પુછ્યું, "અહી કોઇ જીવતુ મનુષ્ય છે ?" મંદ સ્વર ઉતર મળ્યો "હા છે" તમે કોણ છો ! યુવકે સવાલ પુછ્યો "તમે કોણ છો" ઉત્તર આપનારે સામો સવાલ પુછ્યો. આ ઉતર આપનારનો સવાલ યુવકને સ્રીના જેવો લાગ્યો અને ફરી તેને ધાસ્કો પડયો તેથી તેને અધીરાઈ અને આતુરતાથી પુછ્યું "રાજબાળાછો !"

"રાજબાળા કોણ છે તે હું જાણુતી નથી. હું મુશાફર છું અને ચોરોથી લુટાયલી છું" ઉતર આપનારીએ જણાવ્યું.

"તમને શું થયું છે !" યુવકના મનમાં મશ્કરી લાગવાથી પુછ્યું.

'લુટારાઓએ માહારો મેનો ભાંગી નાંખ્યો, તથા એ મેનો ઉપાડનાર મારા ચાર ભાઇઓ પઇકી એકને મારી નાંખ્યો અને ત્રણ ધારતીથી નાહાશી ગયા છે. માહારા શરીર પરના સર્વ દાગીના તેઓએ કાઢી લીધા છે અને મને આ મેના સાથે બાંધીને તે હરામખોરો નાહાસી ગયા છે." ઉતર આપનારીએ ખરી હકીકત કહી.

યુવકે નીચા નમીને બરાબર તપાશ કરી તો ખરે મેના સાથે તે સ્રીને બાંધેલી દીઠી; તેથી તેણે તે બંધન છોડીને તેને કહ્યું "તમે ઉઠી શકશો !"

"મને પણ ડાંગનો એક ફટકો માર્યાથીમારા પગમાં લાગ્યુ છે તેથી આપ મને હાથ આપશો તો ઉઠી શકાશે' તે અજાણી સ્રીએ કહ્યું.

યુવકે હાથ આપ્યો. અને તેની મદદથી તે ઉઠી ઉભી થઇ અને બંનેએ ચાલવા માંડયું ચાલતાં ચાલતાં યુવકે અજાણી અપરિચિત સ્ત્રીને પુછ્યુ " તમારી પાછળ કોઇ મુસાફરને ગાડામાં જતાં તમે જોયાછે ? ' તે સ્ત્રીએ કહ્યું, " ના મને ખબર નથી. '

" અહીથી ધર્મશાળા કેટલે દુર હશે ? મારાથી ચાલી શકાતું નથી. ' તે અજાણી સ્ત્રીએ પુછયું.

મને બરાબર ખબર નથી પણ પાસેજ હોવી જોઇએ એવું અનુમાન કરૂછું. ' યુવકે જવાબ દીધો.

તે સ્ત્રીથી બરાબર ચલાતું નહોતું, તેથી કાંઇ પણ ઉઠ અગર સંદેહ લાવ્યા વગર તે યુવકનો હાથ પકડીને તેની સાથે ચાલી.

ધર્મશાળા ખરેખરજ પાસે હતી. ગામડાની ભાગોળે પરમાર્થી પુરૂષ શ્રીમંત લોકો પોતાના ધર્માનુસારે યથા શક્તિ મુજબ મુસાફરોને આશાયેશ લેવા માટે ધર્મશાળાઓ બંધાવે છે. લુંટારાઓ ધર્મશાળા પાસેજ અજાણ્યા મુશાફરોનું સર્વસ્વ લુંટવાને માટે-જો કે ત્યાં એકાદ રખો હોય તોપણ-આવે છે, અને કેટલીક વખત લાગ ફાવે તેમનું સર્વસ્વ લુંટી જાય છે. મુસાફરો મુસાફરી કરતી વખત ઘણા ચેતેલા-ચોકેલા રહે છે, અને ધર્મ શાળામાં વારા ફરતાજ સુએ છે, તેનું કારણ તેજ છે.

આપણે યુવક તે અજાણી અપરિચિત સ્ત્રીને લઇને ધર્મ શાળામાં આવ્યો, અને તપાસ કરી તો જણાયું કે ત્યાં એક ગાડું, છુટેલું હતું, અને રાજબાળાએ એક ઓરડીમાં ઉતારો રાખ્યો હતો જ્યાં તે શાંત મુગી વિચારમાં બેસી રહી હતી.

યુવકે પેલી અજાણી સ્ત્રીને માટે બીજી ઓરડી રોકી, અને ધર્મશાળાના રખેવાળને દિવો લાવવા કહ્યું. દીવાના અજવાળાથી યુવકે જોયું તો તે ખરેજ એક રમણી રંભા જોઇ, અને દિંગ થયો. તેનું રૂપ લાવણ્યમયી-અનુપમ સૌંદર્યવાન હતું અને તે ભરયુવાનીમાં હોય એમ જણાતું હતું. એના રૂપ માટે અતિશય લખાણ કરી પૃષ્ટ રોકવા સ્ત્રી કવીની કવિત્વ શકિત માટે રહેવા દઇ અમારા આતુર વાંચકોને માટે એટલુંજ કહીએ છીએ કે તે ઘણીજ રૂપવંતી હતી.

પ્રકરણ ૧૧ મું.

અપરિચિત સ્ત્રી સાથે મુલાકાત.

મુંબાપુરીનો એક ગ્રહસ્થ કાશી યાત્રાએ પોતાના કુટુંબ સહ જતો હતો, તેને રસ્તામાં ઘણીજ અગવડ જણાયાથી પાલેજ ગ્રામ્યની ભાગોળે આ ધર્મશાળાનું મકાન મુસાફરોને પડતી અડચણ-વિટંબણા મટાડવાને માટે બંધાવી આપ્યું હતું, એ ધર્મશાળાના મકાનમાં બે ઓરડીઓ હતી, અને વચ્ચે એક ઓસરી હતી. ઓરડીઓમાં કોઇ ગ્રાહસ્થ જેવા કુટુંબ સહ આવે તે ઉતરતા હતા, અને ઓસરીપર અન્ય સાધુ સંતો અને બીજા મુસાફરો ઉતરતા હતા. તેની નીચે અન્ય મુસાફરો અને સાધુ સંતો ઇંટોના ચુલા બનાવી રસોઇ પાણી કરતા હતા, જ્યારે ગ્રહસ્થ કુટુંબ પેલી ઓરડીઓમાંની એક ઓરડીમાં રસોઇ પાણી કરતા હતા, આ ધર્મ શાળાનું મકાન એક મજલાનું હતું, તેને વાંસ વલીનું છાપરૂં હતુ તેને દીવાલો ઇંટ માટીની હતી. અને કોઇ સ્થળે જીર્ણ થએલી હતી. એટલે માંહેથી મટોડુ ખરતું હતું; કોઇ સ્થળેથી નાની ઇંટો-રોડીઓ નીકળી પડતી હતી. આળસુ મુસાફરો ઉપડતી વખતે પુંજો કચરો કહાડતા નહિ હોવાથી બીજા મુસાફરો આવે તેને પુંજો કાઢવો પડે તેથી એક સ્થળે સહેજ તેનો ઢગલો થયો ધર્મશાળાની દેખરેખ ગામનો મુખી—પોલીસ પટેલ રાખતો હતો, અને ઉતારૂઓને મુસાફરોને કોઇ લુંટે નહી, તે માટે એક પગી ત્યાં રાતે રહેતો હતો, જે તાપણી ચેતાવી તાપ્યા કરતો હતો.

આપણો યુવક અપરિચિત સ્ત્રી સાથે તે ધર્મશાળમાં આવ્યો અને તેને માટે એક ઓરડીમાં ઉતારો આપ્યો. અપરિચિત સ્ત્રિનું સર્વ અંગ ગૌર વર્ણનું હતું; સ્યામતા નામજ નહોતી તેની ઉમર ૨૦ વર્ષની હોય એમ લાગતું. પુર્ણ યોવનથી તેનુ શરીર ચંચળ રહેતુ, તેના યોવનથી મોહીને કે કોણ જાણે શા કારણથી યુવક તેના તરફ—તેના રૂપ તરફ એકી નજરે જોઇ રહ્યો.

" તમે શું મારૂં રૂપ જુઓ છો ? ' તે અપરિચિત સ્ત્રીના તરફ તે યુવકને જોતો જોઇ તે સ્ત્રી બોલી ઉઠી,

યુવક કુળવાન રજપુત હતો. તે આ પ્રશ્નથી ખસીઆણો પડી ગયો, અને નીચે ભોંય ખોતરવા જેવું થયું. તે કાંઇ જવાબ આપી શકયો નહી, ત્યારે તે સ્ત્રી ફરી હસીને બોલી, "મને લાગે છે કે તમે કદી પણ રૂપવંત સ્ત્રીઓ જગતમાં જોઇ નહી હોય નહીતો મને રૂપવંત ધારો નહિ.'

બીજી સ્ત્રીનું આવું બોલવું અપમાનયુક્ત લાગે, પરંતુ આ અજાણી સ્ત્રી હસતાં હસતાં બોલી હતી, તેથી યુવકે જાણ્યું કે એ બહુ બોલી છે, અને મશ્કરી રૂપે બોલે છે; તેથી તેણે પણ ઝટ લઇને કહયું "મેં ઘણી સ્ત્રીઓને જોઇ છે, પણ આપના જેવું શૌંદર્ય રૂપ કોઇનામાં પણ જોવામાં આવ્યુ નથી,

"ત્યારે શું તમે એકપણ એવી સ્ત્રી (રૂપાળી) જોઇ નથી ?" તે સ્ત્રીએ પુછ્યું.

આ વખતે યુવકના મનમાં રાજબાળાએ પ્રવેશ કર્યો, તેથી તેણે ગર્વથી કહયું, "એક પણ જોઇ નથી એમ કહી શકતો નથી."

"તો ઠીક. તે આપની અર્ધાંગના છે?" અપરિચિત સ્ત્રીએ પાછું પુછ્યું.

ઘણાજ નીતિવાન ગુજરાતીઓ પોતાની સ્ત્રી ગમે તેવી હોય તોપણ તેને રૂપવાન માની સુંતુષ્ટ રહે છે; અને બીજાપર કદી કુદષ્ટી કરતા નથી, તેઓ પોતાની સ્ત્રીને માટે મગરૂર રહે છે.

"આપનો પોશાક તો મુસલમાની લાગે છે, છતાં આપ ગુજરાતી ઘણી સારી રીત શુદ્ધ બોલી શકોછો યુવકે પેલી વાત ઉડાવીને અપરિચિત સ્ત્રીને સવાલ કર્યો.

તે સ્ત્રીએ પોતાના પોશાક તરફ નજર કરી પછી જવાબ દીધો, "હાજી, અમે અસલ ગુજરાતના છઇએ; પછી તે વાત ઉડાવી દઇને યુવકને પુછ્યું "પેલી ઓરડીમાં જે રૂપવાન સ્ત્રી છે તે કોણ છે?"

"તે મારી વિવાહીત સ્ત્રી છે" યુવકે ટુંકમાં જવાબ દીધો

"આપનું મુલ વતન કયાં છે તે જણાવશો?" અપરિચિત સ્ત્રીએ બીજો સવાલ પુછયો.

"મુલ વતન ભીમગઢ, પણ હાલમાં અમે વઢવાણ શહેરમાં મોશાળ પક્ષમાં રહીએ છીએ" યુવકે ખરો જવાબ દીધો.

આ સાંભળીને પેલી અપરિચિત સ્ત્રી ગભરાઇ ગઇ, અને નીચું જોઇને દીવો સંકોરવા લાગી, અને પછી પુછયું "આપનું મુબારક નામ કહેવાની કૃપા કરશો ?"

"મારૂં નામ અભયસિંહ રાઠોડ છે" યુવકે જવાબ આપ્યો અને તે સ્ત્રી દિંગ થઇ ગઇ; એટલામાં દીવો હોલવાઇ ગયો એટલે અભય ઉઠયો અને ધર્મશાળાના નોકરને બીજો દીવો લાવવા અ-ગર આ દિવો ચેતાવવા કહ્યું તે અપરિચિત સ્ત્રીએ કહ્યું "કાંઇ જરૂર નથી" અને એક ઉંડા નિશ્વાસનો શબ્દ તેની છાતીમાંથી નિકળ્યો.

પ્રકરણ ૧૨ મું.

રાજબાળાને ભેટ.

થોડીવારમાં તેનો એક નોકર આવી ચઢયો, તેને જોઇને પેલી મુસલમાન લેબાશવાલી સ્ત્રીએ રોષથી કહ્યું "તમને કેટલી વાર ? કયાં ગયા હતા, ! બીજા કયાં છે ?

"અમારામાંના કેટલાક શરાબ લઇ ચકચુર બન્યા હતા, જેથી તેમને ઠેકાણે લાવવામાં રોકાયાથી અમે મેના પાછળ રહી ગયા; પછી ચાલતાં રસ્તામાં ભાંગેલો મેનો દીઠો, અને આપને નહિ દીઠાથી અમે બધા દિંગ થઇ ગયા. કેટલાક આપની શોધમાં આસપાસ ગયા છે. અને હું આ તરફ શોધવા આવ્યો છું" પેલા નોકરે દીલગીર થઇને જવાબ દીધો.

"જાઓ. તેઓને શોધી લાવ, અને અહીં સર્વને એકઠા કર ને બીજાએ હુકમ આપ્યો.

તે નોકર સલામ આલેકમ કરી ચાલ્યો ગયો, અને બીબી

લમણે હાથ દઇને વિચારમાં બેઠા. એટલામાં અભયે રજા માંગી ત્યારે ઝબકી ઉઠીને પુછ્યું " તમે કયાં જાઓ છો ? "

" આ પાસેની ઓરડીમાં. " યુવકે જવાબ આપ્યો.

" આપની ઓરડી પાસે જે ગાડું છુટેલું છે, તે આપના સાબતીઓનું છે કે ? " બીબીએ પુછ્યું.

ના ! મારા ગાડામાં ફકત મારી સ્ત્રીજ હતી. જે એજ ઓરડામાં છે. અમારી સાથે બીજું કોઇ નથી. " યુવકે શાંતીથી જવાબ આપ્યો.

" ત્યારે જે રૂપાળી સ્ત્રી માટે આપ કહેતા હતા, તેજ એ હશે. ? " મશકરી કરવાનો લાગ જોઇને બીબી બોલ્યા.

" તેમને નજરે જોવાથી તે તો જણાશે. " યુવકે ઉતર આપ્યો.

" હું તેમને જોઇ શકીશ ? અને એમને જોવાને આવવાને મને વાંધો તો નથી ? " બીબીએ પુછ્યું.

" એમાં કાંઇ હરકત નથી; મરજી હોય તો હાલ મારી સાથે ચાલો. " યુવકે જણાવ્યું.

" હાલ તો નહી, પણ હું આપને કહાવી મોકલીશ " બીબી બોલ્યા.

યુવક ચાલ્યો ગયો, એટલામાં તરતજ કેટલાક દાસ, દાસીઓ, ભોઇઓ, મજુરો સર્વ આવી પહોંચ્યા.

બીબીએ પોતાનો પહેરેલો મુસાફરીનો પોશાક ઉતારી કાઢી સોના, હીરા, મોતીના દાગીના પહેરી નાહી ધોઇને બીજો પોશાક બદલ્યો અને વાલ હોલી કરીને સ્વચ્છ થઇ. કર્ણ, કપાળ છાતી, બાહુ, પાય સર્વ સ્થલે જયાં જેવાં જોઇએ તેવાં પરેણાં સજયાં. પોષાક પણ ઉત્તમ પહેરયો અને તેથી સૌંદર્ય પ્રભા વધી, અને તે અનુપમ લાવણ્યમયી જણાઇ; ત્યારપછી તેણે યુવક રજપુતને કહાવી મોકલ્યું કે " આપની સ્ત્રી સાથે મુલાકાત કરવાને માટે આવવું છે, માટે પ્રથમ અહીં આવો. "

યુવક તે ઓરડીમાં આવ્યો અને અલંકારથી સજાએલી બીજ

ઉમદા પોશાક પહેરેલી જોઇને તેને કહ્યું “ મારી આ સાથે મુલાકાત કરવાને આવા ઉમદા ઘરેણા અને પોષાક પહેરવાની કાંઇ જરૂર નહોતી ’

મેં કાંઇ આ ગરેણાં દેખાડવા માટે પહેર્યાં નથી. સ્ત્રીઓને ઘરેણાં હોયતો તે દેખાડયા સિવાય રહેવાતું નથી સ્ત્રીઓ પાસે ઉત્તમ વસ્ત્ર હોય અને જો કોઇની મુલાકાતે જાય તો તે પહેરીનેજ જાય છે, એ તેમનો દોષ કહો કે ગુણ કહો, ’ બીબીજાન બોલી.

યુવક મુસલમાની લેબાશવાલી સ્ત્રીને લઇને પોતાની ઓરડીમાં ચાલ્યો તે સ્ત્રી સાથે તેની દાસી લતીફ; હતી.

રાજબાલા પોતાની ઓરડીમાં વિચારમાં બેઠી હતી અને તેની પાસે ઝીણો દીવો બળતો. તેના વાળ તેની પીઠપર ફેલાયા હતા. બીબીએ જ્યારે તેને તેવી સ્થીતીમાં જોઈ ત્યારે તેને સહેજ હસવું આવ્યું. પછીબીબી દીવો સંકોરીને તેનું મુખ બારીકીથી નિહાલવા લાગી ત્યારે તેનો હાસ્યભાવ જતો રહયો અને ગંભીર થઇ ગઇ.

થોડીવારે તે બીબીએ પોતાના સર્વ દાગીના એક પછી એક ઉતારવા લાગી, અને રાજબાલાને પહેરાવવા લાગી, ત્યારે યુવકે કહ્યું “ આ શું કરો છો ? પણ બીબી કાંઇ બોલી નહીં અને શાંતરીતે સર્વ દાગીના પહેરાવી દીધા.

દાગીના સર્વ પહેરાવ્યા પછી બીબીએ કહયું “ ખરેખર આ પુષ્પ રાજાના બગીચામાં ખીલવું જોઇતું હતું. એ ખરેખર રૂપવંતી છે. આ સર્વ દાગીના એનાજ લાયકના છે, અને તેટલાજ માટે એ સર્વ મેં એને પહોરાવ્યા છે, એટલુંજ નહી પણ એ સર્વ મેં એને અનાયત-ભેટ કીધા છે. એ હવે હું પાછા નહી લઉં. મારી યાદગીરી માટે એ સર્વ મેં એને આપી દીધાં છે ”

“ હું એ અમુલ્ય દાગીના નહી લઉ ? ” યુવક બોલીઉઠયો.

પરમેશ્વરની કૃપાથી મારી પાસે બીજા અમુલ્ય ઘણાજ દાગીના છે. જ્યારે એ સર્વ એને પહેરાવ્યાથી મને આનંદ થાય છે તો આપ શા માટે દિલગીર થાઓ છો ? અને મને શા માટે નાખુશ કરો છો ? ” બીબીએ સંકોચાઇને કહ્યું.

આટલું બોલીને બીબીજાન પોતાની દાસી સાથે પોતાના મુકામે ચાલી ગઇ.

બીબીજાન, એ માણસ કોણ હે?" લતીફદાસીએ પોતાની શેઠાણીને પુછ્યું.

"દાસી, એ મેરા ખાવિંદ હે." યવનબાલા—બીબીજાને જવાબ દીધો.

દાસી સંતુષ્ટ થઇ, જરા કનડાઇ, પણ કાંઇ બોલ્યા વગર પોતાની શેઠાણી સાથે ઉતારે ચાલી.

પ્રકરણ ૧૩ મું.

રાજબાલાની સખાવત.

યવનબાલાએ પોતાના મુકામે જઇને પોતે ભેટ કરેલા દાગીના રાખવા માટે રૂપાથી મઢેલો એક હાથીદાંતનો દાબડો તેને મોકલાવ્યો. યવનબાલાને લુંટારૂઓએ રસ્તામાં લુંટી હતી, તે ફકત તેના શરીર પરના જે દાગીના હતા, તેજ ફકત લુંટયા હતા, એ સિવાય તેના દાસ દાસીઓ પાસે જે હતું તે એમને એમ રહ્યું હતું.

પછી બીજે દિવસે યવનબાલા પોતાનો મુકામ ઉપાડીને કુરુક્ષેત્ર તરફ ચાલી, અને આપણો યુવક અને યુવતી પોતાના મોસાલ તરફ જવાને તૈયાર થયા. મુકામ ઉપડતી વખતે યુવકે યુવતીને પેહેરાવેલા સઘળા દાગીના તેના અંગપર રાખ્યા નહી. માત્ર બે ત્રણ જરૂરી દાગીના રાખી બીજા પેલા હાથીદાંતના દાબડામાં મુકી દીધા અને પાછું રગશીઉ ગાલ્લું જોડાયું અને મુસાફરી શરૂ થઇ.

પ્રાતઃકાલ થયો હતો અને મધુર ઠંડો વાયુ યુવકની કર્ણેન્દ્રિને સ્પર્શ કરી મંદમંદ વાતો હતો, ત્યારે યુવકે કહ્યું "ભાઇ, તું આ બાઇને બેસાડીને ધીમે ધીમે ચલાવ, હું જરા જંગલ જઇઆવીને પાછળ આવુંછું."

ગાડાવાલાએ રંગસીલ ગાલ્લુ કાંઈક અસ્પષ્ટ ગાયન લલકારતાં લલકારતાં બળદોના અછોડા પકડીને પ્રાત:કાળની અવર્ણનિય શોભા જોતાં ચલાવ્યું. યુવક દિશાએ જવા જંગલમાં ગયો અને ગાડુ કેટલેક દુર નીકળી ગયું; એવામાં એક ભિક્ષુક ગાડામાં બેઠેલી રાજબાળા પાસે આવીને કાંઇ ભિક્ષા માટે યાચવા લાગ્યો.

"ભલા ભિક્ષુક! મારી પાસે કાંઇજ નથી." રાજબાલાએ વિચારમાં ગમગીન થઇને કહ્યું.

તે ભિક્ષુકે તેના ગળા અને શરીરપર જે બે ત્રણ દાગીના હતા તે તરફ આંગળી બતાવીને કહ્યું "બાઇ સાહેબ, ના કેમ કહો છો? આપના શરીરપર જે ચકચકે છે તે આપોની?"

"શું ત્યારે એનાથી તું સંતાપ પામશે?" રાજબાળાએ પ્રશ્ન પુછ્યો.

"બાઇ સાહેબ, કેમ સંતોષ ના પામું! ભીખારીએ જવાબ આપ્યો; કારણકે તેને ખાત્રી હતી કે આવા હીરા, મોતી, સુવર્ણના દાગીના કાંઇ તે આપી દેવાની નથી.'

પરંતુ રાજબાળાએ ભોળા દીલથી પોતાના અંગપરના જે ત્રણ દાગીના હતા તે અને પાસેના હાથીદાંતના દાબડામાં જે દાગીનાઓ હતા, જે સર્વ દાગીના યવનબાલાએ તેને ભેટ કર્યા હતા તે બધા પેલા ભિક્ષકની દયા ખાઇને તેની યાચનાને લીધે તેને આપી દીધા— ભેટ કરી દીધા.

ગાડીવાન આમાંનું કાંઇ જાણતો નહોતો, કારણ કે તેતો ગાયન લલકારતો ધુનમાંજ ચાલ્યો જતો હતો, જયારે આપણો યુવક પાછળ હતો તેને તો કાંઇજ માહીતીજ નહોતી જેવા તે ભિક્ષુકને દાગીના મલ્યા કે તરતજ તે સઘળું લઇને કોણ જાણે ધાસ્તીથી કે આનંદ પામ્યાથી પલાયણ કરી ગયો.

'એ શા માટે નાશતો હશે? મેંતો મારી ખુશીથી એને દાગીના આપ્યા છે. મને ભેટ કરેલા દાગીનાની એને યાચના કરી અને મેં તેની યાચના તૃપ્ત કરી. એમાં રાજપુત યુવક કાંઈ ઠપકો આપનાર નથી, કે કાંઇ એની પાસેથી એ દાગીના પાછા લઇ લેનાર નથી. હશે." એમ મનમાંજ વિચાર કરતી પોતાની પાછલી જીંદગીના વિચારમાં પડી.

કેવું પરોપકાર દીલ કે આવા અમુલ્ય દાગીના જે વડે આખી જીંદગી સુખ વૈભવમાં નિકલે તે ભીક્ષુકને ભેટ ! તેની શી જરૂર હતી ? તે મુલનીજ યોગીની જેવી હતી. તેને સુંદર આભુષણની પરવા નહોતી સરસ-મુલ્યવાન-કિંમતી દાગીનાની જરૂર નહોતી જયારે પરમેશ્વરની બક્ષિસથી તેનુ રૂપ અનુપમ લાવણ્યમયી છે તો શરીર સૌંદર્યવાન બનાવવાને એવા અલંકારોની શી જરૂર છે, કે જયારે કેટલાક નગ્નવાસીઓ પોતાની કુદરતી બક્ષિસ છતાં શરીર-પર દાગીનાનો ભાર વહન કરે છે, અને કેટલાકતો પગપર એવાં કલ્લાં, સાંકળાં ધારે છે કે તેમનાથી પોતાના પગ ઉચકી શકાતા નથી કે ચાલી શકાતું નથી. ચીનમાં તો જન્મે ત્યારથી તેના પગની પાટલી કસકમીને બાંધે છે. ટુંકી પાટલી એ સ્ત્રીનું ત્યાં ભુષણ છે. જયારે સુર્યપુર કે મુબાપુરીના કોઇક સામાન્ય મનુષ્ય પોતાનો ખરો વઇભવ અને શ્રીમંતાઇ બતાવવાને માટે હાલમાં મલતા ખોટા દાગીના ચાંદી સોનાનાઓપર ચહાવેલા પહેરે છે, અને કેટલાક શ્રીમંતો જે હાલ ગરીબાવસ્થામાં આવ્યા હોય તે પોતાની આબરૂ સાચવી રા-ખવાને ખોટા દાગીના પહેરે છે. કેટલાક શ્રીમંતો વળી લોકો માંગવા આવે ત્યારે તેમને ખોટા દાગીના આપે છે, અને તે જો કદાપિ ગુમ-ખોવાઇ જાતો ખરા દાગીનાના રૂપીઆ લે છે; કેટલાક લોકો પોતાના નાના બાળકોને પોતાની શેઠાઇ—શ્રીમંતાઇ બતાવવાને દાગીના પહેરાવે છે, જેમાં કેટલીક વખતે તે બચ્ચાંનો દાગીનાની લાલચે હરામખોરો જાન લે છે. માટે પોતાના બચ્ચાંઓને રાત્રીના પહેરાવવા કરતાં સ્વચ્છ કપડાં પહેરાવવાં એ ઘણુંજ લાભદાયક છે.

યુવનીએ પોતાને ભેટ મળેલા દાગીના ભિક્ષુકને ભેટ કીધા, ત્યારે તેનું અંતઃતરણ પ્રફુલ થઇ ગયું. યુવક આવ્યો અને તેને ખબર પડી, પણ ઉદાર દિલના યુવકે તેને કાંઇ ઠપકો દીધો નહિ.

પ્રકરણ ૧૪ મું.

મુકામે સત્કાર.

યુવક રાજબાલાને લઇને પોતાના મોસાળમાં આવી પહોંચ્યો.

તેના મકાનમાં મોશાલ પક્ષમાં તેને પાછો સહીસલામત આવેલો જોઇને આનંદ વ્યાપી રહયો. સર્વેએ તેના પાછા આવવાની આશા ખોઇ હતી. સર્વ તેને મુએલો ધારતા હતા, કારણ કે તેના જે સાથીઓ મુબાપૂરીથી સુર્યપુર માટે વહાણમાં બેઠા હતા, તેઓએ ખેપીઓ મોકલાવીને ત્યાં કહાવી મોકલ્યું હતું કે તેને વાઘે મારી નાંખ્યો હતો. કોઇએ તો એવા ડીંગ મારી હતી કે વાઘ એવો તો જબરો હતો કે એક સાપાટે તેને ફાડી ખાધો, અને અમે વહાણમાં બેઠા હતા ત્યારે પ્રત્યક્ષ જોયું હતું. એકાદે કલ્પના શક્તિથી એવી ટેપ ઠોકી કે તે વાઘ નહિ, પણ જંગલી વરૂએ તેનો ભોગ લીધો; અને એક તો લબાશ મારી કે ભાઇ, એ કિનારે હાજતે જવા ગયો હતો ત્યાંથી પાછો ફર્યો નહિ તેથી એવું અનુમાન કરીએ છીએ. ટુંકમાં સર્વેએ તેને માટે આશા છોડી. આ ખુમારો-ગપાટો સાંભળ્યાથી યુવકની મા તથા બેનો ખુબ રડી અને ઘણું આક્રંદ કર્યું. તેઓ હૈયાશોકને લીધે પોતાના એક પુરા પુત્રના મૃત્યુને લીધે મરણ તુલ્ય થઇ ગયા. શરીર સુકાઇ ગયા. ખાવું ભાવે નહી, પણ પેટને ભાડું આપ્યા સિવાય કેમ ચાલે ! સુકો કાંચો પાકો રોટલો ખાયછેને પેટને ભાડુ આપે.

ભીમગઢનો ચંદનસિંહ રાઠોડ દિલ્લીના બાદશાહ અકબર સાથે લડાઇ કરવા માટે મેવાડના મહારાણા પ્રતાપસિંહની સહાયે હલદીઘાટના યુદ્ધમાં ગયો હતો. વખતો વખત યવન બાદશાહ મેવાડપર હુમલો કરી મહારાણા તથા તેની પ્રજાને ઇજા આપતો તથા હરકત કર્યા કરતો હતો, સુખે બેસવા દેતો નહોતો, તેથી ચંદનસિંહ રાઠોડે યુવરાજ અમરસિંહને તેની માતુશ્રી તથા બે બેનો સાથે તેના મોશાળમાં મોરબી ગામે મોકલી દીધા હતા.

અભયસિંહનો પિતા ચંદનસિંહ વખતો વખત યવનો સાથેના યુદ્ધમાં રોકાતો હતો. અને તે ભીમગઢપર રહેતો હતો. અત્રે મોરબામાં અભયના મોશાળમાં તેનો મામો તથા મામી હતી. અને તેના માતુશ્રી તથા બેનો હતી. મોટી બેન વીધવા હતી અને નાની બેન કેશર સધવા હતી; પરંતુ તેના પતિએ બીજી સ્ત્રી કરવાથી તે અણુમાનીતી હોવાથી અત્રે પોતાના ભાઇ સાથે મોશાળમાં રહેતી હતી મામા તથા મામી પોતાની બેન તથા ભાણેજોપર અતિશય

પ્યાર રાખતા હતા અને તેમને કાંઇ ઉનું પડવા દેતા નહિ. જ્યારે અભયસિંહનો વાઘે પ્રાણુ લીધો એવી વાત તેઓએ સાંભળી ત્યારે તેઓ ઘણાજ દિલગીર થયા હતા. અને તેનો મામો પોતાની બેનને તથા ભાણેજીઓને આશ્વાસન આપતો હતો તેમજ તેમની મામી પણ તેમને દિલાસો આપતી હતી.

જ્યારે અભય રાજબાળા સાથે પોંતાને મુકામે આવ્યો ત્યારે તેઓ ખુશ થયા અને તેની સાથે યુવતીને જોઇને આનંદાશ્ચર્ય પામ્યા તેની માએ તથા બેનોએ ઘણાજ આનંદના ઉમલકાથી વહુને વધાવી લીધી, અને તે માટે કાંઇપણ ચરચા કીધી નહિ, યુવક ઠપકાની ધાસ્તીને લીધે યુવતી તરફ કાંઇ પ્રેમ બતાવતો નહોતો, અગર તેની સાથે પ્રેમ સંબંધી પ્રથમ કાંઇ વાતચિત કરતો નહિ; પણ જ્યારે આનંદથી તેની મા, બહેનો તથા મામા મામી તેમજ અન્ય સ્નેહીઓએ વધુને વધાવી લીધી ત્યારે તેના આનંદનો પાર રહયો નહિ.

અભયસિંહ રાજબાલા તરફ તાદસ્ય પ્રેમ વિકારોથી જોવા લાગ્યો, અને વખતો વખત વગર કામે કામનું બહાનું કાઢીને તે રમણી મુર્તિને મલવા આવતો અને તેના મનોભાવમાં હંમેશ હાસ્ય આવે.

પ્રાચીનકાલમાં મોરબીમાં ઘણો સારો ધમધોકાર વેપાર ચાલતો હતો, અને ત્યાંના લોકો પૈસે ટકે સુખી હતા ત્યાંનો ઠાકોર પોતાની રૈયતને પુત્ર પ્રમાણે પાલતો હતો અને પોતાના કારભારીઓ કે અન્ય અમલદારો પોતાની પ્રજાને ચીડેછે કે કેમ તેમને કાંઇ સંકટ છે કે કેમ ? તે સર્વસ્વ જોવાને માટે રાતે જુદો વેષ પહેરીને એક સિપાઇ ને સાથે લઇ નગર ચર્ચા જોવા સારૂ નીકલી પડતો, મેલાવડામાં ભરાતો લોક ચર્ચા સાંભલતો, કોઇની દિવાલે કે બારણા આગળ શાંત રીતે ઉભો રહીને તેમની વાતો શ્રવણ કરતો અને પોતાની રૈયત સુખીછે તે વિચારથી નિમગ્ન થઇ પોતાના મહેલમાં ચાલ્યો જતો હતો.

મોરબી શહેરના દરબાર પાસેની ગઢી પાસેના એક મહોલ્લામાં અભયસિંહના મામાનું ઘર હતું અને તે ઘર ઇંટો માટીથી ચણેલું હતું અંદરના ભાગમાં દિવાનખાનામાં ચુનો ધોલેલો હતો અને દિવાનખાના ઉપરાંત તેની પાસે ત્રણ ઓરડીઓ હતી. નિચે પડશાલ સિવાય અંદરના ભાગમાં બે કુસાદે ઓરડા હતા જેમાંનો એક ર-

સોડા માટે વપરાસમાં હતો. અને બીજો ઓરડો સ્ત્રી વર્ગને બેસવા માટે હતો. બહાર એક ચુના માટીનો ઓટલો હતો તેનાપર પથ્થરો સાંમીટથી ચણી લીધા હતા, અને તેનાપર એક અફીણી અભવસિંહ રજપુત અફીણ ખાઇને ઝોકા મારતો બેસી રહેતો હતો. દિવાનખાનામાં તેના મામાને બેસવા માટે એક ગાદી તથા મોટો ગોલ લાંબો તકીઓ હતો, એક જાજમ હમેશ પાથરેલી રહેતી હતી. અને બીજા ડઝન (બાર) તકીઆ પડી રહેતા હતા. સરસામાનમાં અસલના પ્રખ્યાત શુરવીરોની છબીઓ તકતામાં મઢેલી ભીંતે લટકતી હતી. જેમાં મેવાડના બાપા રાવલની, સંગ્રામસિંહની, પ્રતાપસિંહ બાલક હતો ત્યારની, અને ચંદનસિંહ તેમજ મોરબીના ઠાકોરના ઘરડા વરડા અને હાલના ઠાકોરની છબીઓ હતી. અભયનો મામો મોરબી રાજ્યમાં તહેસીલદાર હતો, તેથી સવાર સાંજ ગામના કેટલાક લોકો આવીને બેસતા હતા. આ મકાન બે માલનું હતું અને તેનાપર ત્રીજી નાની મેડી કાંઇક સરસામાન મુકવાને હતી. દિવાનખાના પાસેની એક ઓરડીમાં અભયસિંહનો મુકામ હતો અભયના મકાનપર દિવાનખાનામાં થઇને જવાનું હતું અને તેનો બીજો એક રસ્તો નિચેની પડસાલમાં થઇને સ્ત્રી વર્ગને બેસવાના ઓરડા આગળ એક દાદર હતો તે માર્ગે જવાનું હતું. આ માર્ગ ફકત સ્ત્રીઓનેજ જવા માટે હતો. કદી કદી કોઇ અભયના ખાસ પરિચય ઓળખાણવાળા મિત્રો તે રસ્ને આવતા પરંતુ ઘણાખરાતો દિવાનખાનામાં થઇને તેની ઓરડીમાં જતા.

અભયસિંહની ઓરડીમાં ગાદી તકીઆ પાથરેલા હતા, અને એક મેજ તથા ત્રણ ખુરસીઓ હતી. ગાદી તકીઆપર બેસવાનો રવૈઓ પડી ગયેલો હતો તેથી ખુરસીઓપર સહેજ કદી ધુળ બાઝતી. પણ સવારમાં નોકર તે સાફ કરી જતો. તેની ઓરડીને એક છત બાંધેલી હતી, પરંતુ તેને રાત્રે સુવા માટે તો બીજી ઓરડી તે ખપમાં લેતો હતો. જો કે જગ્યાની સહેજ તંગાસ હતી તોપણ તેનો મામો પોતાના ભાણેજોને ઓછું આવવા દેતો નહિ. તેના મામાનો સુસારો—પગારતો જુજ હતો પણ અસલના રિવાજ મુજબ બીજુ સહેજસાજ સુખડીનું મલતું હતું, તેથી સારી રીતે તેમનો નિર્વાહ થતો હતો.

આ મકાનની પાછલી બાજુએ એક ઝરૂખો કાઢેલો હતો, અને ત્યાં ઉભા રહીને મચ્છુ નદીનો દેખાવ સૌંદર્ય દેખાતો હતો ત્યાં એક સાંજે બે યુવતીઓ ઉભી છે, અને નદીનો દેખાવ પસાર કરીને સામેના જંગલ તરફ સૌંદર્ય લીલા જોતી–ખુશ થતી હતી સાંજ પડેલી હતી. અને પક્ષીઓ કલ્લોલ કરતા પોતાને મુકામે જવાની તૈયારી કરતા જણાતા હતા. પેલી તરફ રાજમહેલની હવેલી દેખાતી હતી.

જે બે યુવતીઓ ઉભી હતી તેમાંની એક ચંદ્રના રંગની ગૌરાંગી સુંદર દેખાતી હતી અને બીજી કૃષ્ણાંગી–શ્યામ રંગના દેખાતી હતી તેનું શરીર નાનું હતું અને તેની ઉમર સોળ વરસની હતી તેના વાલાંના લતીઆં સહેજ કપાળપર ફડફડતા હતાં. બનેની આંગળીઓ નાની મગની શીંગો જેવી હતી. અને બંનેના અંબોડા વાળેલા હતા. બંને અનુંપમ સૌંદર્યમય હતી.

વાંચનારે અનુમાન્યું હશે કે તે બેમાંની એક આપણી રાજબાળા હતી અને બીજી તેની નણંદ કેસર હતી એ કેશર પોતાની ભોજાઇને કોઇ વખતે રાજબાળા કહી બોલાવતી અને કોઇ વખતે હાસ્યમાં વહુ કહેતી હતી.

રાજબાળાને શણગાર કે આભુષણનો શોખ નહોતો, તે વાંચક તેના પુર્વ વૃતાંત પરથી તથા તેણે ભિક્ષુકને ભેટ કરેલા દાગીનાની ઔદાર્યતાથી કે શોખ નહિ હોવાથી જાણ્યુજ હશે. તે ઉપરથી કેશરે કહ્યું "ભોજાઇ, શું તમે હમેશ આવાંજ યોગિનિ જેવાંજ રહેશો ? કાંઇ આભુષણનો શોખ રાખતાંજ નથી ?"

"હું કયાં યોગ સાધુછું કે તપ કર્યા કરૂંછું કે મને તમે એમ કહો છો ? મારી અમુક મનકામના પુર્ણ થશે ત્યારે હું શણગાર સજીશ" રાજ્યબાળા બોલી.

"એવું તે કેવું વૃત છે ? કે જેને માટે તમે આભુષણ સજતા નથી ?" કેશરે સવાલ પુછયો.

"સાંભળો ! હું જયારે આપણા ભાઇ માથે આવવા નિકળી ત્યારે માતાજીપર મને ઘણી આસ્થા હોવાથી મેં દેવળમાં જઇ પુષ્પ પાત્રમાંથી પુષ્પ લઇ તેમના પાદ ચરણમાં મુકયું, પણ તે પુષ્પ તમને સ્વિકાર્યું નહિ, તેથી મારા નસીબમાં દુઃખ છે, અને લેટલા માટેજ મારો જીવ હમેશ ઉચાટમાં રહે છે; અને તેથી મને આભુ-

પણ શણગાર ઈત્યાદિ સજવા ગમતા નથી, વાળ હોળવા સુઝતા નથી ખાવા પીવાનું ભાવતું નથી '' રાજબાળાએ ખરેખરૂં કહી દીધુ અને તે સાંભળીને કેશરબા પણ દીંગમુંઢ થયા અને શું કહેવું તે સુઝયું નહી; બંને દીલગીર થઇને કાંઇ પણ વધુ વાતચીત કર્યા વગર છજામાંથી ઉતરી પડી નીચે આવ્યા કેશરબા પોતાના ગૃહ કાર્યમાં લાગી અને રાજબાળા પોતાની મેડીમાં જઇ પાછી વીચારમાં લીન થઇ ગઇ.

પ્રકરણ ૧૫ મું

યુવરાજ સલીમ પ્યારમાં.

વાંચકને યાદ હશેજ કે જ્યારે અભયસિંહ રાજબાળાને લઇને મોરબી તરફ જવા નિકળ્યો ત્યારે પાલેજની ધર્મશાલામાં મુલાકાત થયેલી યવનબાળા—અભયસિંહની વિવાહિત સ્ત્રી જુદે રસ્તે વીરક્ષેત્ર તરફ જવા નિકલી હતી. એ યવનબાળા કેવી રીતે મુસલમાન થઇ, તેપણ વાંચકને યાદ હશે. એનું ચરિત્ર મહાદોષથી ભરેલું છે તેનું લંબાણ વર્ણન કર્યાથી આ પુસ્તકના ઘણા પૃષ્ટ રોકાય, છતાં તેની થોડીક જાણવા જોગ હકીકત અત્રે આપીએ છીએઃ—

તેનો બાપ સર્વ કુટુંબસહ મુસલમાન થયો ત્યાર પછી તે રાજનગર જઇ રાજકાર્યમાં નિપુણ થયો હતો, પણ ત્યાં તેના ઓળખાણવાલા આદમીઓ ઘણાજ આવવાથી કઠોર વાક્યો સાંભળવા પડતા હોવાથી તે નીરાંતે ત્યાં રહી શકયો નહી તેથી તે સુબાની શીફારસનો પત્ર લઇને પોતાના કુટુંબ સાથે અકબર બાદશાહની રાજધાની આગ્રામાં ગયો થોડા વખતમાં ત્યાં તે જાણીતો થઇ રહેવાઇ ગયો, અને તેની યોગ્યતા—આવડત જોઇને તેને શાહે સારો હોદો આપ્યો. ટુંક વખતમાં તો મોટો ઉમરાવ ગણાવા લાગ્યો અભયસિંહ વિવાહીત સ્ત્રીનું મુસલમાની નામ—યવનબાલાનું લુત્ફઉન્નિસા રાખ્યું હતું તે ત્યાં ફારસી શીખી, ગાયનકળામાં નિપુણ થઈ અને રૂપવંતી સ્ત્રીઓમાં પ્રથમ પંક્તીએ ગણાવા લાગી દુર્ભાગ્યે જેવું વિદ્યાનુ શિક્ષણ મળ્યું

હતું તેવું ધર્મ સબંધી મળ્યું નહોતું, ભણ્યા પણ ગણ્યા નહી. અતીશય-અંગ્રરૂ ભણીને તે સ્વચ્છદી થઇ અને પોતાની ઇંદ્રિઓને કાબુલમાં રાખી શકી નહી ઘણાક ઉમરાવો સાથે તે પ્યારમાં પડી. તેનો આગલો ધણી હૈયાત છે એમ જાણવાથી કોઈ ઉમરાવે તેની સાથે લગ્ન કર્યું નહિ તેથી ફુલોમાં વિહાર કરનારી ભમરીની માફક એક ફુલપર બેસે રસ ચુસી લે, પછી બીજા ફુલપર ઉડી જાય; ત્યાંથી રસ ચુસી ત્રિજાપર ઉડે એવી રીતે ક્રમણુ કરવા લાગી, તેના દુષ્કર્મ તેના બાપને કાને પડતાંજ તેણે તેણીને પોતાના ઘરમાંથી કાઢી મુકી અને આથી તે વધારે સ્વચ્છંદી થઇ ગઇ,

યવનબાલા છુપી રીતે જે ઉમરાવોપર પ્યાર રાખતી હતી તેમાં યુવરાજ સલીમ પણ હતો, પણ તેણે પોતાના-પિતાની ધાસ્તીને લીધે પોતાના જનાનખાનામાં રાખી નહોતી થોડાક કાલે તેને લાગ ફાવ્યો અંબરાધિપતિ રાજા માનસિંહની બેન સાથે સલીમ પરણ્યો અને તે પટરાણી થઇ ત્યારથી લુત્ફઉન્નિસાને તેની મુખ્ય સખી—સહચરી તરિકે રાખી પોતાના જનાનખાનામાં રાખી એ રીતે જાહેરમાં સલીમની બેગમની સખી ગણાતી પણ ગુપ્ત રીતે તે સલીમની માનીતી હતી,

થોડા વખતમાં તેને મોજીલા સલીમપર પોતાનો કાબુ ચલાવ્યો અને થોડા વખતમાં હું પોતે પટરાણી થઇશ એવી તેની ખાત્રી પણ થઇ અને રાજય મહેલમાં ઘણા ખરાએ પણ એવું અનુમાન કર્યું કે શાહ અકબરના દેવલોક વાસ થયા પછી સલીમ જયારે રાજય ગાદીપર આવશે ત્યારે યુવરાજ નકકીજ એ લુત્ફઉન્નિસાને પટરાણી કરશેજ એવામાં દૈવયોગે એક એવો સંયોગ બન્યો કે તેની અને સર્વની આશા નષ્ટ થઇ.

અકબર શાહના ખજાનચી ખ્વાજા આયસે એક દિવસ કાંઈ કાર્ય પ્રસંગે પોતાને ત્યાં શુભાવશર આવ્યાથી રાજયના મોટા મોટા ઉમરાવોને પોતાને ત્યાં નોતર્યા જેમાં યુવરાજ સલીમપણ હતો આ ખજાનચીને એક :છોકરી હતી જેનુ નામ મહેરઉન્નિસા હતું જે એટલી બધી રૂપવાન ને સૌંદર્યવાન હતી કે તેનો જોડો તે વખત આગ્રા શહેરમાં નહોતો ખાના વખતે સલીમની મહેરઉન્નિસા સાથે મુલાકાત થઇ અને ત્યારથીજ તે યુવરાજ ગાંડા જેવો થઇ ગયો

એક દીવસે તેણે પોતાના પિતા શાહ અકબરને પણ કહ્યું હતું કે તેની સાથે યુવરાજના (મારા) લગ્ન કરે, પણ તેનો વિવાહ તો શેરઅફગાન નામના એક સરદાર સાથે થયો હતો અકબરશાહે તો ઉલટો યુવરાજને ઠપકો આપ્યો અને તે નાશી પાશ થઇ ગયો, પણ તેને હિંમત છોડી નહી. આખરે શાહ અકબરે મહેરઉન્નિશાના લગ્ન સેર અફગાન સાથે કરાવી તેને ગુજરાતનો સુબો ઠેરવી આ તરફ મોકલી દીધો. સલીમે પોતાના મનમા નકકી કર્યું કે શાહ અકબરના મરણ પછી શેર અફગાનને મારી નાંખી મહેરઉન્નિસાને બેગમ કરવીજ, આ સર્વ વિચારો—કાર્યથી લુત્ફઉન્નિસાએ પટરાણી થવાની આશા છોડી.

આખરે મોગલ બાદશાહના ફૂલ ગૌરવ શાહ અકબરની મરણ ઘડી આવી, અને જેણે આખા ભારત વર્ષપર એક હસ્તે રાજય ચલાવ્યું હતું તેનો સુર્યાસ્ત થયો અને સલીમને ગાદીએ—રાજ્યાસનપર બેસવાનો વખત આવ્યો; એવામાં એક સાહસ કાર્ય લુત્ફનિસાએ અજમાવી જોવાને માથે લીધું.

જેવી તે સ્વચ્છંદી હતી તેવીજ જે કાર્ય તે મનપર લે, તે કરવા ચુકે એવી નહોતી, તેના મનમાં આવ્યું કે સલીમને બદલે રાજા માનસીંહનો ભાણેજ શાહજાદા ખુશરૂ ગાદીપર બેસેતો મારૂ કામ થઇ જાય. હું એકાદ ઉમરાવ સાથે નીકા પઢી તે ઉમરાવને મોટો હોદ્દો મળે, અને મારા ધણીને હુ મનસબદાર બનાવે, અને મારા માન અકરામ આખી જહાનમાં વધે.

એક દિવસ રાજા માનસીંહની બેન જે સલીમની પટરાણી હતી તેની સાથે વાત કાઢતાં કહ્યું કે શાહ અકબર મરણ શય્યાપર છે. ખુશરૂની મા જે રાજા માનસીંહની બેન અને સલીમની પટરાણી હતી, તેણે ઉંડો નિશ્વાસ નાંખી કહ્યું " બાદશાહની પટરાણી થયાથી જન્મનું સાર્થક છે " આ સાંભળતાંજ લુત્ફઉન્નિસાના હૃદયમાં એક જૂદોજ વિકાર—વિચાર આવ્યો. તેણે પ્રત્યુત્તર આપ્યો, " એતો સહેલી વાત છે. જો આપ અહદરો તો યુવરાજ કુંવર ખુશરૂને ગાદી મલે " સ્વામીને બદલે કુંવર ખુશરૂને રાજગાદી મલે એ વાત બેગમને રૂચતી હતી.

સલીમનો પ્રેમ મહેરઉન્નિસા તરફના પ્યારને લીધે મજે

લુત્ફઉન્નિસાના કાંટા સરખો હતો તેવીજ રીતે રાજપુત રાજા માનસિંહની બેનને તુર્કની કન્યાને તાબે રહેવું પડે તે કેમ ઠીક લાગે? તેથી બેગમે લુત્ફઉન્નિસાને પુછ્યું, " એ કેવી રીતે બની શકશે વારૂ ? "

" મોગલોનું રાજ્ય રાજપુતોના બાહુ બળથીજ છે. અને તે રાજપુત જાતીનું શિખર અમરાધીપતી રાજા માનસિંહ આપને ભાઇજ છે તેના હાથમાં ઘણીજ રાજસ્સા છે. તે ખુશરૂનો મામો થાય છે, તેથી પોતાના ભાણેજને રાજ્યાસન આપવાના કાર્યમાં આડો પડશે નહી. પણ ઉલટો મદદ આપસે, તેમજ મુસલમાનોમાં ખાન આજીમ આગેવાન રાજ્યમંત્રી છે. તે ખુશરૂનો સસરો થાય છે, તે પોતાના જમાઇને ગાદીએ બેસાડવામાં ખચ્ચિત મદદ કરશેજ યુવરાજ સલીમ કોના બળથી રાજ્યાસન મેળવશે ? આ બે મુખ્ય મંત્રીયોનાજ તે જો આપના પક્ષમાં હોય તો કુંવર ખુશરૂને રાજ્યાસન આપવામાં હરકત નડશે નહિ. " લુત્ફઉન્નિસાએ ખરી યુક્તિ બતાવી.

" પણ રાજા માનસીંહને આપ બોલાવીને સમજાવો એ આપ માથે લો, અને ખાનઆજીમ તથા અન્ય ઉમરાવોને પક્ષમાં લેવાને માટે હું કોશેશ કરીશ, અને આપના આશીરવાદથી ફતેહ પામીશ. " યવનબાલાએ આગલ ચલાવ્યું.

" ત્યારે તમે આગ્રામાં જે ઉમરાવની બેગમ થવા માંગશો તેની સાથે તમારો વિવાહ કરીશું, અને તમારા સ્વામીને મનસબદાર બનાવીશું. " બેગમે આભાર પ્રદર્શિત કરી કહ્યું.

લુત્ફઉન્નિસાના મનમાં એજ ધારણા હતી. રાજ્ય મહેલમાં સામાન્ય દાસી અગર બેગમ તરીકે રહું તેના કરતાં કોઇ મોટા હોદ્દેદારની મહેરદાર થાઉ તે માન ભરેલું છે. એ ઉપરાંત સલીમ તેને નહી ગણકારતાં મહેરઉન્નિસાને તાબે થઇ ગયો હતો તેનો બદલો લેવાની તેની મતલબ હતી.

ખાનઆજીમ વગેરે ઉમરાવો લુત્ફઉન્નિસાના તાબેદાર જેવા હતા, વલી ખાન આજીમ પોતાના જમાઇનું ભલું થાય તેમાં રાજી હતો, અને તેની પ્રેરણાથી તેના બીજા પણ મિત્રો ઉમરાવો સામેલ થયા.

"કદાચ આપણે આપણી તદબીરમાં ફતેહ ના પામીએ તો તમારી અને અમારી રક્ષા થશે નહી. અને મોત આવશે, એટલા માટે આપણો પ્રાણ બચાવવાને એક યુક્તિ શોધી કાઢીએ તમે અહીથી નીકલીને ગુજરાતમાં જઇ ત્યાંનો સુબો જે મારો મિત્ર છે તેને મલી આવીને લશકરની તૈયારી કરી રાખો, હું અતરે એમ કહીશ કે કાઠીઆવાડ તરફ આપનો એક ભાઇ છે તેને કાંઇકિ ઇજા થયેલી હોવાથી મલવાને માટે તમે ત્યાં જાઓ છો એમ ગપાટો ચલાવીશ ત્યાં જઇને મેં કહેલું કાર્ય પૂર્ણ કરીને તત્પર પાછા ફરજો." ખાનઆજીમે યુક્તિ બતાવી.

લુત્ફઊન્નિસાને આ યુક્તિ પસંદ પડી, અને કેટલાક દાસ દાસીઓ સાથે લઇને મેનામાં બેસીને ભોઇઓ સહિત ત્યાં જતી હતી, ત્યારે રસ્તામાં તેના દાગીના લુંટારાએ લુંટી લીધા, અને તેનો મેનો ભાગ્યો, અને યુવક સાથે પેલી પાલેજની ધર્મ શાલામાં તેની મુલાકાત થયેલી અમારા વાંચકોને યાદ છે.

પ્રકરણ ૧૬ મું.

વીરક્ષેત્ર આગમ અપશુકન.

જે દહાડે અભયસિંહ અને યવનબાલા જુદાપડી પોત પોતાને રસ્તે, યુવક રાજબાલા સહિત પોતાને મોશાલ મોરબી, અને યવનબાલા ગુજરાતના સુબાને મલવાને જતી હતી ત્યારે વીરક્ષેત્ર આગલ રસ્તામાં એકવાસો રહી, જ્યાં પોતાની દાસી સાથે પોતાના સ્વામી સંબંધમાં કાંઇક વાતચીત થઇ હતી.

"લતીફા, મારો સ્વામી કેવો છે?" યવનબાલાએ પુછ્યું.

દાસી તેનાથી સહેજ કનડાઇ હતી, કારણ કે યવનબાલાએ જે દાગીના પેલી યુવતી રાજબાલાને પહેરાવ્યા, તે પોતાને મલવાની ઉમેદ હતી, તે નષ્ટ થયાથી બેચેન હતી, એ પ્રથમ કહેલું છે, તેથી તેને જવાબ દીધો, "ગરીબ બેડોલ રજપુત."

દાસીનો મનોભાવ સમજીને યવનબાલાએ પુછ્યું, "જો એ ઉમરાવ હોય તો તે સુંદર પુરૂષમાં ખપે કે નહીં?"

" એટલે વળી શું ? આવો ગરીબ રજપુત ઉમરાવ ક્યાંથી થાય ? એ વાત બનેજ નહિ." દાસીએ ટકોરથી કહ્યું.

" કેમ જાણતી નથી કે બેગમે કબુલ કીધુ છે કે ખુશરૂ રાજ્યાસનપર બેસશે. ત્યારે મારો સ્વામી ઉમરાવ થશે." યવનબાલાએ જવાબ દીધો.

" પણ તમારો આગલો સ્વામી ઉમરાવ કેમ થાય ! તે તો બીજો કોઇ ઉમરાવ થશે." દાસી લતીફાએ જવાબ આપ્યો.

" મારે હવે બીજો પુરૂષ ભાઇ, બાપ જેવોજ છે. એને જોયા પછી મારા સર્વ પાછલા વિચારો અલોપ થઇ ગયા." યવનબાલાએ જણાવ્યું; અને ખરેખરજ યુવકને જોયા પછી યવનબાલાએ પોતાના સર્વ દુષ્ટ–પાતકી વિચારો કાઢી નાંખ્યાં હતાં, એ આગળપર જણાશે.

એટલામાં તેની નજર એક જાણીતો માણસ ત્યાંથી જતો હતો તેનાપર પડી. અને દાસીને કહ્યું, " આ ખાનઆજીમનો માણસ કયાં જાય છે. "

તે માણસ તરતજ ત્યાં આવ્યો અને એક રૂકકો લુત્ફઉન્નિસાને આપીને કહ્યું, " હું આપને મલવાને માટેજ કાઠીઆવાડ તરફ જતો હતો, એટલામાં આપ અહીં મળ્યા એ સારૂં થયું, નહિતો ધકકો પડતે અને મેલાપ થતે નહિ.

પત્ર વાંચીને યવનબાલાની સર્વાશા ધુળ થઇ ગઇ. તે પત્ર ખાનઆજીમ તરફનો હતો. તેમાં જણાવ્યું હતુ કે, " યત્ન વ્યર્થ ગયો છે. અકબર શાહે પ્રાણ છોડયો છે, તેના હુકમાનુસાર યુવરાજ સલીમ હાલ જહાંગીરશાહ નામ ધારણ કરી ગાદીએ બેઠો છે. હવે ખુશરૂને માટે પ્રયત્ન કરતા નહી. કોઇ વાત જાણી જાય માટે હવે ત્વરાથી આગ્રા આવતા રહેજો."

પેલા માણસને ઇનામ આપીને રજા આપી, અને પછી દાસી તરફ ફરીને કહ્યું, " હવે કેમ કરીશું ! "

" તેમાં શું થયું ? જેવા પ્રથમ જનાનામાં હતા તેવાજ રહેસો " લતીફા દાસીએ જવાબ આપ્યો.

" તે પણ આશા નષ્ટ થઇ છે, કારણ કે હવે તાકીદે જહાંગીરશાહ મહેરઉન્નિસા સાથે પરણશે, અને આપણા માન ઉતરવાના; કારણ મહેરઉન્નિસા એવી ચાલાક છે કે મહેલમાં આવી કે તરતજ

તે બાદશાહ બનવાની અને સલીમને પુતળા માફક નચાવશે અને મેં તેને ગાદી ન મળે એ જે યુક્તિ રચી હતી તે તેના જાણવામાં આવતાંજ મારી શી દશા થશે તે હું સમજી કે કલ્પી શકતી નથી." યવનબાલા બોલી.

"હાં, હાં! એક ઉપાય છે મહેરઉન્નિસાનુ ચિત્ત તેના આગલા ધણીપર છે છે કે જહાંગીરશાહ તરફ તે જાણીએ, તોપછી બીજી વાત. તેનું મન પોતાના આગલા ધણીપર હોય તો ભલે જહાંગીર સેંકડો શેર અફગાનના વધ કરે તોપણુ તે એનું મન મેલવી શકશે નહિ; પણુ જો તેનુ મન તેના તરફ હોય તો પછી લાચાર." યવનબાલાએ થોડો વખત વિચાર કરીને પછી કહ્યું.

"મહેરઉન્નિસાનું મન કેવી રીતે જણાય?" દાસીએ પ્રશ્ન પુછ્યો.

"મારી આગળ કાંઇ અસાધ્ય નથી, તે મારી બાલપણુની સાહેલી છે. રાજનગર જઇ બે દિવસ તેને ત્યાં રહીને તેનુ મન જાણી લઇશ." યવનબાલાને યુકિત સુઝી.

પછી યવનબાલા વિચાર કરતી વીરક્ષેત્રમાં તે રાત ગુજારી બીજે દિવસે પરોઢીએ રાજનગર તરફ જવાનો વિચાર કરી સરસામાન સહિત તૈયાર થઇને તે તરફ ચાલી.

પ્રકરણ ૧૭ મું.

આશા નષ્ટ થઇ!

દિલ્લીના બાદશાહ અકબરના તરફથી ગુજરાતમાં મુઝફર- શાહ નામે સુબો હતો. તેના તરફથી શેરઅફગાન અમલદાર નીમાઇને રાજનગરમાં રહીને વસુલાતનું કામ કરતો હતો. ઇતિહાસના વાંચકોને અત્રે જણાવવું જોઇએ કે શેર અફગાન બંગાલાનો સુબો તો પછીથી થયો હતો.

લુત્ફઉન્નિસા પોતાના ખટારા સાથે શેર અફગાનના મુકામે આવી ત્યારે શેર અફગાને તેને સારો આદર સત્કાર આપ્યો. જયારે શેર અફગાન અને મહેરઉન્નિસા આગ્રામાં હતા ત્યારે તેમની સાથે

એને ઘણો સારો પરિચય હતો. તે વખતે બંને દિલ્લીની પટરાણી થવાને ચડસા ચડસી કરતી હતી, પણ શાહ અકબરે યુવરાજને મહેરઉન્નસા સાથે કે લુત્ફ સાથે પરણવા દીધો નહિ, અને શેર અફ્ગાનને રાજનગરનો અમલદાર નીમી અહિં મોકલ્યો હતો. હમણાં બંને સહીઅરો—શોકયો ભેગી થવાથી બનેના મનમાં આવ્યું કે હિંદુસ્તાનનું રાજય કોના નશીબમાં હશે ? મહેરઉન્નિસા જાણે કે લુત્ફઉન્નિસા કાંઇ પડદો ખોલે અને લુત્ફના મનમાં તેના મનોભાવ જાણી લેવાની આકાંક્ષા હતી.

મહેરઉન્નિસાએ તે વખતની પ્રખ્યાત સ્ત્રીઓમાં પ્રખ્યાતી મેલવી હતી, અને તે ખરેખરીજ રૂપરૂપનો કડકોજ હતો. અંગરેજ ઇતીહાસકારો પણ તેનું રૂપ પ્રાધાન્ય કબુલ રાખે છે—રૂપ સાથે તે વલી ગાવા વગાડવામાં, કવિતા બનાવવામાં, ચિત્રકામમાં હુશીઆર હતી; એ ઉપરાત તેને સરસ્વતી દેવી અતિ પ્રસન્ન હોવાથી ફારસી, સંસ્કૃત, ગુજરાતી, વીગેરે ભાષાઓ પણ શીખી હતી, આપણી યવનબાલા પણ ઉતરે એવી નહોતી.

બીજે દિવસે મહેરઉન્નિસા પોતાના ખાસ ઓરડામાં બેસીને એક ચીત્ર ચીતરતી હતી. અને યવનબાલા તેને આંકીઆપતી હતી અને પાન ચાવી પીચકારીઓ મારતી હતી; એવામાં મહેરઉન્નિસાએ પુછ્યું, "બેન ! આ તસવીર કેવી ચીતરાય છે ?"

"તમારી ચીત્રેલી છબીમાં તે કાંઇ ખામી હોય ? એ ચિત્ર કાર્યમાં આપના જેવું કોઇ કુશળજ નથી એટલીજ દિલગીરી છે": યવનબાલાએ ઉત્તર આપ્યો.

"તેમાં દિલગીરી કેમ ? એતો ઉલટું સારૂં" મહેરઉન્નિસાએ જવાબ આપ્યો.

"તો કદાચ આપના આ મુખનો આબેહુબ નમુનો ના પાડી જાત કે ?" યવનબાલાએ ટકોર કીધી.

"મારા મુખનો નમુનો હવેતો ઘોરમાં પડશે." મહેરઉન્નિસાએ દીલગીરીથી ગંભીર જવાબ આપ્યો.

"કેમ ? તું આમ દિલગીરીથી ગંભિરાઇથી બોલે છે ?" યવનબાલા ફટકો લગાડવા બોલી.

"તું કાલે જતી રહેશે તેથી ? જો તું બે ત્રણ દિવસ વધુ

રહેતો મારા મનનું સમાધાન થાય." મહેરઉન્નિસાએ જવાબ આપ્યો.

"હું કેવી રીતે રહી શકું? હું પરાઇ તાબેદાર છું. આતો મારો ભાઇ મનસબદાર હતો. તે ગુજરાતના મઝફરશાહ સાથે લડતાં જખમી થયો હતો, તેને જોવાને માટે મહા મુશીબતે રજા મેલવી હતી, અને ત્યાંથી મનમાં એમ આવ્યુ કે તને પાછા ફરતાં મલતી જાઉં. ગુજરાત તથા કાઠીઆવાડમાં મને ઘણા દિવસ થયા, તેથી બહુવાર ખોટી ના થવું જોઇએ," યવનબાલા બોલી.

"કોના તાબેદાર છો? બેગમના કે યુવરાજના?" મહેરઉન્નિસાએ ધીમે મશ્કરી કરી.

યવનબાલા કાંઇ ગાંજી જાય એવી નહોતી. તે જવાબ આપતાં ડરે એવી નહોતી. "કોના! બંનેના પાછા ફરવાનો દહાડો કાંઇ મુકરર કર્યો નથી, પણ ત્રણ મહીના થઇ જવાથી ઘણી મુદત થઇ છે એમ કહુંછું; અને હવે વધારે વિલંબ કર્યાથી ખેદિત થાય." યવનબાલાએ જવાબ આપ્યો.

"તું પોતે બેગમનું નામ કેમ ધારણ કરતી નથી? મેં સાંભળ્યું છે કે યુવરાજ તારી સાથે લગ્ન કરીને તને બેગમ કરવાના છે, તે ખરી વાત છે કે?" મહેરઉન્નિસાએ પાછો ચાબકો માર્યો.

"હું તો પરતંત્ર છું. બેગમ મારે માથે હતી તેની હું દાસી હતી, તેથીજ રજા લઇને અહીં આવી છું, પણ જો બેગમ થઇ હોત તો મારાથી અહીં કેમ આવી શકાત?" યવનબાલા બોલી.

"જે દિલ્લીશ્વરની પટરાણી થાય તેને અત્રે આવવાની જરૂર શી!" મહેરઉન્નિસાએ વાત જાણવા માટે કહ્યું.

"મેં પટરાણી થવાને કદીજ સરસાઇ કે હરીફાઇ કરી નથી. દિલ્લીશ્વરની પટરાણી થવાને તો ફકત આખી પૃથવીમાં એકજ મહેરઉન્નિસા છે," યવનબાલાએ ખરો ચાબકો માર્યો

"બેન! હુ તો કાયા મનોવાકયથી શેર અફગાનની સ્ત્રી છુ" મહેરઉન્નિસાએ નિશ્વાસ નાંખી જવાબ દીધો.

"પણ સલીમ તમારા સોંદર્યનો મોહ હજુ ભુલ્યો નથી, માટે સાવચેત રહેજો" યવનબાલાએ ટકોર કીધી.

"તેમાં સાવચેત રહેવાનું શુ છે!" મહેરઉન્નિસાએ જવાબ આપ્યો.

" વૈધવ્યપણાને લીધે, " યવનબાલા જરા આડું જોઇને બોલી.

" વિધવાપણાનો ડર શેનો ? શેર અફગાન કાંઇ પોતાનો બચાવ કરવાને અસમર્થ નથી. શાહ અકબરના રાજ્યઅમલમાં તેના યુવરાજથી વિનાપરાધે કોઇના પ્રાણ નાશ થાયજ નહિ, " મહેરઉન્નિસા બોલી.

" તારૂં બોલવું ખરૂં છે, પણ આગ્રાના સમાચાર તેં સાંભલ્યાછે ? શાહ અકબર દેવલોક પામ્યા છે, અને યુવરાજ સલીમ જહાંગીરશાહ નામ ધારણ કરી ગાંદીપર બેઠાછે બોલો હવે એને કોણ રોકનાર છે ? " યવનબાલા બોલી.

મહેરઉન્નિસાનું આખું શરીર કંપવા લાગ્યું, તેણે પોતાનું મોઢું નીચે ઘાલ્યું, અને તેની આંખમાંથી બેચાર બાષ્પ બિંદુઓ પડયાં અને તે બોલી, " સલીમ હિંદુસ્તાનની ગાદીપર અને હું રાજનગરમાં ? "

યવનબાલાને જે જોઇતું હતું તે અચાનક નીકલી આવ્યું. તેની સર્વાશા નષ્ટ થઇ, તેનું મોં શીહાવીહા થઇ ગયું, પણ તે ગાંભીર્યતાથી ટકોરમાં બોલી, " ત્યારે તમે યુવરાજને ભુલી શકયા નથી."

" કોને ભૂલું ? હુ મારા જીવનને વિસારીશ, પણ યુવરાજને ભુલી શકીશ નહિ; પણ બેન ! અચાનક જે મનોદ્ધાર ઉઘડી ગયું છે, તે કોઇની પાસે કહીશ નહિ " મહેરઉન્નિસા બોલી,

" પણ હું આગ્રા જાઉં અને સલીમ કદાચ પુછેતો શુ કહું ? " યવનબાલાએ ટકોર કરી પુછયું,

" યુવરાજ જો પુછેતો કહેજે કે જ્યાં સુધી તેનો સ્વામી જીવતોછે ત્યાં સુધી પોતાનું મુખ દિલ્લીશ્વર તેની ઘાત કરશે તો તે સ્વામી હત્યારા સાથે જન્મભર તેનો મેલાપ થશે નહિ. " મહેરઉન્નિસાએ ખુલાસો કીધો અને એમ કહીને તે ઉઠી ઊભી થઇ.

વાંચક ! જે નુરજહાએ આખું રાજ્ય ધ્રુજાવ્યું, સલીમને ગુલામ જેવો બનાવ્યો, રાજ સત્તા પોતાના હાથમાં રાખી ખર્ચ ખુંટણુ જેને પુછયા વિના થાય નહિ, એવી સતાધિકારી પણ આ યવનબાલા આગળ મોહાત થઇ—પરાજય પામી પોતાના મનનો પડદો ખોલી દીધો. યવનબાલાના તો મનમાંજ હતું કે મહેરઉન્નિસા શેર અફગાન સાથે ભલે પરણી છે પણ તેનું દીલ સલીમ પણ તેના સૌંદ

ર્થથી મોહાંધ થઇને હવે શેર અફગાનને મારી નાંખી મહેરઉન્નિસા સાથે પરણશેજ; અને તેને પટરાણી—બેગમ બનાવશે પણ આથી યવનબાલા દીલગીર કે ખેદિત થઇ નહિ, ઉલટી એતો ખુશ થઇ આનંદ પામી તે તમે આગલના પ્રકરણોમાં વાંચશો. ફકત વાંચકોને એટલું જણાવીએ છીએ કે તેના હ્રદયમાં પોતાના આગલા સ્વામી સાથે સુખ વૈભવ ભોગવવાના વિચારો હવે આવતા હતા.

પ્રકરણ ૧૮ મુ

લાલબાના આકર્ષાયલા મનોભાવ.

યવનબાલામહેર ઉન્નિસાની રજા લઇ થોડા દહાડામાં આગ્રા આવી પહોંચી. તેના વિચારો હવે છેક બદલાઇ ગયા હતા, સ્વચ્છંદી વર્તણુંક તેના મનથી ઉતરી ગઈ હતી, અને પતી એજ સ્ત્રીઓનું ભુષણ છે, તેજ તેનો ખરો ધર્મ છે. એ સમજવામાં આવ્યું હતું.

આગ્રામાં આવ્યા પછી એક દિવસ તેને જહાંગીર શાહ સાથે મુલાકાત થઇ. તેને પ્રથમ માફક માન આપીને તેના ભાઇ તથા રસ્તાના કુશળ સમાચાર પુછ્યા. જહાંગીરને તે શા કારણ ગુજરાત કાઠીઆવાડ તરફ ગઇ હતી તે ખરૂં કારણ જાણવામાં આવ્યું નહોતું. યવનબાલાએ સેહેજસાજ વાત કરીને પછી રાજનગરમાં થયેલી મહેરઉન્નિસાની વાત કાઢી.

"તે હજું મારાપર પ્રેમ રાખે છે !" જહાંગીરે પુછ્યું.

યવનબાલાએ બધી ખરેખરી હકીકત કહી દીધી, અને તે શુભ સમાચાર બદલ ઇનામને માટે માંગણી કરી.

"દિલ્લીના શાહને તેં ગુલામ જેવો કરી નાંખ્યો છે એથી અધિક તને શું ઇનામ જોઇએ ?" જહાંગીરે ઇનામ માટે જવાબ આપ્યો.

"પ્રથમ હુકમ થવો જોઇએ કે દાસીની માંગણી કબુલ કરવામાં આવશે" યવનબાલાએ જણાવ્યું.

"જો રાજય કાર્યમાં વિઘ્ન નહિ આવેતો તારી માંગણી કબુલ

છે " જહાંગીરે જણાવ્યું.

" રાજ્ય કાર્યમાં કાંઇ વિઘ્ન કર્ત્તા નથી, ફક્ત મારી ઇચ્છા થઇ છે કે હું એક લગન કરૂં. યવનબાલાએ માંગણી કરી.

" વારૂ, કયાં સંબંધ નક્કી કર્યો છે ? " જહાંગીરે પુંછયું,

" થયો છે; ફકત આપની આજ્ઞા મળ્યા સિવાય તે ચોકસ કહેવાય નાહ " યવનબાલાએ જવાબ દીધો.

" એમાં મારી રજાની જરૂર નથી, ખરેખરૂં કહી દે; ફક્ત પ્રેમગોપાલ આ નોકરને સંભારજે એટલુંજ. " જહાંગીર લુબ્ધ થઇ બોલ્યો.

એટલામાં પાછુ યવનબાલાએ પુછયું, " આપ શું સંમત્તિ આપતા નથી ? "

" મારી સંમત્તિજ છે, પણ સ્વામી જોડે વિવાહ કરવાની શી જરૂર છે ! " જહાંગીરે સવાલ પુછયો.

" દૈવયોગે સ્વામીએ પ્રથમ લગનમાં પત્ની તરીકે મને

" આ દાસી પોતાના સ્વામી સાથેજ વિવાહ કરવાની અનુમતી માંગે છે. " યવનબાલા બોલી.

" જયારે તું મને લુબ્ધ કરીને છોડીને જશે, ત્યારે હું વિવ્હલ થઇ કયાં જઇશ ? " જહાંગીરે પુછયું.

" મારી જગ્યા દિલ્લીશ્વરી મહેરઉન્નિસા સાચવશે " યવનબાલાએ જણાવ્યું.

જહાંગીરે જાણ્યું કે મહેરઉન્નિસા પટરાણી થશે અને એને જનાનખાનામાં બરાઇ રહેવું પડશે તેજ વિચારથી મારી આજ્ઞા લઇ જવા માંગે છે. જહાંગીર પોતાના મનમાં વિચાર કરે [illegible] છે; સ્વિકારી નહિ, પણ હમણાં આ દાસીને તે ત્યા[illegible] શકશે નહી " યવનબાલાએ જણાવ્યું.

" તારી ધ્યાનમાં આવે તે કર, પણ તું મને છોડીને કેમ જાય છે ? શું એક નભ મંડળમાં સુર્ય તથા ચંદ્ર રહેતા નથી ? એક ડાંખલીમાં બે ફૂલ થતા નથી ? " જહાંગીરે આકાંક્ષા બતાવીને પુછયું,

" નાના ફૂલ ખીલે છે, પણ એક મ્યાનમાં બે તલવાર રહી

શકે નહી. હું આપના રાજ્ય છત્ર નીચે શા માટે કંટક થઇ રહું" યવનબાલા બોલી.

જહાંગીર ઠીક છે કહી ચાલ્યો ગયો, તે ઉત્તર આપી શક્યો નહિ, લુત્ફઉન્નિસાને આવી મનોવાંછના કેમ થઇ તે કહી શકી નહી. તેનું હૃદય પથ્થર જેવું હતું પણ આવી રીતે તે પથ્થરમાં કીડા પડી તેને ફોલી ખાતો હતો.

યવનબાલાએ ઘેર આવીને પોતાની દાસા લતીફાને બોલાવીને પોતાના અંગપર સર્વ હીરા, મોતી, સુવર્ણના દાગીના તથા ઉત્તમ પ્રકારના રેશમી, ભરગચ્છીના પોષાક પણ ભેટ કરી દીધા.

"આ પોષાકતો કીમતી છે, અને આપે હમણાંજ કરાવ્યો હતો ને ?" છેલ્લો કીમતી પોષાક દાસીને ભેટ આપ્યો તેથી આશ્ચર્ય પામીને તે બોલી.

"હવે એ બધા પોષાક આભુષણુ મારા મનથી ઉતરી ગયા છે, આ વૈભવ હવે મારે નહિ જોઇએ. મારે આગ્રા સાથે કાંઇ સંબંધ રાખવાની ઇચ્છા નથી. મેં ઘણા દિવસ આગ્રામાં ફરી સુખ વૈભવ ભોગવવાની મારી તષ્ણા તુપ્ત કરી. મેં ઘણાજ દુષ્ટ કર્મ કર્યાં, ઐશ્વય, ધન, ગૌરવ, પ્રતિષ્ટાપણુ ભોગવી, પણ હું એકે દહાડો સુખી થઇ નહી. હવે મારો વિચાર આગ્રા ત્યાગીને કાઠીઆવાડમાં જઇ રહેવાનો અને કોઇ કુલવંત રજપુત સાથે લગન કરી તેની સ્ત્રી થઇ રહેવાનો છે. મારી તૃષ્ણા કદી પરિત્રપ્ત થઇ નથી. ઉલટી અત્રે અધિકાધિક ત્રષ્ણા વધતીજ જાય છે. એ સખાકાંક્ષા નદીના જેવીછે પ્રથમ તેમાં નિરમળ ઝીણી ધારા વિજન પ્રદેશમાંથી નીકળે છે. અને તે પોતાની અંદર લપાઇ રહેછે તે કોઇ જાણુતા નથી; તે પોતાની મેળે કલકલ કરે છે તે કોઇ સાંભરતા નથી; ધીમે ધીમે તે આગળ જાય છે ત્યારે પોતાનું શરીર વધારે છે અને તેટલીજ કીચડવાલી થાય છે; કોઇ વખત તેમાં વાયુ વહે છે, તુરંગ ઉઠે છે, મચ્છ વાસો કરે છે; જેમ જેમ તે શરીરને વધારે ફેલાવે છે તેમ તેમ પાણી વધારે કાદવવાળુ થાય છે અને ખારૂં થાય છે. મોટા અસંખ્ય ટેકરા તેના પટમાં રહે છે. તે પછી કાદવવાલી નદી અનંતસાગરમાં ક્યાં છુપાઇ જાય છે. તે જણાતું નથી. ટુંકમાં ત્રણ વર્ષ સુધી રાજ્યમાં સુખ વઇભવ ભોગવ્યા, અને જે સુખ પ્રાપ્તી નહોતી થઇ તે એક

રાત્રે કાઠિઆવાડની મુસાફરીએ જતાં રસ્તામાં થઇ. હું આટલી વખત આરસપહાણની મુર્તિ જેવી હતી બહારથી હીરા મોતી સુવર્ણના અલંકારોથી તથા ઉત્તમ પોષાકથી સજાયલી હતી,પણ અંદરથી પાષણુ હતી. મને હવે વિલાસ સુખ છોડીને એકજ જણને ચહાવાની ઇચ્છા છે, અને તેટલા માટે હું આગ્રા છોડીને હમેશને માટે જાઉછું.

એમ કહીને દાસીને પોટલા બાંધવાને અને કાઠીઆવાડની મુસાફરી માટે તૈયારી કરવાને તાકીદ આપી, અને બીજે દીવસે પ્રાતઃકાલે કાઠીઆવાડ તરફ જવાને કુચ શરૂ કરી. પ્રથમ જયારે તેણે મુસાફરી કરી હતી, ત્યારે કેવી આશાથી કરી હતી? રાજ્ય સુખ વઇભવ ભોગવવાની—મનસબદાર કે ઉમરાવની માનીતી બેગમ થવાની અભિલાષાથી અને આજના તેના કેવા મનોભાવ હતા તે અમારા વાંચકને મુકાબલો કરવાને માટે રહેવા દઇએ છીએ.

પ્રકરણ ૧૯ મું.

લાલબા સ્વામીની ગોદમાં

ગયા પ્રકરણમાં આપણે જોયું છે કે યવનબાલા હમેશને માટે આગ્રા છોડી પોતાના સ્વામી અભયસિંહના રહેઠાણ મોરબી તરફ ચાલી જતી હતી. તેનો મનસુબો એવો હતો કે તેના ઘરથી દુર એકાદ ઘર ભાડે લઈ પ્રસંગાનુકુળ અભયસિંહને ત્યાં બોલાવીને ખરી હકીકત કહી દઇ તેની સ્ત્રી થઇ રહીશ.

યવનબાલાનો પ્રેમ ખેતરના વાવેલા બી માફક વધ્યો હતો જેમ ખેતરમાં બી વાવે છે, અને જયારે તેને અંકુર થાય છે જેમ કોઇ જાણી શકતા નથી. વાવનાર ખેડુત ગમે ત્યાં હોય તોપણ એક વખત વાવેલા બી ધીમે ધીમે અંકુર આવી ડોકીઆં કરે છે. એક દીવસે તે જમીનથી સહેજ ડોકીઉં કરે, બીજે દીવસે જરા વધારે, એમ ધીમે ધીમે વધીને આખરે ૦ાા હાથ, હાથ, દોઢ હાથ બે હાથ એમ વધ્યાજ જાય છે. તેવીજ રીતે યવનબાલાને પ્રથમ એક પ્રેમી પુરૂષની મુલાકાત થઇ ત્યારથીજ તેનો પ્રેમાંકુર ફુટયો હતો પછી તેનો

મેલાપ થયો નહિ, એટલે વિરહ વેદના વધી, પ્રેમ લાલસા થઇ અને બીજમાંથી અંકુર ફુટતાં જમીન બહાર જેમ નીકળે છે અને વધી જાય છે તેમ તે પ્રેમી પ્રતિ પ્રેમ ઉત્પન્ન થયો, અને તેને મળવાની ઇચ્છા ઉત્પન્ન થઇ, દિલ્લીનું રાજય વઇભવ—સુખાશા લાલશા સર્વ ત્યાગીને તે પ્રેમી પુરૂષને મળવાને માટે દોડી, આ પ્રેમી તે યુવક અભયસિંહ હતો. તેનો ધર્મશાળામાં પ્રથમ મેલાપ થયો, ત્યારથીજ તેના પ્રેમાંકુર ફુટયા હતા. મહેરઉન્નિસાની વાત સાંભળીને પણ તે દીલગીર થઇ નહોતી. તે બાદશાહ જહાંગીરની વિદાયગીરી—આજ્ઞા લઇને મોરબી તરફ આવી હતી.

અહીં આવીને તેણે એક સુંદર હવેલી ભાડે લીધી. ગામના લોકો એકાએક આશ્ચર્ય પામ્યા કે આ હવેલી એકાએક જોત જોતામાં દાસ દાસીઓથી ભરાઇ ગઇ, તે એ કોણ હશે ? હવેલીમાં મનહર સર સામાન, ગાદી તકીઆ, ખુરશી, વિરામસિન, હાંડી તકતા ગોઠવી દીધા છે; સુગંધી પદાર્થોથી તે બેહેકી રહી છે. હવેલીના દરેક ઓરડામાં જેવો જેવો સણુગાર જોઇએ તેવો ગોઠવી દીધો છે. તે હવેલીના એક ઓરડામાં યવનબાલા નીચું માથું ઘાલીને અફસોસમાં ગીરફતાર થયેલી બેઠી છે, તે કોઇના આવ્યાની રાહ જુએ છે.

અત્રે આવ્યા પછી ઠેકાણે પડયા પછી તેણે અભસિંહ રાઠોડ ને એંધાણીબંધ કહાવી મોકળ્યું હતું, અને તેને બોલાવવાને દાસી લતીફાને મોકલી હતી.

અભયસિંહ આવ્યો, અને થોડીવાર મુંગો બેઠા પછી તેણે રજા માંગી " હવે હું જાઉં છું " અને હવે બોલાવવાની તસ્દી લેતા નહિ "

" જરા બેસો, મારે તમને કાંઇક કહેવાનું છે, તે સાંભળીને પછી ચાલ્યા જાઓ " યવનબાલાએ કહ્યું.

અભયસિંહ જરા બેઠો, પણ યવનબાલા કાંઇ બોલી શકી નહિ, તેની જીભ ઉપડી શકી નહિ, ત્યારે અભયે અકલાઇને કહ્યું, " શું કહો છો ! "

યવનબાલા કાંઇ બોલી નહી પણ છાનામાના રડવા લાગી.

તે જોઇને અભય ઉઠયો, ત્યારે તેના ડગલીનો છેડો ઝાલીને

શાંત ઉભી, ત્યારે તે અકળાઇને બોલ્યો, " શું કહોછો " જે કહેવા ચહાતા હોય તે ઝટ કહી દો, અને મને જવા દો

" તમે શું ચાહોછો ? આ પૃથ્વીમાં કાંઇજ ચાહતા નથી. ધન સંપત્તિ, માન પ્રેમ, રંગ, મસ્કરી ઇત્યાદી પ્રથ્વીમાં જેને સુખ કહીએ તે સર્વ હું તમને આપીશ, અને તેનો કાંઇ પણ બદલો તમારા તરફથી ચહાતી નથી. ફકત હું તમારી દાસીજ થઇ રહેવા ઇચ્છું છું. " યવનબાલા આક્રંદ કરતી બોલી.

" હું સામાન્ય રાજપુત છું, અને તમારા આપેલા ધન, દોલત લઇને **યવનીનો** યાર થઇ રહીશ નહી. " અભય તુચ્છકારીને બોલ્યો.

અભય બાપડો જાણુતો નહોતો, તેના દીલમાં કલ્પના પણ નહોતી. કે આ સ્ત્રી તેની આગલી બાયડી લાલબા છે.

યવનબાલાએ " યવનીનો યાર " એ શબ્દ સાંભળીને નીચું ઘાલ્યું, અને ચક્ષુમાંથી દડ દડ આંસુ પડયાં, અને અભય પોતાનો ડગલો છોડવી ચાલ્યો જતો હતો, એવામાં ફરીથી તેનો ડગલો પકડીને કહ્યું, " ઠીક છે, જાઓ, દૈવની એજ ઇચ્છા હશે; પણ આ દાસીને દિવસમાં એકવાર દર્શન આપજો, એટલે મનમાં આનંદ પામીશ. "

" તમે યવની અને પર સ્ત્રી છો, તમારી સાથે આટલી વાતચિત કરવામાં દોષારોષ છે, તેટલા માટે ચોખ્ખું કહું છું કે હવેથી મારી મુલાકાતની આશા રાખશો નહિ. " અભયસિંહે જણાવ્યું.

" જાઓ ત્યારે એમ કહીને યવનબાલા પાષાણ મુર્તિ પેઠે અવાચક થઇ પડી, અને જેવો **અભયસિંહ** તેની પરવા રાખ્યા વગર ચાલ્યો જતો હતો. તેવીજ તોફાનથી ઉખડેલા ઝાડની પેઠે દોડીને તેના પગ આગળ પડીને તેના પગ પકડીને ખેદયુકત સ્વરે બોલી " ઘાતકી ! હું તમારા માટે આગ્રાનું સીંહાસન છોડીને આવી, અને તમે મને આમ ત્યાગી જાઓ છો ! "

" તમે પાછા ત્યાં જાઓ. મારી આશા બીલકુલ રાખતા નહિ. અભયે જણાવી દીધું.

" આ જન્મમાં **આગ્રા** પાછી જઇશ નહિ, તમને મારાજ કરીશ. " વીફરાયલી વાઘેણ જેવી પગે કચડાયલો સાપ જેમ ફણા

ઉચી કરીને દોડે છે તેમ દોડીને કહ્યું.

તે જોઇ અભય ભયભીત થયો. ત્યાંથી તે ચાલ્યો ત્યારે એકદમ તેના હૃદય ચક્ષુ પાસે એક બીજી મુર્તિ આવીને ઉભી રહી. એક દહાડો જ્યારે તે પોતાની સ્ત્રી લાલબાપર ગુસ્સે થયો હતો, ત્યારે તે ૧૨-૧૩ વર્ષની છોકરી કેવી ગર્વથી તેના તરફ જોતી ઉભી હતી, તેની આંખ આ યવનીના જેવીજ હતી, તેના કપાલની રેખા એવીજ હતી, નસકોરા એવાજ હતા. ઇત્યાદી તે તાદસ્ય ચિત્તાર તેના આગળ ખડો થયો તેથી તે સંશયાધીન થઇને સંકુચિત સ્વરે બોલ્યો " તમે કોણ છો ? "

આ પ્રશ્ન સાંભલતાંજ તે યવનબાલાની આંખની કીકી પોહોળી ને ક્રોધીત થઇને તે બોલી હું " લાલબા છું " આટલું બોલીને તે બીજા ઓરડામાં ચાલી ગઇ, અને અભયસિંહ વિહ્વલ ચીતથી કાંઇક શંકાશીલ થઇને પોતાના મુકામે વિચારમાં ને વિચારમાં ચાલ્યો.

પ્રકરણ ૨૦ મું.

વેર લેવાનો વિચાર.

લુત્ફુન્નિસા—યવનબાલાને હવે આપણે લાલબાના નામથી ઓલખીશું. એ બિચારી પોતાની ઓરડીમાં જઇ હવે શો ઉપાય યોજવો તે માટે વિચાર કરવા લાગી. તેણે વેર વિચાર નકકી કર્યો કોનાપર વેર લેવું ? અભયસિંહ ઉપર ? ના, ના, રાજબાલાનો કાંટો તેના માર્ગમાંથી કાઢી નંખાય તો પછી અભય તેને તને સંગ્રહે પોતાને ઘેર રાખે, એવો દ્રઢ વિચાર કરી દાસી લતીફાને બોલાવી ઘણોજ સાદો પોશાક પહેરી તે બહાર પડી.

" આપ શા ઉપદેશથી બહાર પડવા માંગોછો ?" દાસીએ પુછ્યું.

" રાજબાલાનો કાંટો રસ્તામાંથી કાઢી નાંખીને તેમની સાથે હમેશનો વિયોગ કરાવવો; પછી તે મારોજ થશે એ વિચારથી " લાલબાએ જણાવ્યું.

એમ કહીને તે પાસેના જંગલમાં ચાલી નીકલી; અને

અભયસિંહ જે મહેલામાં રહેતો હતો, તેથી દુરના ગાડ અરણ્યમાં પેસી એક ઝાડનીચે બેસી વિચાર કરવા લાગી; એટલામાં દૈવયોગે તેને મદદ મલી આવી.

જે ઝાડનીચે તે બેઠી હતી ત્યાંથી કોઈ માણુસ બોલતું હોય એમ તેને લાગ્યું ઉઠીને ચો તરફ જોયું, તો દુર એક દીવો બલતો દેખાયો, તેની હિંમત પુરૂષ કરતાં વધારે હતી. તે ત્યાં ધીમે પગલે ચાલી ગઇ, અને ઝાડની બખોલમાં સંતાઇને એ શું થાય છે તે જોવા માંડયું તેના દીઠામાં જે દીવો આવ્યો હતો તે હોમની જવાળા હતી. અને જે અવાજ સંભલાતો હતો તે મંત્રોચાર હતા, તે બિચારી તેમાંનું કાંઇ સમજી શકી નહિ તે મંત્રમાંનો એક રાજબાલા શબ્દ સાંભળીને તે તેની પાસે ગઇ.

વાંચનારને યાદ હશેજ કે જે રાતે રાજબાલાની સાથે અભયસિંહ સમુદ્ર કિનારેથી નાઠો, અને દેવીના મંદીરમાં આશ્રય લીધો, જે દહાડે દેવી ભકત જયરામ અભયનો કાલકા માતાને ભોગ આપવાને માટે તેને વેલાના છોડથી બાંધીને તેને ભોગ આપવાને માટે તરવારની શોધમાં ઝુંપડી તરફ નીકલ્યો અને ત્યાં નહિ મલવાથી નાસીપાસ થઇ પાછો સમુદ્ર કિનારે આવ્યો હતો, અને એક રેતીના ઢગલાપર ઉભો રહી અભયને ચોમેર જોતો ઉભો હતો, એવામાં રેતીના ખડકનું મુળ પાણીથી ધોવાઇ ગયેલું હોવાથી તેના શરીરના બોજથી તે ઢગલો તુટી પડયો હતો, અને તેનું શરીર બચાવવા જતાં બંને હાથ ભાંગી ગયા હતા.

જમીનપર પડતાજ તે બેહોસ થયો હતો. જરા વારે શુદ્ધિમાં આવતો, વળી પાછો બેભાન થતો. આમ કેટલાક દિવસ રહ્યું તે અમે કહી શકતા નથી; પરંતુ એમ લાગે છે કે બે આખી રાત અને એક દિવસ એવી અવસ્થામાં તે રહયો હતો. ત્રીજે દિવસે ઉઠીને ઉભા થતાંજ તેને સ્વપ્નમાં હાજરા હજુર દેવીએ દર્શન દઇ તેને કહ્યું, "દુરાચારી! તેં ઇંદ્રિય લાલસાથી લુબ્ધ થઇને તેં પેલી કુમારીનુ મને બલીદાન આપ્યું નહિ, તેથી તારાપર હું ગુસ્સેછું; અને તારૂં હવે બલીદાન ગ્રહણ કરીશ નહિ." આ ઉપરથી દેવી ભકતે તેને પગે પડીને સવિનય આજીજી કરી, ત્યારે પાછું તૃષ્ટ થઇને કહ્યું "એ રાજબાલાનું મને બલિદાન આપજે, અને જ્યાં સુધી તેમ થાય

નહિ, ત્યાં સુધી મારી પુંજા કરતો નહિં. દેવી ભકતે મનમાંજ વિચાર્યું કે આ બે બાહુ વિના કેવી રીતે પ્રયત્ન કરીશ. યાંત્રિક શકિતના બળે તેણે આ રાજબાલાનું રહેઠાણ શોધી કાઢયું, અને આ પાસેના જંગલમાં રહીને તાંત્રિક વિદ્યાથી તે હોમ કરતો હતો,

પ્રકરણ ૨૧ મું.

વશ કરવાની ઔષધિ માટે.

જે દિવસે લાલબા વેર લેવાના વિચારથી જંગલમાં ગઈ દેવી ભકત જયરામ તેવીજ ધારણાથી તેના (રાજબાલાના) બલીદાન માટે ઇચ્છાતુર છે, તે દિવસે રાજબાલા વિચારમાં ગરક થયેલી પોતાના ઓરડામાં બેઠી હતી. આરબી સમુદ્ર કિનારે યોગીનીના વેશમાં જે બાળા ફરતી હતી, તે આજ બાળા નથી. યવનબાલા સાથે પાલેજની ધર્મશાળામાં જે યુવતીનો મેલાપ થયો, અને શોક સમુદ્રમાં બુડેલી હતી તે રાજબાળા આ ન હોય, કેશરની ભવિષ્ય વાણી ખરી પડી છે. યવનબાલાનો મેલાપ થયાને આજ લગભગ એક વર્ષ થયા આવ્યું છે; આજ અરણ્યની યોગીની ગૃહિણી થઇ છે. તેની પીઠપર લટકતા કાળા કેશ અંબોડામાં વીંટાઇ ગયા છે, અને તે અંબોડો પણ ઘણોજ બેનમુન ગુંથ્યો છે; અંબોડાપર ગોલાકાર ફુલની વેણી નાંખેલી છે: કપાલ પર જે વડીઆ પ્રથમ ઉડતા હતા, તે આજ મોગરેલ તેલથી હોલાઇને ઠીકઠાક થયા છે; હવે તેની મુખ મુદ્રા ઉદાસીન રહેતી નથી, પણ તેજસ્વી હસતી રહેછે; દીલગીરી નામે દેખાતી નથી. જે ઘરેણાનો તેને પ્રથમ શોખ નહોતો, જે અમુલ્ય ઘરેણા તેણે ભીખારીને ભેટ આપી દીધા હતા, તેનાથી થોડી કીમતના ઘરેણા તેણે જરૂરીઆત પ્રમાણે અંગપર પહેરી દીધેલા છે. તેને પ્રથમ જેમ કપડાપર ભાવ નહોતો, તે આજ બદલાઇ ગયો છે. અને ફરતા ફરતી સાદાપણું સ્વચ્છ કપડા બદલ્યા કરે છે.

આ વખતે નણંદ ભોજાઇ બે વાતો કરવામાં મશગુલ છે; તે કયા વિષય સંબંધી હતી તે વાંચ્યાથી જણાશે.

"ત્યારે નણુદોઇ કેટલા દિવસ અત્રે રોકાવાના છે ?" ભોજાઇએ પુછ્યું.

"કાલે સાંજે જવાના છે. આજે રાતે જો ઔષધ લાવી રાખત તો તેને વશ કરીને મનુષ્ય જન્મનું સાર્થક કરત; પણ કાલ રાત્રે હું થઇ હતી ત્યારે લાત મુકીની પ્રસાદી ખાવી પડી હતી, તેથી આટલી રાત્ર હવે મારાથી બહાર કેમ જવાય ?" નણંદે કહ્યું.

આવતી કાલે દિવસે ઔષધ નહિ લેવા જવાય ?" ભોજાઇએ પુછ્યું.

"દહાડે લાવ્યાથી તે ફળે નહી. બરાબર અર્ધરાત્રીએ ચોટલો છુટો રાખીનેજ તે લાવવી જોઇએ, તેથી હવે લાચાર છું. મારો જન્મારો કોણ જાણે કેવો જશે ?" નંણદે દીર્ઘ નિશ્વાસ નાંખી કહ્યું.

"ઠીક, ત્યારે હું તે ઝાડને ઓલખું છું. તમારે સાથે આવવાની જરૂર નથી; હું એકલી જઇને તે ઔષધિ લઇ આવીશ." ભોજાઇએ લાગણીથી કહ્યું.

"તને રાતની વખતે એકલી તો નહિ જવા દેઉં: મારા ભાઇ જાણેતો મને ખીજે અને ઠપકો દે, અને દુષ્ટ માણસો ભુંડું બોલે" નણંદે કહ્યું.

"તમારા મનમાં એમ શકછે કે રાત્ર ફર્યાથી હું વ્યભિચારિણી થઇશ ! બીજા છો બોલતાં. મારે માટે અમારી બઇનો ખાત્રી છે." ભોજાઇએ દીલથી કહ્યું.

"સ્ત્રીઓને રાત્ર એકલા ફરવાની—જવાની કોઇ પુરૂષ રજા આપેજ નહિ !" નણંદે ઠપકા રૂપે કહ્યું.

"ત્યારે સ્ત્રીઓ પતિને પરણીને ગુલામ થઇ જાય છે ? જો એવુ જાણતે તો હું કદી તમારા ભાઇ સાથે કે અન્ય સાથે લગ્ન કરતેજ નહિ ?" ભોજાઇએ છુટ લેવા બાબત તકરાર કરી.

એમ કહીને રાજબાલા પોતાની નણદને સુખ આપવાને માટે નણદોઇને વશ કરવાની ઔષધી લેવા માટે જંગલમાં જવા માટે બહાર નીકળી. તે વખતે ચંદ્રનો સહેજ પ્રકાશ હતો. અભયસિંહે તેને બહાર જતી જોઇને તેની પાછળ ઝડપથી જઇને હાથ પકડીને કહ્યું, "ક્યાં જાઓ છો ?"

" કેશર બેનના પતીને વશ કરવા માટે જંગલની ઔષધિ લેવા માટે જાઉં છું " રાજબાલાએ પરમાર્થ બુદ્ધિથી કહ્યું,

" દહાડે નહી જવાય ? દિવસે તે ઔષધ નહીં મલી શક; અને રાત્રેજ મલી શકે ? " અભયસીંહે તાત્પર્ય જાણવા માટે પુછયું.

" દિવસે આણેલું ઔષધ ફળતું નથી " રાજબાએ જવાબ દીધો.

"ત્યારે મને તે ઝાડનું નામ કહો એટલે હું લઇ આવીશ. સ્ત્રી માણુસે રાતે બહાર જવુ અનુચિત છે." અભયસીંહે ઠપકો દીધો.

તે ઝાડને નજરે જોયાથી ઓળખુછું, પણ નામ જાણુતી નથી. વળી પુરૂષોએ આણેલી વનૌષધી નિરૂપયોગી છે. સ્ત્રીએ પોતેજ છુટા વાળથી રાતે જંગલમાં જઇ લાવવી જોઇએ. મેહેરબાની કરી પરોપકારના કાર્યમાં વિઘ્ન નાંખતા નહી.' રાજબાળાએ શાંત હૃદયથી જવાબ આપ્યો.

" ત્યારે ચાલ હું તારી સાથે આવું છું." અભયસી શંકાથી કહ્યું.

મારાપર અણુવિશ્વાસ છે ? હું: રાતે એકલી બાહાર જાઉં માટે મારા સતીત્વપર આપને શક ,લાગેછે ! શું હુ વ્યભિચારિણી છું કે થઇશ ? કાંઈ શક હોય તો મને કહો રાજબાળા બોલી.

અભયસીંહ કાંઇ બોલી શકયો નહી, અને રાજબાળા છુટા વાળથી પોતાની નણંદ કેશર માટે પરમાર્થીક કાર્ય માટે રાત્રીના વખતે ગાઢ અરણ્યમાં નણુદોઇને વશ કરવાની ઔષધિ લેવા માટે ચાલી ગઇ, અને અભય તેના વાક ચાતુર્યથી દીગ મુઢ થઇને શાંત ચિન્તે સ્તબ્ધ થઇ તેજ સ્થળે ઉભો રહયો.

પ્રકરણ ૨૨ મું.

રાજબાલાને મારવાનો સંકલ્પ.

કાઠીઆવાડના મોરબી ગામમાં જ્યાં અભયસીહ રહેતો હતો તેનાથી થોડેક દુર નગરનો વિસ્તીર્ણ પ્રદેશ અને મોરબા રાજ્યનો

પ્રદેશ હતો બધો પ્રદેશ અરણ્ય જેવો ઉજ્જડ હતો, રાજબાળા તે ગાઢ અરણ્યની એક ચાલુ પગથીએ પરોપકાર બુદ્ધિના તરંગમાં ચાલી તે રાત શાંત હતી. ચંદ્રનો કાંઇક પ્રકાશ ઝાડના પાંદડાંમાં થઇ ને સહેજ અરણ્યમાંની પગથીપર કવચીત આભાશ પડતો, કવચીત અદ્રસ્ય થતો હતો કવચીત ઝાડપરનાં સુકાં પાંદડાં જમીનપર પડયાથી ખડખડાટ થતો; કવચીત ડેડવાની ડાગલી વાગતી; કવચીત દુર ગામ્યના કુતરાં કે શિયાલવાનો ભસવાના–આરડવાના શબ્દ સંભલાતા પવન બંધ હતો, પણ કદી કદી ઝાડના પાંદડાં હાલ્યાથી સહેજ સુરખી આવતી હતી. આવી શાંત રાતે તેની પ્રથમની સ્થીતી આરબી સમુદ્રના કીનારાપરની, સાંભળી આવી અને તે વીચારમાં ને વીચારમાં ચાલી. પોતે કયા કારણથી આવી છે, કયાં જવાનું છે, તે પુર્વ વીચારોમાં ભુલી ગઇ, અને વીચારની ધુનમાં ચાલી, ધીમે ધીમે માર્ગ અગમ્ય થયો, અને અરણ્ય ઘીચ થતુ ગયું. મસ્તકપર ઝાડની છાયા પડયાથી ચંદ્રનું અજવાલું પણ દેખાતુ બંધ થયું જયારે ચાલવાનો માર્ગ જડયો નહી ત્યારે તે પોતાના પુર્વ વીચારમાંથી જાગી ઉઠયો તે સ્થલે યલવાર ઉભા રહીને જોયું તો ગાઢ અરણ્યમાં એક સ્થલે અજવાલુ દેખાયું. યવનબાલાએ પણ એજ અજવાલું જોયું. હતું, રાજબાળા પ્રથમના અભ્યાસને લીધે ટેહેવાઇ ગયેલી હતી, છતાં તે આશ્ચર્ય પામી; પછી ધીમે તેણે અજવાળા તરફ ચાલવા માંડયુ.

ત્યાં જઇને જોયું તો જયાં દીવો બલતો હતો તે સ્થલે કોઇ દેખાયુ નહી, પરંતુ તેથી થોડે દુર એક ઇંટ માટીની ચણેલી ઝુંપડી હતી તેણે અનુંમાન્યું કે તે ઝુંપડીમાં બે અગર વધુ મનુષ્ય હોવા જોઇએ તેમની વાતચીત સાંભળવાની આંકાક્ષાથી પ્રેરાઇને તે ધીમે ચાલી તો તેને જાણ્યુ કે તેઓ સાવચેતીથી ધીમે વાતો કરેછે; પહેલાં તેમની કાંઇ વાતચીત સંભલાઇ નહી, અગર તે સમજી શકી નહી પણ પછી કાન માંડીને સાંભળતાં નીચેની વાત સંભલાઇ

" મારી મરજી તેને મારી નાંખવાની છે, તેમાં જો તમારો મત ન હોય તો હું તમારી મદદ લઇશ નહી. તેમ તમારે પણ મને મદદ કરવી નહી એક જણુ બોલ્યો.

" હું તેનું ભલુ ઇચ્છનારો નથી પણ માર્યાને બદલે તેને

જન્મભર દેશ નીકાલ કરવામાં આવે તો હું ખુશી છું. તેને મારી નાંખવાનું કાર્ય મારાથી થશે નહી. ઉલટા તેમાં હું ખલેલ પોહોં ચાડીશ. " બીજો બોલ્યો.

" તમે હજુ અજ્ઞાન અને અજાણ્યાછે; મારે તમને એક ગુપ્ત વાત કહેવાની છે તે લક્ષ પુર્વક સાંભળજો; પણ મને કોઇના શ્વાસો-શ્વાસ સંભલાય છે માટે બાહાર જઇને તપાશ કરો કે કોઇ છે ; ' પહેલાએ બારીક નજર પોહોંચાડી.

ખરેખર, વાંચનાર જાણે છે કે તે રાજબાળા હતી; જે દિવસ પાછળ તેમની વાત સાંભલવા માટે પગના અંગુઠાપર ઉભી રહી તેમની વાત સાંભળતી હતી.

પેલો બીજો માણસ તરતજ બહાર આવ્યો, અને રાજબાલા-એ કાંઇક ચદ્રના આભાશથી જાણ્યું ક તે બ્રાહ્મણ વેશ ધારી છે તેણે એક ધોતીઉ પહેરેલુ છે, અને એક ધોતીઉ અંગ પર ઓઢયું છે. આ બ્રાહ્મણ કુમાર કોમળ વયનો છે. તેને કાંઇ મુછ ફુટી નહો-તી, તેથી તે કાંઇ રમણીના મુખ જેવું સુંદર લાગતું હતું. તેના વાળ પુરૂષની પેઠે હજામત કરાવેલા નથી, પણ ફેંટા બાંધીને છુપા-વેલા હતા, અને કોઇક બહાર રહી ગયાથી પીઠપર વીખરાયલા પડેલા હતા તેનું કપાળ તસનસતું હતું અને તેના ચક્ષુ વિદ્યુત જેવા તેજોમય હતા. તેના હોથમાં એક તરવાર હતી. તેને જોઇને રાજ-બાલાએ ભયભીત થઇ નીચું જોયું પેલા બ્રાહ્મણ વેશ ધારીએ ગર્વ-થી પુછયું, " તમે કોણ છો ? "

જો એક વર્ષ પહેલાં નર્મદાસંગમપરના અરણ્યમાં રાજબાલાને આ પ્રશ્ન પુછયો હતે, તો તરતજ તેને યોગ્ય ઉત્તર આપત, પણ વર્ષ થયા હમણાં તે ગૃહરમણી થયાથી કાંઇ પ્રત્યુત્તર આપી શકી નહિ. " કોણ રાજબાળા ! આટલી મોડી રાત્રે ગાઢ અરણ્યમાં ? " બ્રાહ્મણ વેશધારીએ તેણે ઓલખીને ગંભીરાઇથી પુછયું.

આવા અપરિચિત મનુષ્યે તેનું નામ દીધું તેથી તે સંકોચાઇ અને ભયભીત થઇ કાંઇ બોલી શકી નહિ;

" તમે અમારા બે વચ્ચે થયેલી વાતચિત સાંભળી છે ? " બ્રાહ્મણ વેશધારીએ પુછયું.

હવે રાજબાળાનુ મુખદ્વાર ઉઘડયું, અને તે હિંમત રાખી

ને બોલી, " તમે બે જણા આવી મોડી રાત્રે શું ખરાબ મસલત કરતા હતા ?" આ પ્રશ્નથી બ્રાહ્મણ વેષધારીએ તેનો હાથ પકડીને તેને ત્યાંથી સહેજ દુર લઇ જઇ કહ્યું " ફીકર કરતાનહી. હું સ્ત્રી છું. અમે જે દુષ્ટ વાત-ખરાબ મસલત કરતા હતા તે તમારાજ વિરૂદ્ધની. હું તમને અથથી ઇતિ સુધી સર્વ વૃતાંત કહીશ પણ હું પાછી આવું ત્યાં સુધી તમે આ સ્થળેજ રહેજો !"

રાજબાળા આશ્ચર્ય પામી ચકિત થઇ. બ્રાહ્મણ વેશ ધારી પેલા ભાંગેલા ઘર તરફ ઉડી-દોડી ગઇ. રાજબાળાને ભય ઉપજ્યો હતો. તે મનમાં બોલી, " તેણે શા માટે અહીં બેસાડી હશે ! કાંઇ ખરાબ વિચારતો નહી હોય ?" તેણે ઘડીવાર આ નિર્જન્ય અરણ્યમાં બેસીને તેના પાછા ફરવાની રાહા જોઈ, પણ તે પાછી આવી નહી, તેથી અકળાઇને ઝપાટાબંધ પગલા ઉપાડીને પોતાના મુકામે ચાલી ગઇ.

આ વખતે નભ મંડળ ઘનઘોર ઘેરાયલું હતું. પેલોદીવો પણ હવે દેખાતો નહોતો. એ જ્યારે ઘર તરફ પાછી ફરતી હતી ત્યારે કોઇ મનુષ્યના પગલાં તેણે પોતાની પાછળ આવતાં સાંભળ્યાં, તેણે અનુમાન્યું કે પેલી બ્રાહ્મણ વેશ ધારિણી આવતી હશે, પણ કોઈ દેખાયું નહિ. તેણે પોતાને ચાલવાનો ક્રમજાગ રાખ્યો, અને અરણ્ય વટાવીને સપાટ મેદાનમાં આવી પહોંચી હવે તે પુર ઝડપથી ચાલી પરંતુ પાછુ જોવાથી ફરી તેને કોઇના પાછળ આવવાનો આભાશ થયો; કોઇ દેખાયું નહી આ વખતે તર્જન ગર્જન થવા માંડયું, વાયુના સુસ્કારા, પવનના ફુંફાટા વાદળાનું વેગથી વહેવું, મેઘ ગર્જના વિદ્યુતના ચમકાર થયા લાગ્યા, અને તેથી ઝડપથી દોડી. પેલો પાછળ આવનાર પણ જાણે ઝડપથી દોડતો હોય એમ જણાયું. એવામાં વરસાદના સેહેજછાંટા થયા, વધ્યા, નેવાં જેટવાં પડવાં લાગ્યાં અને ધીમે ધીમે મુશળધાર થઇ; આ બધી વિપત્તિમાં બચવાના ફાંફાં મારતી રાજબાળા દોડી. પેલો આકાર પાછળ દોડયો, રાજબાળા દોડતી કે ઘરમાં ભરાઇ. તેને માટે ઘરનું બારણું ઉઘાડું રાખેલુંજ હતું ઓટલાપરથી પરસાલમાં ગઇ, દરવાજો બંધ કરવા માટે પાછી ફરી તો ખરેજ એક મોટો આકાર-પુરૂષ તેની સામે ઉભેલો દીઠો એવામાં વિદુતનો ચમકારો થયો, અને તે ચમકારથી રાજબાલાએ જોયું તો તેનો પાલણ કરનાર દેવી ભક્ત જયરામ હતો

અને તેને જોઇને તેના પેટમાં ફાલ પડી.

પ્રકરણ ૨૭ મું,

ભયંકર સ્વપ્ન.

રાજબાળાએ ચમકીને એકદમ દ્વાર વાસ્યું અને પોતાના ઓરડામાં જઇ પલંગપર સુતા મનુષ્ય હ્રદય અનંત સમુદ્ર જેવુંછે જ્યારે પ્રચંડ વાયુ ઝપાટા લડાઇ કરેછે. ત્યારે તેના તરંગની કોણ ગણતી કરી શકે એવો છે ! રાજબાળાના મન તરંગો અબ્ધિના તરંગો મુજબ ઉછલતા હતા.

અભયસિંહ આજ રાજબાલા નહી હોવાથી વિરહ–હ્રદય વેદનાને લીધે દિવાનખાનામાં સુતો હતો, અને તેથી રાજબાળા પોતાના પલંગપર એકલી સુતી, મન તરંગો પ્રબલ વાયુ સાથે વરસતા હોવાથી વરસાદથી ભીંજાયલી પેલી દીવ્ય દિર્ઘ મુર્તિ ભવ્યાકાર અંધારામાં પણ તેને ચોદિશ જણાવા લાગ્યો. હવે તેને પુર્વ જીવનના વિચાર આવવા લાગ્યાં.દેવી ભકત પાસેથી તે ચાલી આવતી હતી તેનું સ્મરણ થયું. દેવી ભકત અરણ્યમાં રહી જે પૈશાચિક કાર્ય કરતો હતો તે સાંભર્યા. તેણે પ્રારંભ કરેલી મહાકાલીની પુંજા, અભયને વેલ બંધનથી બાંધવો, તેનું તરવાર સાહિત્યથી બંધન છેદન, અને તેથી દેવી ભકતનો તેના પ્રતિકોપ એ સાંભરી ,આવ્યા અને તે થરથર ધરૂજવા લાગી પછી તરંગ પાછો ફર્યો આજના બનાવની નોંધ કેશર નણંદ માટે પરોપકાર વૃતિથી નણંદોઇને વશ કરવા માટેની જંગલ ઔષધી લેવા જવાનો વિચાર, અભયસિંહની મનાઇ, તેનો કોપ, રીશ, ગાઢ અરણ્ય, દીવો, ઝુપડીમાંની વાતચિત, બ્રાહ્મણ વેશધારીની મુલાકાત, દેવી ભકતનો પાછળ પડવાનો પડછાયો, સાંભરી આવ્યા.

વિચારમાં–મન તરંગમાં આખી રાત પાસાં ઘસ્યાં, કથલા બદલ્યા, પણ ઉંઘ આવી નહી. એવામાં પુર્વ તરફ સહેજ આભાશ થવા આવ્યો, મલસકુ થવાના ચિન્હ દેખાયા. કુકડો બોલ્યો, ત્યારે તેને નીદ્રા દેવીએ પોતાના ખોલામાં–ગોદમાં લઇ લીધી.

નિંદ્રામાં તેને એક ભયંકર સ્વપ્ન આવ્યું " જાણે હું અરબી સમુદ્રના સાગળ જળમાં નાવમાં બેસીને જાઉછું. નાચ સુશોભીત છે જેમાં વસંત રંગના કેશુરીઆં વાવટા ઉડે છે. ખલાસીઓ ગલામાં પુલના હાર ધાલીને ચમનમાં લલકાર હલેસાં મારે છે. પુર્વ નભંમંડલમાંથી સવીતા નારાયણે સુવણ વષ્ટી શરૂ કરી છે, અને તે વષ્ટી સમુદ્રમાં પડવાથી સુવર્ણમાટે દેખાય છે. નભમંડળનો મેધ આ સુ-વર્ણ વૃષ્ટામાં સ્નાન કરવા માટે દોડે છે. એવામાં રાત પડી, સુર્ય તેમજ સુવર્ણ વૃષ્ટી જતી રહી. ગાઢ અંધકાર ફેલાઇ ગયો. ખલા-સીઓ દીશા ઓલખી શકતા નથી. તેઓનું લલકારવું-હર્ષધ્વનિ બંધ થઇ. વસંત રંગના વાવટાઓ ઉતારી નાંખ્યા, પુષ્પમાલા તોડી નાંખી; હવાનુ જોર વધ્યું. ત્રણ ચાર માથોડા જેટલાં ઉચા મોજા આવવા લાગ્યા, તેમાંથી એક પ્રચંડ જટાધારી પુરૂષ નીકલ્યો અને તે મારી હોડીને ડાબા હાથમાં પકડીને સમુદ્રમાંઝોંકી દેવા તૈયાર થયો. એવામાં પેલા બ્રાહ્મણ વેષધારીણીએ આવીને હોડી પકડી રાખી. તેણે મને પુછ્યું. " રાજબાળા, બચાવું કે ડુબાવું ?" અકસ્માત મારા (રાજબાલાના) મુખમાંથી નીકલ્યું " ડુબાડો " તેથી તેણે હોડી છોડી દીધી. હોડી આ બોજો હવે ઉપાડી શકી નહી. રાજબાલાને બેસાડવાને ના કહી હું પાતાલમાં જાઉ છું એમ કહીને રાજબાલાને (મને) પાણીમાં નાંખી દીધી અને પાતાલમાં ચાલી ગઇ ! ! !

પસીનાની લચબોલ થઇને રાજબાલા સ્વપ્નમાંથી જાગી. તેણે આંખો ઉઘાડીને જોયું તો પ્રભાત થયું હતું. સર્વ દ્વાર ઉઘાડાં હતાં;પ્રાતઃકાળનો મંદમંદ વાયુ સ્રોત પ્રવેશ કરતો હતો. રાજબાલા બારીએ આવી તો ત્યાં એક ચીઠી પડેલી જોઇ. તે ઉચકી લીધી અને પુજારી પાસેથી સહેજ જ્ઞાન મેળવ્યું હતું તેથી તે વાંચી:—

" આજે સંધ્યાકાળ પછી કાલે રાતરે મલેલી બ્રાહ્મણ વેષ ધારણીને મલજો. તમારા પોતાના સંબધની ધણી ગુપ્ત વાત કહેવા ની છે. સાંભલવાની મરજી હોય તો જરૂર આવી મલજો ને સાંભલજો "

આ ચીઠી બ્રાહ્મણ વેગ ધારણી તરફથી તેની બારીમાં ફેંકા-યલી હતી, તે વાંચકોને કહેવાની જરૂર નથી.

પ્રકરણ ૨૪ મું.

વહેમ ભરાયો !

" મારે બ્રાહ્મણ વેશીને મળવું ? પતિવ્રતા યુવાની સ્ત્રીએ રાતે અપરિચિત પુરૂષને મળવું જોખમ ભરેલું છે. તેની મતલબ ખરાબ નહી હોવી જોઇએ. સંબંધમાં કાંઇ ખાનગી વાત કહેવાને કબુલ્યું છે. પુરૂષ પુરૂષને મળે અને સ્ત્રી સ્ત્રીને મળે, ત્યારે સ્ત્રી પુરૂષને શુદ્ધાંતઃકરણથી મળે તો શું ખોટું છે ? મારે તેને મળવું જોઇએ. મારૂં કાંઇ કલ્યાણ થશે કે કાંઇ અમંગલ વાત હશે તે કોઇ નકકી નથી. પણ બ્રાહ્મણ વેષીની સાથે જંગલમાં થએલી વાતચિત, દેવી ભક્તનું પાછળ પડવું અને મારૂં સ્વપ્ન અપશુકન યુક્ત છે એવો શક પ્રબળ થાય છે. મારી ખાત્રી છે કે એ બ્રાહ્મણ વેષી દેવી ભકતનો શાથી હોવો જોઇએ, પણ તેની વાતચિતપરથી અનુમાન થાય છે કે તે મારૂં મંગલ કરવામાં—તદન અમંગલ નહી ઇચ્છાતુર છેઃ પણ એમની વચ્ચે હેવી વાતચિતપરથી કોઇના મૃત્યની મસલહત થતી હતી અને મૃત્યુ નહી તો હમેશાંને માટે છુટા પાડવાની વાતચિત તો હતીજ, એમ બ્રાહમણવેષના કહેવા પરથા જણાય છે, અને તેના કહેવા રરથી એમ પણ નકકી જણાય છે કે તે મારો સંબંધની હતી. મારા સ્વપનમાં તો મને તે ડુબતી બચાવવા ઇચ્છતી હતી. પણ મેં તો સ્પષ્ટ કહ્યું હતું કે ડુબાડો. ઠીક મારે તેને મળવું તો જોઇએજ " તેના મનમાં સંકલ્પ વિકલ્પ થયા કરતા હતા.

આખરે તેને મળવાને સંપલ્પ કર્યો- અને તેથી ગૃહકાર્યમાં પરવારી સંધ્યાકાળ થઇ કે જગલ તરફ જવાને તઇયાર થઈ જતી વખતે કઇ જગ્યાએ મળવાને બ્રાહ્મણ વેષીએ લખ્યું હતુ તે જોવાને માટે પાછા ફરીને તે ચીઠી લેવા ગઇ, પણ તેની નિરાશ ઇચ્છે તેને માલમ પડયું કે તેની પાસે જે જગ્યાએ ચિઠી હતી ત્યાં તે હતી નહી. અંએ ઠાથાં જોયું પણ ત્યાં નહોતી બીજા સ્થ સઘળે જોયું પણ પતો લાગ્યો નહી. પછી જે સ્થળે આગલી રાતે મળી હતી તે તરફ જવા માટે નીકલી, એટલે તેની ચરચા જોવાને અદ્રસ્થ રીતે કોઇ પાછલ પડયું.

જ્યારે સાંજે રાજબાલા ગ્રહકાર્યમાં પડી હતી ત્યારે અબોડા-માંથી પેલી ચીઠી જમીનપર પડી ગઈ હતી તેનું તને ભાન નહોતું બીજા કાર્યમાં તે વલગી એટલામાં અભયસીંહ ત્યાં આવ્યો અને પેલી ચીઠી ઉપાડી લઈધી ને વાંચી જરૂર આવી મલજે એ શબ્દથી તેના મનમાં આકુલ વ્યાકુલ થયું, "શું તે પ્રેમની વાત હશે ? બ્રાહ્મ-ણવેષી રાજબાલાનો યાર હશે. ? " આવાં દુષ્ટ શંકિત કલ્પનાથી તેનું મસ્તક ધુમ્યુ અને ખરાબ વીચારો તેના મનમાં ઉમરાવા લાગ્યા.

અન્ય પુરૂષોને પોતાની સ્ત્રી પર ગમે તેવો વિશ્વાસ હોય તો પણ રાતે સ્ત્રી એકલી બહાર જાય અને તેમાં વલી આવી ચિઠી આવે અને તે મલવાને એકાંતમાં જાય તો તેના મનમાં શક ઉત્પન્ન થાય અને તે ક્યાંતો તેને ત્યાં જતા રોકે ખગર અદ્રસ્ય રીતે છુપો તેની હીલચાલ જોવા પાછલ પડે એ નકકીજ છે.

કોઇ મનુસ્ય ચિતામાં પડયુ હોય અને જ્યારે અન્ય પુરૂષ તેને આગ મુકે છે ત્યારે પ્રથમ ધુમાડો થઇને ચોમેરથી શબને ઘેરે છે. દ્રષ્ટી લોપ કરે છે; અંધકાર કરે છે. પછી ધીમે ધીમે લાકડાં ચેતવા માંડે છે. પ્રથમ નીચેથી સાપની જીભ જેવી એકાદ જવાળા આવીને તેના શરીરને સ્પર્શ કરી દંશ કરે છે પછી નિઃશબ્ જવા-ળા—આગના ભડકા ચોમેર દેદીપ્ત ગઇ તેને ઘેર છે અને મસ્તક તથા શબને ચોમેરથી જવાળામય કરી ભસ્મ કરી નાંખે છે. તે પ્રમાણે અભયસીંહને તે ચિઠી વાંચ્યાથી તેમજ થયુ પ્રથમ તે કાંઇ સમજ્યો નહી. પછી સંશય પડયો પછી નક્કી થયુ, અને આખરે બળવા ભડકા થયા અને તેને ઘેરી લીધો, તેનું શરીર હ્રદય ભસ્મ થવા લાગ્યું તેના મનમાં હવે આવ્યું કે રાજબાળા કોઇક વિષયમાં મારૂં કહ્યુ માનતી નથી, અને તેમાં જ્યાં તેને જવાની ના કહેવામાં આવે ત્યાં તે ખચ્ચીયજ જતી હતી, અને અન્ય સાથે છુટથી વર્તતી હતી. વલી કાલે રાતરે મેં ના કહી છતાં તે રાત્રે અરણ્યમાં ગઇ હતી; એકવાર શક ઉત્પન્ન થયો કે તે પછી વીંછીના ડંખ પેઠે વેદના કરે છે. માટે અમારા વાંચક પૈકી કોઇ એવો શક ગખતા નહિ

અભયસીંહ પ્રથમ મુંગો એકાંત સ્થલ બેસી રહયો પછી તેનું હૈયુ ચેરાઇ આવ્યું, પછી જરા રડયો. પાછો આંસુ લુછી સ્થીર થયો. અને તેને પોતાના મનમાં નકકી કર્યું કે આજે રાજબાલા

જ્યારે જાય, ત્યારે તેની પાછલ તેની ચાલ ચલણુ જોવા માટે છુપી રીતે જવું. જો તે મહા પાતકી માલમ પડે તો મારો પ્રાણુ નાશ કરીશ

આ તરફ રાજબાલા જેવી ઘરમાંથી બહાર પડવા જાય છે તેવોજ અભયસીંહ તે જરા દુર ગયા પછી તેની પાછળ જવા તત્પર થયો, એટલામાં રાજબાલા પેલી ચીઠી લેવાને પાછી ફ્રી ત્યારે તે આઘો પાછો થઈ ગયો. વલી પાછી તે ઘરમાંથી બાહાર નીકલી કે તેની પાછલ તેણે અદ્રસ્ય રીતે ચાલવા માંડયું એટલામાં એક કદાવર પુરૂષ બારણું રોકીને ઉભો રહયો.

અભયસિંહની નજર રાજબાળા તરફ હતી, તેના મન તરંગ તેની પાછળ હતા. તેથી તેણે ધકકો મારી પેલા માણુસને ખસેડવા ગચ્છયું, પણ તેને ખશેટી શકયો નહી. ત્યારે તેને ચિડાઇને કહ્યું. "તમે અહીથી ખસો અને મારો રસ્તો છોડો"

હવે તેણે ચક્ષુ ઉઘડયા, અને તેન તાકીને જોતાંજ તેને પેલા દેવીભક્ત તરીકે ઓળખ્યો, અને તે ચમકયો. પણ બીધો નહી.

"રાજબાળા આપને મલવા જાય છે. ? અભયસીહે નીડરતાથી પુછયુ.

"ના, દેવી ભકતે જણાવ્યું.

એટલે તેના હૃદયમાં પાછુ તેલ રેડાયું, અને તે બોલ્યો, "ત્યારે એકદમ રસ્તો છોડો"

"મારે તમારી સાથે સેહેજ વાત કરવાની છે તે તે પ્રથમ સાંભળો" દેવીભક્તે કહ્યું.

"તમારે મારો પ્રાણુ નાશ કરવો છે। તેમ મરજી હોય તો જીવ લો." અભયસિંહે નિરાશથી જવાબ દીધો.

"અરે ! મેં મહાકાલીના બલીદાન માટે મારૂ શરીર કેમ ના આપ્યું ? હાલ હું તેજ અપરાધનું ફળ ભોગવું છું. જેણે મારી રક્ષા કરી હતી તેણેજ મને ડુમાવી દીધો, અને પ્રાણુનાશ કર્યો છે. ને અભયસિંહે મનમાં સંકલ્પ કીધો; અને દેવી ભક્ત તરર ફરીને પાછું કહ્યું "આ વખતે મારાપર વિશ્વાસ રાખો; હું હમણાંજ પાછો ફરીને આત્મ સમપર્ણ કરીશ"

"હું તમારો પ્રાણુ લેવા આવ્યો નથી. દેવીની તેવી ઇચ્છા નથી. હું જે કરવા માટે આવ્યો છું તે તમારી સમ્મતિથી કરીશ, માટે જરા ઘરમાં ચાલો" દેવા ભક્તે કહ્યું.

"મારે જરા જરૂરી કામ છે, હું જઇ આવીને પાછો ફરીશ અને તમારી વાત સાંભલીશ, ત્યાં સુધી બેસો" અભયસિંહે વહેમમાં ચગડોલે ચઢતાં જવાબ દીધો,

"હું સર્વ જાણું છું તમે રાજબાળા પાછળ જવા ધારો છો, તે કયાં જાય છે, જવાની છે તે હું જાણું છું. એ જે જગ્યાએ જશે, તે સ્થળે હું તમને લઇ જઇશ, અને જે જોવા ચાહો છો તે બતાવીશ; પણ હાલ મારી વાત સાંભળો, ને જરાપણ ડરતા નહિ" દેવી ભકતે આશ્વાસન-ધીરજ આપી.

"હવે તમારો ડર નથી" એમ કહીને દેવી ભકતને ઘરમાં લઇ જઇ તેની સામે બેઠો ને બોલ્યો, "કહો, હવે, આપને જે કહેવાનું હોય તે હું શાંત ચિત્તથી સાંભળીશ"

પ્રકરણ ૨૫ મું

બંને શોકયો નીકળી !

દેવી ભકત જયરામે પોતાના બન્ને બાહુ અભયસિંહને બતહેવીને ૨૦ મા પ્રકરણમાં કહેલી વાત તેને કહી. તેના બંને બાહુ કેવી રીતે ભાગ્યા હતા, તેવી સ્થીતીમાં ૨ા દીવસ રહ્યા તે માતાજીના સ્વપનમાં દર્શન, એ કુમારીનું બલીદાન જોઇતું હતું તે, અને તે ના મલે ત્યાં સુધી પુંજા કરવા.ની સખત મનાઇ એ સબંધી વાત તેને કહી.

આવી વખતે બાહુ વગર મને ક્રિયા કરવામાં એક મદદગારની જરૂર હતી. ભોગજોગે આ પાસેના અરણ્યમાંથી એક બ્રાહ્મણ વેષી મલી આવી. રાજબાળાએ અમારા વચ્ચે થયેલી કાંઇક વાત સાંભલી અને આજે તેને મલવાને માટેજ ત્યાં જાય છે તે હું જાણું છુ; તે જો તમારે જોવાની ઇચ્છા હોયતો મારી સાથે ચાલો.

"દેવીના હુકમથી રાજબાળા વધને લાયક છે ભંવાનીની આજ્ઞાથી તેનો વધ કરીશ, એટલા માટે તમે મને તે કાર્યમાં કદદ કરો, તેને પકડી યજ્ઞસ્થાનમાં લઇ ચાલો, અને તમારા હસ્તે તેનું

જાહેર ખબર.

આગગાડી—એ નામનું દરેક એનજીનીયરોને તથા જીનીયરનું કામ શીખવાવાળાઓને હમેશાં પાસે રાખવા જેવું છે. અને તેમાં સવાસો ડ્રોઈંગ આપેલાં હોઈ દરેક ભાગની સમજ આપેલી હોવાથી અતી ઉપયોગી પુસ્તક છે. અને દરેક ખરીદી શકે તેથી કીંમત ફક્ત બે રૂપીઆ રાખેલી છે. ટપાલ ૭ આના જુદું.

મળવાનું ઠે.—દલાલ જેઠાલાલ વાડીલા
ઠે. સારંગપુર તળીઆની પોળ—અમદાવાદ.

નરસિંહ મેહેતો નાવેલના કર્તાનાં નીચેનાં પુસ્તકો તૈયાર છે.

મીરાંબાઈ—ગીરધરલાલજીનાં પ્રેમલ ભક્ત મુલ્ય બાર આના.

સતી દ્રૌપદી—ગદ્યપદ્યાત્મક—મુલ્ય બાર આના.

રતી-રમણ યાને જાદુઈ પ્રેમ—મુલ્ય બાર આના.

રામલીલા—નાટકના રૂપમાં રામાયણનો સાર મુલ્ય એક રૂપીઓ.

આત્મદીપીકા—આત્મજ્ઞાનનો ભંડાર મુલ્ય એક રૂપીઓ.

મળવાનું ઠેકાણું.

અમદાવાદ—દલાલ જેઠાલાલ વાડીલાલ કર્તા પાસેથી ઠે. સારંગપુર તળીઆની પોળમાં

મુંબઈ—બુકસેલર ખત્રી પરસોતમ મુળચંદ. ઠે. ગુલાલવાડી.

સુરત—બુકસેલર ચુનીલાલ મગનલાલ ઠે. લીમડાચોક.

ભરૂચ—બુકસેલર ભાઈલાલ છગનલાલ ઠે. કતોપુરના દરવાજે.